કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

તંત્રી · બચુભાઈ રાવત

વૈષ્ણવમંદિરોમાં પુરાતી રંગોળી 'સાંઝી'માં નારીકુંજરનું આલેખન

બીજાં પુષ્કળ ચિત્રો માટે જુઓ અંદર



આજની કાલનાં નાગરિકોનું માસિક અંક ૪૫૫મો · વર્ષ ૩૮મું અંક ૧૧મો નવેમ્બર ૧૯૬૧

વાચકો લખે છે.......

★ઘણાં ભાઈબહેનો કમરના દર્દથી પીડાતાં હોય છે તે આ બે આસનોથી કંઈક આરામ મેળવી શકે. (આ લેખનો શ્રી કૃષ્ણલાલ ભટ્ટે ચીતરી આપ્યાં છે.) બંને કમરને લગતાં છે. એક છે 'અર્ધચક્રાસન' ને બીજું છે 'શવાસન'.


અર્ધચક્રાસન દુખતી કમરવાળાં ભાઈબહેનોને ઘણું મદદરૂપ થઈ પડશે. જો કે ખાતરી ન આપી શકાય, પણ કદાચ ધીરેધીરે દર્દ કમર છોડી ચાલ્યું જાય. અને જો છોડી ન જાય તો જેવી રીતે દર્દ ચીડવે છે, પજવે છે તેવી જ રીતે આ આસન દ્વારા દર્દને પણ પજવી શકાય. આરામ તો જરૂર મળશે જ.

(૧) જમીન પર ચત્તા સૂઈ જાઓ. પગને ઢીંચણમાંથી વાળી શરીરને પગના ને ખભાના



આધારે કમાન બનાવો, ને ટેકા રૂપે હાથને કમર નીચે મૂકો. માથું, ડોકી જમીનને અડકેલાં રહે. શરૂઆતમાં પગને ઢીંચણમાંથી છૂટા રાખી ધીરે ધીરે જેટલા ઊંચા થવાય તેટલા થાઓ. દરરોજ નિયમિત કરતા રહીને સમય જતાં, મહાવરો પડી જતાં ધીરે ધીરે પગને ઢીંચણથી ભેગા કરી દો.

(૨) કમરના આરામ માટે આ શવાસન (રીલૅક્સેશન ફૉર વેઈસ્ટ) કરો. શવાસનમાં



સૂઈ જાઓ. પછી પગને ઢીંચણમાંથી વાળી પૂંઠ તરફ લાવો. ઢીંચણ અડકેલા રાખો; પગને છૂટા રાખો. હાથને શરીરની પાસે રાખી સૂઈ રહો. હાથને કોણીમાંથી વાળી, આંગળીઓને એકબીજીમાં ભેરવી હથેળીઓ પોલી રાખો. છાતી પર પણ મૂકી શકાય. બે પગની વચ્ચેના ને પગ તથા પૂંઠની વચ્ચેના અંતર માટે આસન કરનારે દરેકે પોતપોતાને આરામ મળે તેટલું અંતર નક્કી કરી લેવું.

શવાસનમા પગ સીધા રહેવાથી કમરના સ્નાયુઓ બરોબર રીલૅક્સ થતા નથી તેથી દુખતી કમરવાળાંઓને આરામ મળતો નથી. આ શવાસનના પ્રકારથી આરામ મળશે.

(પૉંડીચેરી) —અંબુ

આ પત્ર લખનાર ૬૦ વર્ષનો 'કુમાર'નો ચાહક એક મિત્ર છે. આંખે મોતિયા ઊતર્યા છે, ડાયાબિટીઝ અને બ્લડપ્રેશરનો દર્દી છે અને ૧૪ નંબરના ચશ્માં રાખી 'કુમાર' દર મહિને વાંચે છે. ગ્રાહક નથી, પણ પ્રથમ અંક પ્રકટ થયો ત્યારથી ઘણાં વર્ષ સુધી ગ્રાહક હતો. હાલ દર માસની ૧૬-૧૭ તારીખે 'કુમાર' વાંચવા લાયબ્રેરીમાં જાઉં છું ને એટલા જ ઉમંગથી બેત્રણ કલાક તે વાંચી જાઉં છું.

'કુમાર' પ્રકટ થયું ત્યારે હું જંગબાર હતો અને અત્યારે તે પ્રસંગ નજર સામે તરી રહ્યો છે. અમે મિત્રો (જેમા શ્રી જેઠાલાલ જોષી રાજકોટવાળા પણ હતા) સાથે બેસી તેના શરૂના અંકોનો રસાસ્વાદ લેતા ત્યારે કંઈ નવુંનવું લાગતુ. મારી ઉંમર ત્યારે ૨૪-૨૫ વર્ષની હશે.

દેશમા આવ્યા પછી ઘણાં વર્ષ સુધી ગ્રાહક રહ્યો. મારા કુટુંબમા મારા ભત્રીજાઓ ત્યારે અભ્યાસ કરતા હતા. ત્યારે 'કુમાર'માં સ્વ. ગિજુભાઈનાં સ્મરણો, હરિનારાયણ આચાર્યનાં પ્રવાસવર્ણનો, ગામા ત્રિબિરકોના કુસ્તીના લેખો, 'ધૂમકેતુ'ની ઐતિહાસિક લેખમાળા અને દેશળજી પરમારનાં પ્રોત્સાહક કાવ્યો, રવિભાઈની કલા વિષેની લેખમાળાઓ, મેઘાણીની સોરઠી કથાઓ, ચંદ્રવદનનાં કાવ્યો વગેરે આવતાં. આ બધું જ્યારે યાદ કરું છું ત્યારે આનંદ થાય છે. 'કુમાર'ના જન્મથી આજ સુધીની પ્રગતિનો હું સાક્ષી છું.

સમય બદલાયો, વિજ્ઞાનયુગ આવ્યો, મનુષ્યની ભાવના બદલાઈ, મનુષ્યનું દૃષ્ટિબિંદુ વિશાળ થયું, તેમ 'કુમારે' પણ વળાંક લીધો છે એ વાત સાચી છે. જમાના સાથે તમે રહ્યા છો. પણ મારું આટલું નમ્ર સૂચન સ્વીકારશો? 'કુમાર'માં ગુજરાતની ઐતિહાસિક લેખમાળા આવે, જેમાં પ્રાચીન ખંડેરો, કિલ્લા, પાળિયા ને વીરપુરુષોનાં જીવન જાણવા મળે. નવા ગુજરાત રાજ્યનો કાંકરેજ ને થરાદરી પ્રદેશ તો અત્યંત અંધકારમા હતો ત્યાં હમણાં જ સંસ્કૃતિનો દીપ પ્રકટ થયો. તે પ્રદેશના લોકો, ઇતિહાસ, ગામડાં, ઢોર વગેરે ઘણું જાણવા જેવું ને નવા ગુજરાતને આપવા જેવું છે.

ગુજરાતના ભદ્ર પુરુષોની આત્મકથાઓ કુમાર'માં આપવી જોઇએ. ડૉ. જીવરાજ મહેતાથી માંડી સ્વપ્રયત્નથી આગળ વધેલા, ગરીબાઈ સામે યુદ્ધ જગાવી જીવનવિગ્રહ લડી પ્રગતિને પંથે વળેલા પ્રૌઢો ને એવા બીજા ઘણાના અનુભવ નવી પેઢીને આપવા જોઇએ.

'કુમાર'નાં ચિત્રો વિષે મારે કહેવાપણું નથી. હું કલાકાર નથી પણ થોડો પિપાસુ તો છું. 'કુમાર'માં દર માસે પૂઠા પર વૈવિધ્ય હોય છે તેમાં ઘણીવાર સુરુચિ જેવું હોતું નથી. દા.ત. માર્ચનું પૂઠું (ફૂલદાનનું ચૂડકટ) મને કલાની દૃષ્ટિએ નિર્માલ્ય લાગે છે. તે કરતાં મોઢેરાનું સૂર્યમંદિર, રુદ્રમાળ, વડનગરનાં તોરણો, પાટણનાં અસંખ્ય ખંડેરો, સૌરાષ્ટ્રના પ્રાચીન અવશેષો અને સૌથી વિશેષ ગુજરાત-કાઠિયાવાડના રબારી, મેર, કાઠી જાતિનાં વિલોપ થતાં માર્દવ, પ્રચંડ કાયા, અલંકાર ને સૌષ્ઠવ ઉતારી પૂઠાં પર જીવતાં કરો તો શું ખોટું?

હવે તો મારી માફક શ્રી રવિભાઈ, આપ, 'ધૂમકેતુ' ને 'કુમાર'ના ઘણા લેખકો ને વાચકો વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરી ચૂક્યા છો. તેવા જ ઘણા વાચકોના અગાઉના તેમજ અત્યારના ફોટો વગેરે પણ આપી શકો. બહેનો માટેનો શરૂ કરેલો વિભાગ મને ગમ્યો છે.

અંતમા 'કુમાર' દ્વારા આપે ગુજરાતની જ નહિ પણ હિંદની અમૂલ્ય સેવા બજાવી છે ને હિંદના કોઈ પણ માસિક આગળ 'કુમાર'નો આંક પ્રથમ આવી શકે તેમ છે.

Lifeનાં પચ્ચીસ વર્ષ પૂરા થતા અંકમાંના Teed જેવા કોઈ ગુજરાતી સાહસિકની કથામાળાઓ અને નાનાભાઈ ભટ્ટ તથા સ્વામી આનંદ જેવાની આત્મકથા મેળવો તો ગુજરાત ઉપર ઉપકાર થશે.

(પાટણ) —'કુમાર'નો ૬૦ વર્ષનો પ્રેમી

મેં સાંભળ્યું છે કે આંતરડાંનાં ચાંદા (પેપ્ટિક અલ્સર) માટે કોઈ મૂળિયું બહુ જ અકસીર ઈલાજ છે. તો તે કયું મૂળિયું તથા ક્યાં મળી શકે તે આપના વિશાળ વાચકવર્ગમાંથી કોઈ જણાવવા કૃપા કરશે તો આભારી થઈશ. આ સિવાય એ માટે કોઈ અકસીર ઈલાજ હોય તો તે પણ કોઈ વાચકભાઈ જણાવશે તો આભારી થઈશ.

(વડોદરા) —અનિલ દેસાઈ

'છેલ્લું પાનું'માં આવતા બે વિભાગ 'અનેકાર્થી શબ્દ' અને 'કહેવતોના અર્થ' ખરેખર વિદ્યાર્થીઓ ને સાહિત્યરસિકોને ઉપયોગી છે. છૂટાછવા અંકોમાં વહેંચાએલી આ ઉપયોગી સામગ્રી પુસ્તકાકારે પ્રસિદ્ધ કરાય તો સારું.

(અમદાવાદ) —પુરુષોત્તમ પટેલ



આજથી એકત્રીસ વર્ષ પર કુમાર કાર્યાલયમાં આવ્યા ત્યારે



જગતજ્યોત જવાહરલાલ
૧૪મી નવેમ્બરે એમને ૭૩મું વર્ષ બેસે છે
(ફોટો · નરેન્દ્ર રાવળ)

છેલ્લા દોઢ દાયકામાં દુનિયાના ઘણા દેશોમાંથી વડા પ્રધાનો બદલાઈ ગયા છે. રશિયામાંથી ત્રણ ને પાકિસ્તાનમાંથી અરધો ડઝન વડા પ્રધાનો ગયા. આવા પલટાતા જગતમાં જવાહરલાલ વડા પ્રધાન તરીકે સત્તાના કાંટાળા સિંહાસન પર પંદર વર્ષ પૂરાં કરે છે.

નેહરુનું મૂલ્યાંકન આપણે નહિ કરી શકીએ. આપણે એમની એટલા નજીક છીએ કે એ વિરાટને આપણે આપણી નાનકડી આંખમાં સમાવી શકતા નથી.

ભારત સ્વતંત્ર થયા પહેલાં ને પછી એશિયા અને આફ્રિકામાં ઘણા દેશો સ્વતંત્ર થયા છે; પરંતુ તેમાંથી ઘણા કુસંપ, આંતરકલહ અને સત્તાની સાઠમારીના ભોગ બન્યા છે, કારણકે તેમને સમર્થ નેતૃત્વ મળ્યું નથી. નેહરુ જો યુરોપના કોઇ દેશના વડા પ્રધાન બન્યા હોત તો તેમની પ્રતિભા અને પ્રતિષ્ઠા હજી ક્યાંય વધુ ઝળહળતી હોત. ભારતમાં તેઓ શૂન્યમાંથી સૃષ્ટિ સર્જી રહ્યા છે. જ્યારે કોમવાદ, ભાષાવાદ, પ્રદેશવાદ વગેરેના ઝગડામાં રચ્યા-પચ્યા આપણા લોકોનું ક્ષુલ્લક માનસ જોઇએ છીએ ત્યારે વિચાર આવે છે કે આ લોકો નેહરુને, લોકશાહીને કે સ્વરાજને પણ પાત્ર છે ખરા? પરંતુ નેહરુ આ માટીમાંથી પ્રાણવાન અને પ્રગતિશીલ રાષ્ટ્રનું સર્જન કરવા માગે છે અને કરી રહ્યા છે. 'સોડકમ'



'વૃન્દાવન ચન્દ્ર તીજ'
રાજસ્થાની કલા
(લેડી તનુમતિ ચીનુભાઈના સંગ્રહમાંથી . 'અંગના' વાર્ષિકના સૌજન્યથી)

કુમાર · આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૩૮ · અંક ૧૧ · નવેમ્બર ૧૯૬૧ · સળંગ અંક ૪૫૫

ખાલી

· ગાન ·

ખાલીની ભીતર આખું જગ આ ભરાય
બંધુ! તો ય રે રહેતું ખાલી ખાલી:
ભર્યાની કને ન ઠાલું ઠામ કો નિરાળું
ઓરું આવ્યું તે સહુ ય જાય ચાલી.

નીતર્યાં જલ જેવાં વહીએ વણુ રે ઉછાળ
બંધુ! લખની લાખેણી શોભા લહીએ:
તીરની માટીને ભીની કરીએ ભલે રે
એને વળગી ડોળાયાં નવ થઈએ.

આવડી ભુજામાં બાંધ્યો જાય ના સંસાર
બંધુ! આપણે બંધાયાં રે'શું કાલી:
અડકી અડકીને થાય અળગા બે હાથ
ત્યારે વાજતી આનંદરંગ તાલી.

આપણી કાયાને ગણીએ વાંસના રે વેણુ
બંધુ! વ્હાલીડાને હોઠે રે'તી ગાઈ;
ફૂંક રે લાગે ને ટહુકો ગગને રેલાય
સહુને સૂરનાં અમરત મીઠાં પાઈ.

ખાલીની ભીતર આખું જગ આ ભરાય
બંધુ! તો ય રે રહેતું ખાલી ખાલી:
આભના હૈયાની માંહીં ઊઘડે અલખના આ
પલપલ બહુવિધ લાલી.

રાજેન્દ્ર શાહ

દિયો મૌનની દીક્ષા

· ગાન ·

દિયો મૌનની દીક્ષા:
હે મા, આ વાચાળ જીવને
અધિક ઉચિત શી શિક્ષા?—દિયો૦

આ રસનાએ જનમ ધરીને
ઘણી ઉચ્ચરી વાચા:
મિથ્યા વેણ નિરંતર, એમાં
નહીં બધાં યે સાચાં.
અવ માગું મા, એ જ છોભથી
દિયો મૌનની ભિક્ષા!—દિયો૦

કટુક વચન અણજાણ્યાં, જાણ્યાં:
હશે ઇ બહુ વાંકાં;
આ જીવનપાટી પર ઊંડા
પડ્યા, ઘસાય ન આંકા!
રે, પ્રણ કૈં રૂઝવવા આપો
ઘડીક શાન્તિતિતિક્ષા!—દિયો૦

પ્રજારામ રાવળ

બે ઉર

· શિખરિણી ·

હશે એ તે કેવું ઉર?—ધધખતા વેરતણી કો
પ્રચંડ જ્વાલાને વરસ કંઈ ઘેરી, તક મળ્યે
કુરુક્ષેત્રે છુટ્ટી મૂકી ફૂંકી દીધું કૌરવવન,
હણ્યો જુલ્મી દુઃશાસન, પછી પીધું લોહી ગરમ!

અને એ તે કેવું ઉર?!—અયસ ખીલાથી ચરણો
કરો ને જ્યાં પોતે વસતું વળી એ છાતી પણ—સૌ
વિંધાયાં ને રાતું રુધિર વહ્યું ધારા રૂપ ધરી,
'ક્ષમા દેજે એને પ્રભુ'—બસ રહ્યું વાણી ઊચરી!

જશવંત લ. દેસાઈ

ભય કશો?

· શિખરિણી ·

તને મારી કૈંરી ફૂલ શી પ્રીતનો તે ભય કશો?
નર્યું એ તો પીણું મધુર જ; ચડે જો જરી નશો,
થશે થોડી રાતી નયનઅણી, ને આવી જ જશે
ગુલાબી કો નિદ્રા: (ગમી ય જઉં ત્યાં કો સપન શો.)

તુફાનો પ્રીતિનાં સમદર રૂપે હું રમી લઈ
હું તારી નાની શી નદીમહીં પ્રવેશીશ ભરતી-
તણી આછી લહેરે. વરણી કરી જો પાત્ર મૃદુની,
મને પૂરી તેની ફિકર પછી તો માવજતની.

અરે, આ પ્રીતિની ખબર ય તને તો નહિ પડે;
ન પાછો લેશે કે પથ પર નહીં સામી ય મળે;
તહારા પ્રત્યે એ મૂગું વ્યવહરી સ્નિગ્ધ હરખે
હસી રહેશે સૌની તરફ બસ આનંદઊભરે.

ન મસ્તી;વસ્તી તો જરૂર બની રહેશે કદી...કયહીં...;
તને વીંટાયું છે નભ; ખબર છે કે? નડ્યું કંઈ?

ઉશનસ

સંધ્યા ટાણે

· મંદાક્રાન્તા ·

સ્વપ્ના જેવો સરિત-તટ તાપી તણો દૂર જોયો.
જે ન્યાળી હું બહુ વખત બેસી તટે મંન મોહ્યો,
આજે તેનાં તિમિરવરવાં વૃક્ષની બીક લાગે,
ઓળા જોઈ જલપટ પરે જ્યોતની ભીખ માગે
હૈયું મારું: જગતપતિ, આ સૂર્ય તે જિંદગી શું,
ને તેની આ સજધજ બધી માત્ર મૃત્યુ લગી શું?

ત્યાં તો ઊગે પૂરવ દિશથી ચંદ્રમા શ્વેતજ્યોત,
ધોળાએલા ઘર સમ ખૂણેખૂણમાં જ્યોતપોત;
એની જ્યોતે અણુઅણુ દિસે શ્વેત ને દીપ્તિવંત,
ને આ તાપી પ્રવહતી જતા વારિ તે યે જ્વલંત;
સામે ઊભાં તરુવર ફરી રમ્ય આકાર ધારે,
હૈયું મારું પુલકિત થતું દીપ્તિવંતા વિચારે:

જેણે દીધું જીવન રવિરશ્મિભર્યું તે જ દેશે
જીવ્યા કેડે મધુર શશીનું તેજ મૃત્યુપ્રદેશે.

'સરોદ'

બારી કને

· મિશ્ર ·

ક્યારેક તો હે પ્રિય હું ધામેકથી
વાતાયનેથી સ્મૃતિના પ્રવેશીને
ગન્ધેભર્યા વાયુ સમો જ સદ્ય હૈ
ભરી દઈ કોમલ ચિત્ત તાહરું
બનાવતો વ્યાકુલ હૈશ;
ને કશી
મૂકી દઈને નિજ કામ હાથથી
ઊભી થઈ બારી કને ઉતાવળી
ઉઘાડવાને કર ગૌર તાહરો
લંબાવતી આકુલ, જોઉં છું તને.

ને સ્પષ્ટ પેલો તવ કૃષ્ણ, તારા
મૃણાલ જેવા મણિબન્ધની પરે
સંપૃક્ત તારી સ્મૃતિ શો મને ગમે.

તું બ્હાર નીલા નભની નીચે પછી
ઊભેલ કો' એકલ વૃક્ષ, પંથ પે
સુદૂર કોઈ સરતું, ઊડી જતું
પંખી પણે વાયરથી—નિહાળતી
ઊભી રહેશી અહ રિક્ત હૈયે.

પાછા વળેલા પણથી, નિહાળતો,
ઊડેલ પેલી ધૂળમાં સકંપ
સરોજ જેવા મુખને ધીમેધીમે
અદૃશ્યતાના સરમાં તણાતું.

બજી રહી ઝાલર ક્યાંક મંદિરે.
હા,
બારી કને આકુલ ને અશાન્ત
હું યે ઊભો છું પ્રિય સિક્ત હૈયે.

લાભશંકર ઠાકર

· મિશ્ર ·

ખરી પડે જેમ ગુલાબપાંખડી,
કે પર્ણ પીળું સમીરે સરી પડે.
સુગંધ વા ધૂપની વાયુમાં ભળે,
તેવો તરી નિધન-અમૃતમાં વહું હું.

વિજયશંકર કામદાર

જ્યમ મીનની પગલી જલે વર્તાય ના,
ને પંખીનાં પગલાં નભે નિરખાય ના,
ત્યમ માનવીનાં મન કદી પરખાય ના.

'મોહિનીચન્દ્ર'

આપને ચાહ્યાં

આપને ચાહ્યાં અમે ના એટલે:
કે ખરેખર આપનાથી પ્યાર છે;
આપને ચાહ્યાં અમે: જાણો નહિ
કે હૃદયમાં આપ પર ધિક્કાર છે.

મનહર મોદી

નવીન ઉષા

સમયની પોથી કહે છે : નવું પાનું ખોલો; કારણ કે સમયની આંકણીએ આજે નવા વર્ષનું પ્રભાત છે. પણ મને થાય છે કે આપણા ચિત્તમાં, જ્યાં સમય–સ્થળની મર્યાદા નથી ત્યાં, આપણા જીવનમાં એવા નવીન પ્રભાતની કેટલી યે ઉષાઓ દરરોજ પ્રગટે છે તેનો તો આપણે આજની માફક ઉત્સવ માણતા નથી.

આપણા જીવનમાં અમુક મૂલ્યો સ્થાપિત હોય છે, પણ અમુક અમુક વખતે તે મૂલ્યો પોતાનું સ્વરૂપ બદલે છે. હું માનું છું કે આવે વખતે આપણા જીવનમાં નવીન પ્રભાત પ્રગટે છે, પરંતુ આપણે તેની નોંધ લેતા નથી. માત્ર કૅલેન્ડરનું છેલ્લું પાનું આવે ત્યારે જ આપણે નવું કૅલેન્ડર ખરીદવા બહાર પડીએ છીએ ને ચોમેરના વાતાવરણમાં 'આજે કૈંક નવું છે, આજે કૈંક જુદું છે' એવો ભાસ ઉત્પન્ન કરીએ છીએ.

એટલે આજે તો હું એટલું જ કહેવા માગું છું કે જીવનનાં મૂલ્યો બદલાવતી જે અસંખ્ય ઉષાઓ આપણા દરરોજના જીવનમાં પ્રગટે છે તેની સાચી ઉષાનો પ્રકાશ આપણે હમેશાં સચેત સભાન અવસ્થામાં અનુભવતા રહીએ.

વિનોદ કોઠારી

સંપાદન મદદનીશ

જોઇએ છે: 'કુમાર'ની પરંપરાથી પરિચિત, વિવિધ સાધનો પરથી લેખો તૈયાર કરવાની હથોટી ધરાવનાર અને જોડણીશુદ્ધ પ્રૂફ રીડિંગ જાણનાર; ચિત્રકળાની સૂઝ તથા મહાવરો હોય તો પહેલી પસંદગી. ઉંમર, અભ્યાસ અનુભવ ને મહેનતાણાની અપેક્ષા જણાવી લખો.

જાપાન પાસેથી શીખીએ

ઈ. ૧૯૧૬માં કવિવર રવીન્દ્રનાથે જાપાન-યાત્રા કરી. એ યાત્રાના અનુભવોમાંથી એક ટુકડો અહીં એટલા માટે ઉતારું છું કે શાંતિ-મંત્રનો અનવરત ઉચ્ચાર કરનાર આપણી પ્રજાનો એક ખોવાએલો રાષ્ટ્રગુણ ફરી પ્રાપ્ત થવાનો હોય તો થાય.

'એક વસ્તુ નજરમાંથી ખસતી નથી. શેરીઓમાં લોકોનાં ટોળેટોળાં વિચરે છે પણ ક્યારે યે કશી જ ધાંધલધમાલ વરતાતી નથી. એમ લાગે છે કે જાણે આ લોકોને ઘાંટો કાઢીને બોલતાં જ આવડતું નહિ હોય. એમ સાંભળ્યું છે કે જાપાનમાં બાળકો પણ રડતાં નથી. મોટરગાડીમાં બેસીને કોઈ શેરીમાંથી પસાર થતાં જ્યારે રિક્ષાઓને કારણે અટકી જવું પડતું હોય છે ત્યારે શૉફર ધીરજથી માર્ગ ખુલ્લો થવાની વાટ જુએ છે, પણ બૂમો પાડતો નથી કે ગાળો દેતો નથી. રસ્તાની વચ્ચે એકાએક કોઈ બાઇસિકલ અમારી મોટરની સાથે લગભગ અથડાઇ પડી. જો શૉફર હિંદુસ્તાનનો હોત તો આવે પ્રસંગે સાઈકલવાળાને સાત પેઢીની સંભળાવવામાં બાકી ન મેલી હોત. પણ અમારા જાપાની શૉફરે આ બાબતને ધ્યાન પર સુદ્ધાં ન લીધી. અહીં રહેતા બંગાળીઓએ મને કહ્યું કે રસ્તામાં બે વાહનો અથડાઈ પડવાથી ઈજા પહોંચી હોય ત્યારે પણ બંને પક્ષો ઘાંટા પાડવાને કે ગાળો દેવાને બદલે ચૂપચાપ ધૂળ ખંખેરીને ચાલવા માંડે છે!

મને લાગે છે કે જાપાનના સામર્થ્યનું મુખ્ય પ્રભવસ્થાન આ વૃત્તિ છે. નિરર્થક બૂમબરાડા અને કજિયા-કંકાસમાં જાપાનીઓ પોતાની શક્તિ વેડફી નાખતા નથી; અને શક્તિનો દુર્વ્યય થતો નહિ હોવાથી જ્યારે જરૂર પડે ત્યારે એનો અભાવ પણ વરતાતો નથી. શરીર અને મનની આ શાંતિ ને ધૃતિ એ તેમના રાષ્ટ્રીય આત્મસાક્ષાત્કારનો જ અંશ છે. શોકમાં અને વિપત્તિમાં, આવેશમાં ને વેદનામાં કેવી રીતે આત્મસંયમ રાખવો તેની કળા જાપાનીઓ જાણે છે. તેઓ આવા પ્રસંગે દ્રવી જઇને પ્રત્યેક છિદ્ર અને પ્રાણ વાટે વહી જતા નથી. એટલા માટે જ પરદેશીઓ કહે છે કે જાપાનીઓ અકળ છે, અને ખૂબ જ મીંઢા છે.'

(જનસત્તા) —યશવંત શુક્લ

ક્યારેક તો

ચાલનારા ચાલ, રસ્તો સૂઝશે ક્યારેક તો!
દૂઝતાં છાલાં ચરણનાં રૂઝશે ક્યારેક તો!
ઘોમ ધખતા તાપમાં અવિરામ બસ ચાલ્યા જ કર;
છાંયડો તારાં ચરણને ચૂમશે ક્યારેક તો!
હોય છે બેશક, મહારણને ય સીમા હોય છે;
આવશે ઝરણાં પિપાસા બૂઝશે ક્યારેક તો!
આત્મશ્રદ્ધા કોઈને અધવચ નથી રઝળાવતી;
ધ્યેયની સીમા ય આવી પૂગશે ક્યારેક તો!

'વિશ્વરથ'

(ગુજરાત સમાચાર)-ચન્દ્ર→



આજે આપણે દિશા ભૂલી બેઠા છીએ. શરીરને-ઇંદ્રિયોને સુખ આપવામાં પડ્યા છીએ, પણ આત્માને ભૂલ્યા છીએ. દુનિયામાં થયેલી શોધોથી કદી શાંતિ નહિ મળે, પાપ નહિ ઘટે, નિર્ભયતા નહિ પ્રાપ્ત થાય. શરીરની પ્રતિષ્ઠા તરફનું મોઢું વાળી લઈ આત્માની પ્રતિષ્ઠા વધારવી જોઇએ. આત્માની પ્રતિષ્ઠા વધારવા માટે શરીરને કષ્ટ પણ સહન કરવું પડે. મોંઘા બનેલા શરીરને સોંઘું બનાવી જરૂરિયાતો ઓછી અને સાદી કરી સદાચારી બનો.

પરદેશીઓ કહે છે કે ભારત આધ્યાત્મિક ક્ષેત્રે આગળ વધ્યો છે. પરંતુ એ તો પહેલાંની વાત હશે. આજે તો આપણે શરીરની સંભાળ રાખવામાં અને કોઈ પણ ભોગે ધન કમાવામાં પડ્યા છીએ. આજે યુવક-યુવતીઓ બુદ્ધિમાં, સ્ફૂર્તિમાં, તેજમાં આગળ વધ્યાં છે, પરંતુ તેમનામાં સંકલ્પબળ કે નિશ્ચયબળ વધ્યાં નથી. બાળકોમા સારા સંસ્કાર રેડવાની પ્રથમ જવાબદારી માતાની, પછી પિતાની, તે પછી શિક્ષક, અને છેલ્લે સંતજનો—સારી સોબત. આજે મોટે ભાગે માતાઓ અજ્ઞાન છે, પિતાને સમય નથી હોતો, શિક્ષકો સ્થિર નથી- અને સંતજનો પાસે તો કોણ જાય છે?

—રવિશંકર મહારાજ

जीवन्नरो भद्र शतानि पश्येत

એ સૂત્રની પ્રતીતિ કરાવતા, અનંત આફતોમાંથી તરી નીકળેલા એક સદૈવ આશાવંત અને પુરુષાર્થી તરુણનું પ્રેરક જીવનચિત્ર

ગિલ અલરોય



૧૯૫૯ના જૂન માસમાં ન્યૂયૉર્કની સિટી કૉલેજમાં ૨૩૩૪ વિદ્યાર્થીઓએ એક અપૂર્વ પદવીદાન સમારંભ ઊજવ્યો : ત્રીસ વર્ષની મોટી વયનો એક રુમાનિયન જુવાન ગિલ રૉય દરેક વિષયમાં પ્રથમ ('એ') ચિહ્ન મેળવી એ કૉલેજની એકસો બાર વર્ષની હયાતીમાં, અગાઉ થઈ ગએલા શ્રેષ્ઠ વિદ્યાર્થીઓના સર્વ ગુણાંકને વટાવી ગયો હતો. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનેલા અને અહીંથી નીકળીને મોટામાં મોટા વિદ્વાન પ્રોફેસરો થએલા તેમનાથી પણ તે વધી ગયો હતો!

અને આજ સુધીની તેની જીવનકથની સાંભળીએ તો તો ખરેખર લાગે કે તેના જેવો નસીબનો બળિયો દુનિયામાં બીજો કોઇ નહિ હોય. જીવનમાં આવી પડેલી અકલ્પ્ય આફતોની પરંપરામાંથી, જાણે પ્રારબ્ધે જ એને જીવતો રાખ્યો હતો. નાઝીઓનું એ નિશાન બનેલો, આરબોના તોપમારા વચ્ચે મુકાએલો, મડદાંઓની ખાડમાંથી બચેલો, મજૂરી માટે ગુલામો શોધનારા રશિયનોના પંજામાંથી છટકેલો,—આવું વર્તમાન ઇતિહાસમાં નાસભાગના અજબ પ્રકરણ જેવું એનું જીવન મૃત્યુને આજ સુધી પડકારતું જ આવ્યું હતું.

સર્નોતી (Cernauti) નામના એક રુમાનિયન નગરમાં કેશકર્તન (હજામ)ની દુકાન ધરાવતા જ્યૂ દંપતીનો તે એકનો એક પુત્ર. બચપણથી જ તેનામાં પ્રતિભાનો ચમકાર દેખાયો હતો. પાંચમે વર્ષે તો તે રુમાનિયન, જર્મન અને ફ્રેંચ વર્તમાનપત્રો વાંચી શકતો હતો; અને આઠ વર્ષનો થયો ત્યારે છ ભાષાઓ સરળતાથી બોલી શકતો. શાળાજીવનમાં તેનાથી મોટી વયના વિદ્યાર્થીઓ વચ્ચે તે દરેક વિષયમાં, દરેક વર્ગમાં અને દરેક શાળામાં પહેલો જ રહેતો!

ઈ. ૧૯૪૯ના જૂનની ૨૮મીએ રશિયનોએ રુમાનિયાને પૂર્વ યુરોપમાં ખેંચી લેવા તેનો કબજો કર્યો ત્યારે આ લોકોની દુકાન પણ જપ્તીમાં લીધી. ફરજિયાત મજૂરીના દળમાં વહાણે ચડાવી દેવાની બીકે બાર વર્ષનો ગિલ જંગલમાં નાસી ગયો. ૧૯૪૧માં હિટલરે સ્ટાલિન સામે ફરવી તોળ્યું અને જર્મન લશ્કરોએ ઑસ્ટ્રિયા સોંસરા નીકળી રશિયા સામે મોરચો માંડ્યો તેમાં સર્નોતી શહેર તેમના હાથમાં ગયું. વિજયના મદમાં ચગેલા જર્મનોએ ત્યાં પણ લાલ યહૂદીઓને પકડવા માંડ્યા. તેમાં ગિલની વાદળી આંખો અને શુદ્ધ જર્મન બોલવાની શક્તિ જોઇ તેને શુદ્ધ 'આર્યન' ગણી જવા દીધો. પણ કુહાડાનો હાથો બનેલા એક રુમાનિયને તેને પડકાર્યો એટલે ગિલ નાઠો. પાછળ પડેલા ત્રણ જણે મળી તેને પકડ્યો અને બંદૂકના કુંદાથી ખૂબ માર માર્યો. તેમાં એક જણે તો તેના નાક પર કુંદો ઠોકી તેને છૂંદી નાખ્યું અને લોહી નીંગળતી હાલતમાં તેને તેમની ટ્રક ઉપર ઝીંક્યો.

એ વાહનમાં નાખી પ્રુથ નદી ઉપર બીજા ૨૦૦૦ કેદીઓ સાથે તેને પાવડા-કોદાળી લઈ ખાઇઓ ખોદવા પહોંચાડ્યો. પણ જેવી ખાઇઓ તૈયાર થઈ તેવો જ તેને કિનારે બધાને હારબંધ ઊભા રહેવા હુકમ થયો. એટલે એ સૌને કોતરી રહેલો શક પાકો થયો કે તેમના જ હાથે એ તેમની કબરો ખોદાઈ રહી હતી! આથી કોઈ ચક્રમ બની નાઠા, કોઈ કરગરવા લાગ્યા, કોઈ જડ બની ઊભા અને મનમાં પ્રભુને સંભારવા લાગ્યા. દસ મિનિટ મશીનગનમાંથી તડાતડ ગોળીઓ છૂટી અને એમનાં સંખ્યાબંધ શબ ખાઇઓમાં પછડાયાં.

ગિલને પગમાં વાગ્યું અને તે બેભાન બની પાછળ ખાઈમાં ઊછળી પડ્યો. માથામાં ગોળી વાગેલા બે માણસો તેની છાતી પર ખડકાયા. અંધારું થયું ત્યારે કેટલાક ગામડિયા કંઈક લૂંટ મેળવવા આવેલા તેમનો અવાજ તેણે સાંભળ્યો. તેમણે તેની છાતી પરનાં મડદાં ખસેડ્યાં ત્યારે તેણે આંખ ખોલી. અને એણે જે કરુણ દૃશ્ય જોયું તે ન ભુલાય એવું હતું. સ્ત્રી-પુરુષો-બાળકોનાં શબોનો મોટો જંગી ઊકરડો ઠલવાયો હતો, ને માથું ફાટી જાય એવી દુર્ગંધ ફેલાએલી હતી. આ તે સ્વપ્નું હતું? શું માણસો માણસજાત પ્રતિ આવું ચંડાળ કૃત્ય કરી શકતા હશે!

પેલા ગામડિયાઓએ તેને ઢંઢોળી ઊભો કર્યો ને ઇનામની લાલચે રુમાનિયન પોલીસ આગળ લઈ જઈ તેને ખડો કરી દીધો! પણ પોલીસે તો કહ્યું: 'આને યે સૌની સાથે મરવા દેવો હતો ને!'

ગિલને તો પોતે મોતમાંથી બચ્યો એમ લાગ્યું; પણ નાકે લોહીનો ગઠ્ઠો બાઝ્યો હતો અને અંદર આકરા તાવે ધમધમતો હતો. છેવટે પોલીસે તેને સારવાર અને મલમપટ્ટા માટે દાક્તર પાસે મોકલ્યો અને પછી જેલમાં ધકેલી દીધો. એવામાં અકસ્માત તેનાં માતા-પિતાને તેના આ ઠેકાણે હોવાનો પત્તો મળી ગયો. કોઈ જાણીતા પોલીસની મદદથી તેને જેલમાંથી છોડાવી તેઓ ઘેર લાવ્યાં અને તેની માએ તેની સારવાર કરવા માંડી.

એમાં એક વાર નશામાં ચકચૂર ત્રણ સૈનિકો ઘરમાં ધસી આવ્યા. માબાપે સમયસૂચકતા વાપરી ગિલના ઉપર કપડું ઓઢાડી દીધું અને થોડી મીણબત્તીઓ સળગાવી તેના માથા આગળ મૂકી. સૈનિકોએ જોયું કે પોતે કોઈ મોતના બિછાના પર ધાડ લાવ્યા હતા, એટલે તરત બહાર નીકળી ગયા અને ગિલનો ફરી બચાવ થઈ ગયો!

થોડા વખત પછી જર્મનોએ સર્વ બચી ગએલા યહૂદીઓને ઘેટ્ટોમાં ભેગા કરવા માંડ્યા. પછી એમાંનાં ઘરડાંઘરડાંને ગૅસચેમ્બરમાં તુરત ખલાસ કરવા જુદા પાડ્યા અને જુવાનોને યુદ્ધની મજૂરીમાં રોકી લીધા. એક રાત્રે ગિલ ખાવાનું શોધતો રખડતો હતો ત્યાંથી અચાનક એ લોકોને હાથે ઝડપાઈ ગયો. તેને માર પડ્યો અને પછી સખત મજૂરીના થાણામાં મોકલી દેવામાં આવ્યો. ત્યાં તેણે જોયું કે તેમાંના સો માણસો જીવન હારી નસીબને શરણ થતા હતા. નાસવાનો લાગ હોય તોપણ પ્રયત્ન કરે નહિ એવા હતાશ ને લાચાર બની ગયા હતા. ગિલે વર્ષો પહેલાં આંદ્રે માલરોની 'માણસનું નસીબ' નામની એક



સૈનિકોએ તેને મૂએલો ધારી લીધો

ચોપડી વાંચેલી તેની જબરી છાપ તેના મન પર હતી. તેમાં તેણે બતાવ્યું હતું કે 'પાતાળમાં ચપાએલા મનુષ્યે પણ આઝાદીની આશા છોડવી ન જોઇએ.' અહીંની નાઝી સિતમગીરીમાથી છૂટવા માટે તેણે માલરોનું આ પ્રેરણાવાક્ય ઉપયોગમાં લીધું, અને થોડા જ દિવસોમાં તે ત્યાંથી છટક્યો ને પોતાના જ ગામના એક યહૂદી કુટુંબને સરકારી કામ માટે છુટકારો મળ્યો હતો તેમના ઘરમા જઇને છુપાઈ રહ્યો.

એવામાં એક વાર તે ફરી પાછો પકડાઈ ગયો ત્યારે બનાવટી નામ આપ્યું. આથી નાસી છૂટેલા ગુનેગાર તરીકે ગોળીબારથી તો બચ્યો, પણ એ નવા નામે તેને ફરજિયાત મજૂરદળમાં ફરી ભરતી કરી દેવામાં આવ્યો. ત્યાંથી તે ફરી નાઠો ને ફરી પાછો ઝડપાયો, અને તેને બીજી છાવણીમાં મોકલવામાં આવ્યો. ત્યાંથી તે ત્રીજી વાર નાઠો અને પોતાના ગામ ભેગો થયો. ત્યાં તેણે જાણ્યું કે કેટલાક આગળ વધેલા વિદ્યાર્થીઓ માટે ટૂંકો અભ્યાસક્રમ રાખી ડિપ્લોમા આપવામાં આવે છે. ભણવાની તેને એટલી ધગશ હતી કે ખરું નામ જાહેર કરવાનું જોખમ ખેડીને પણ તે શાળામાં ભરતી થઈ ગયો. લડાઈના ગૂંચવાડાઓ એટલા બધા હતા કે તેનો છુટકારો થવા બાબત તેણે ચલાવેલી ગપ સૌએ માની લીધી. શિક્ષકોને તો ખબર જ નહોતી કે તે ત્રણ વાર ભાગી છૂટેલો કેદી હતો!

૧૯૪૪ના જૂનમા તેના વર્ગમાં તે પહેલે નંબરે પાસ થઈ ગયો; પણ એવામા નાઝીઓને ખબર પડી કે મજૂરી-દળમાંથી નાઠેલા કેટલાક તરુણ કેદીઓ પણ શાળામાં ગોઠવાયા છે, એટલે તેમણે એ બાબતની તપાસ ચલાવી. તેમાં ડિપ્લોમા પાસ કરેલા વિદ્યાર્થીઓની યાદીમાં તેમણે ગિલનું નામ જોયું એટલે તેને ગિરફતાર કરી રૂમાનિયામાં બાંધેલી સખત બંદોબસ્તવાળી જેલમાં પૂરી દીધો.

ત્યાં યહૂદી ગુલામો, મજૂરો, રશિયાના યુદ્ધકેદીઓ અને રૂમાનિયાના રાજકેદીઓ સુદ્ધાં રોજના પંદર પંદર કલાકની સખત મજૂરી કરી મોરચાનું બાંધકામ કરતા. તેમને માટેનાં વસવાટ ભૂગર્ભમાં કોતરેલાં ગંદાં અનારોગ્યમય અને મલપૂર્ણ પિંજરા હતાં. ભૂખમરાથી ને ક્ષયથી રોજ ઘણા માણસો પટકાઈ જતા. પણ ગિલની આશા અણનમ હતી.

એક દિવસ તેણે એક શત્રુ અફસર સાથે વાત જમાવી. ભાષા ઉપરના તેના કાબૂ જોઈ તે છક થઈ ગયો. ગિલે કહ્યું કે વિશ્વયુદ્ધમાં પોતાના પિતા ઑસ્ટ્રિયા તરફથી લડાઈમાં ગયા હતા, ત્યારે તે તેનો મિત્ર બની ગયો અને ગિલને ખાનગીમાં થોડો ખોરાક તથા સિગારેટ આપ્યાં. સ્વસ્તિક ચિહ્ન ધારણ કરનારાઓમાં પણ આવો એકાદ ભલો માણસ મળી શક્યો એ ગિલને મન મોટું સુભાગ્ય હતું. એને નાઝીઓ લેશમાત્ર ગમતા નહોતા અને ખુલ્લંખુલ્લા તે આ વાત કરી તેઓ યુદ્ધમાં હારી જાય એવી પ્રાર્થના કરતો. પણ તેથી કાંઈ કોઈ કેદીઓ માટે હવે આશા રહી નહોતી. છાવણીના સેનાપતિએ તો પ્રતિજ્ઞા કરી હતી કે રશિયનો આવી પહોંચે તે પહેલાં આ સૌને એકએક કરીને ખતમ કરી નાખવા.

આ વાત પરથી ગિલે હિંમત કરી પેલા નાઝી સિપાહીને પૂછ્યું: 'મને નાસી છૂટવામાં મદદ કરશો? બીજું કાંઈ નહિ, મને માત્ર એક જર્મન યુનિફૉર્મ (પોશાક) મેળવી આપો.' પેલો તો આ હિંમતભરી માગણી સાંભળીને ચમકી ગયો, પણ થોડા દિવસ રહીને મદદ કરવાની હા કહી. એથી દુષ્ટ નાઝીઓની નોકરી કર્યાના ગુનાનું થોડું પ્રાયશ્ચિત્ત થશે એમ તેણે માન્યું. એણે યુક્તિ કરીને બીજા કેદીઓથી દૂર આવેલા એક કોઠારિયામાં ગિલની બદલી કરી, ને એક રાત્રે બારણાનું તાળું ખોલી એક બંડલ ફેંકી ગયો. એમાં એક નાઝી સિપાહીનો પોશાક હતો. ગિલે હવે ઠેઠ સવાર પડવા દીધી. તે વખતે મુખ્ય રસ્તા પર નાઝી ચોકીદારો બદલાઇને રૂમાનિયનોની ચોકી આવતી હતી.

જર્મનો કરતાં રૂમાનિયનો પર ઠીક રૂઆબ પડશે, એમ ધારી ગિલ દરવાજા તરફ ચાલ્યો. તે વખતે પણ મનમાં માલરોના પુસ્તકનાં પ્રેરણાવાક્યો યાદ કરી હિંમત અને આત્મવિશ્વાસ ટકાવ્યાં. દરવાજે પહોંચીને મોટે અવાજે જર્મન ભાષામાં દરવાજો ઉઘાડવાનો તેણે હુકમ કર્યો, એટલે પેલાઓએ ઝડપથી ઊભા થઈ હુકમને તાબે થઈ બારણું ખોલી આપ્યું. તેમને એટલો પણ વિચાર આવ્યો નહિ કે આવડો નાનો તે કોઈ અમલદાર હોઈ શકે?

પછીથી એ શહેર રશિયનોના હાથે મુક્ત થયું તે અગાઉ તો પેલા સેનાપતિની પ્રતિજ્ઞા પ્રમાણે ગિલના બધા સાથીઓની કતલ થઈ ચૂકી. પોતાના મદદગાર પેલા ઑસ્ટ્રિયનનું શું થયું તે પણ જાણવા મળ્યું નહિ.

ઘણે દૂર નીકળી ગયા પછી તેણે જર્મન પોશાકનો ત્યાગ કર્યો ને બાજુમાં પોતાના મિત્રો હતા તેમને જઈ મળ્યો. પણ ત્યાં રૂમાનિયન સૈનિકો કોઈ રશિયન વિમાની સૈનિકોની શોધ કરતા હતા તેમાં રખડતો ગિલ તેમને હાથ ચડી ગયો, અને એ સાદા શહેરી પોશાકમાં લાલ સેનાનો કોઈ પૅરાટ્રુપર છે એમ ગણીને જેવીતેવી કોર્ટમાર્શલ કરી તેને ગોળીએ દેવાનો તેમણે હુકમ કર્યો! છેવટની આવી અતિ નિરાશામાં પણ હિંમત ન હારતાં ગિલે એ ગામના એક ઉદ્યોગપતિ પોતાની પહેલાંની ઓળખાણનો હતો તેને પોતાના સંકટના સમાચાર મોકલ્યા. એક દિવસ સવારે ત્રણ ચોકીદારોએ તેને ઓલીમાંથી બહાર બોલાવ્યો ને બહારના ચોગાનમાં લઈ ચાલ્યા. એણે જાણ્યું કે હવે અંજામ નક્કી છે. પણ ત્યાં તો જાણ્યું કે તેને ત્યાંથી કાઢીને તેના ઉપકારક પેલા ઉદ્યોગપતિના હવાલામાં મૂકવામાં આવ્યો છે.

થોડા જ વખતમાં બાજુમાં લાલ લશ્કર વળતો હુમલો લઈ આવ્યું. ગિલને માટે તો આ પણ કાંઈ મુક્તિસેના નહોતી, પણ એક જાલિમને બદલે બીજો જાલિમ હતો. એવામા તેને ખબર મળ્યા કે ગામના લોકોને સોવિયેટ યુદ્ધસરંજામનાં કારખાનાંમાં વેઠે પકડી જવામાં આવે છે, એટલે ફરી નાસભાગ કરવાની તેને જરૂર પડી. પેલા ઉદ્યોગપતિએ તેને હંગેરિયન પાસપોર્ટ મેળવી આપ્યો અને રેડ ક્રૉસની આંતરરાષ્ટ્રીય બાંહેધરી નીચે પૅલેસ્ટાઈન જતા એક યહૂદી સંઘમાં તે જોડાઈ ગયો. તેમની સાથે તે યહૂદીઓના પુરાણા માદરેવતનમાં પહોંચી ગયો અને ત્યાં બીજા વિશ્વયુદ્ધના અંતનો ઉત્સવ માણ્યો. (અનુ. પૃ. ૪૦૧)

ત્રણ પેઢી પહેલાંની વાર્તા

અસ્તરાના હાથાનો બોધપાઠ

ચુનીલાલ વર્ધમાન શાહ

સુવર્ણપુર રાજ્યની સામે બહારવટે નીકળેલા કાઠીઓને જેર કરવાને કંપની સરકારે મોકલેલું લશ્કર થાણું નાખીને એક મહિના સુધી રહ્યું, પણ તેણે કશી કામગીરી કરી બતાવી નહિ અને લશ્કર ઊપડી ગયું, તેથી દીવાન નંદરામને ખેદ થયો. કામગીરી ન નીપજી તેનું કારણ કૅપ્ટને એવું બતાવ્યું કે, બહારવટિયા અને રાજ્ય વચ્ચે સમજૂત થઈ શકે તેમ છે, એટલે લશ્કરી પગલાં લેવાનું એ તબક્કે સરકારને વાજબી ન લાગવાથી હુકમમાં ફેરફાર કરવામાં આવ્યો છે ને લશ્કર વધુ કામગીરી કરવાનું બંધ રાખે છે; પણ નંદરામ તો સમજી ગયો હતો કે બંદરકાંઠાની જમીન સરકારને આપવાની આનાકાની કરવામાં આવી તેની આ અસર છે. જયવંતસિંહે જમીન બાબતમાં અડગ રહી, પોતાની સલાહ માની નહિ, તેથી નંદરામને જે નિરાશા ઊપજી હતી, તે કરતાં વધારે બાર્નવેલના આ કાર્યથી ઊપજી.

છતાં નંદરામને બાર્નવેલ સાહેબની ઉદારતા પર શ્રદ્ધા હતી. તેણે જયવંતસિંહને કહ્યું: 'ધાર્યું કામ ન થયું, પણ હજી હું નિરાશ થયો નથી, મહારાજ! બાર્નવેલ સાહેબના સ્વભાવથી હું પરિચિત છું. હમણાં તો નહિ પણ બે-ચાર માસ જવા દીધા પછી હું એક વાર રાજકોટ જઈશ અને સાહેબને મનાવી આવીશ.

જયવંતસિંહે કહ્યું: 'ઠીક છે, યત્ન કરી જોજો; પણ હવે મને એ વાતનો હર્ષશોક નથી. અમારાં બાવડાંમાં પૂરું બળ નથી ત્યારે જ બહારવટિયા અમને રંજાડે છે ને? અને તેથી જ કંપની સરકાર એક હાથે મદદ આપવાનું કહીને બીજે હાથે અમને વધુ નબળા બનાવવા મથે છે ને? એ સોદામા ઝાઝો માલ નથી. જવા દો એ વાત!'

નંદરામે કહ્યું: 'સરકાર આપણને નબળા બનાવવા માગે છે એવું ન સમજશો. અંગ્રેજ લોકો હમેશાં વિકાસને—ખિલવણીને માને છે. આપણે લોકો પુરાણપ્રિય—સ્થિતિચુસ્ત હોવાથી જુનવાણીપણાને વળગી રહેવાની ટેવવાળા છીએ. બાકી, આપણે અજ્ઞાનના અંધકારમાંથી બહાર નીકળીએ તેમાં પોતાનો હાથ ધીરવાનો સરકારનો આશય છે એમાં મને તો જરા ય સંશય નથી.

'આપણે આપણા હિતની વાત ન સ્વીકારીએ એવા મૂર્ખ નથી, પણ હિત શેમાં અને અહિત શેમાં એ પણ આપણે જો સરકારની આંખે જ જોવા-સમજવાનું હોય તો એ કેમ પોસાય દીવાનજી? છતાં આપણે વિચાર કરીશું...હાં, સાંભર્યું. હમણાં એક દરજી આવ્યો'તો તેને મેં તમારી પાસે મોકલ્યો છે. તે કાંઈ ફરિયાદ કરતો'તો.'

'કચેરીમાં બેઠો હશે; હું ત્યાં જ જાઉં છું. અત્યારે તો ઘેરથી સીધો આહીં આવ્યો છું.' નંદરામ ઊઠ્યો અને ચાલતો થયો.

રાજ્યનો દીવાન ત્યારે રાજાના સર્વ કાર્યભારને ઉકેલનાર મુખ્ય માણસ લેખાતો. એ રાજ્યપ્રકરણ તો સંભાળતો જ, પણ રાજાના અંગત સંબંધો વિષે ય સલાહકાર બનતો. જનાનખાનામાં ઊભી થતી ગૂંચવણો તે ઉકેલતો, પ્રજાની દાદ-ફરિયાદ તે સાંભળતો અને ઈન્સાફ પણ કરતો. તે મૃત્યુદંડ સિવાયની સજાઓ કરી શકતો અને અપરાધીને તુરંગમાં કે હેડમાં પૂરી શકતો. રાજ્યની નાણાં-પ્રકરણની સ્થિતિ પર ધ્યાન આપવાની ને રાજાને જોઈતાં નાણાંની સગવડ કરી આપવાની પણ તેની ફરજ મનાતી. બધાં કામકાજમાં તેને વિશ્વાસુ મદદનીશો મળતા, પરંતુ કુલ જવાબદારી દીવાનની જ મનાતી.

નંદરામ કચેરીમાં જઈને ખેસ-પાઘડી ઉતારી ગાદી પર બેઠો કે તુરત નોકરે આવીને કહ્યું: 'સાહેબ, એક દરજી કાંઈ ફરિયાદ કરવા ક્યારનો ય આવીને બેઠો છે; બોલાવું?'

'હા, બોલાવ.' થોડી વારે ત્રીસેક વર્ષની વયનો, બાંધી દડીનો એક જુવાન દાખલ થયો. તેણે માથે કિરમજી રંગનો રેશમી ફેંટો બાંધ્યો હતો, ઊજળું બાલાબંધી અગરખું પહેર્યું હતું, હાથની આંગળીઓ પર સોનાની બે વીંટીઓ અને કાંડે પોંચી પહેરી હતી.

તેને નિહાળી રહીને નંદરામે પૂછ્યું: 'શી ફરિયાદ છે તમારી?'

'સાહેબ! જુઓ આ મારું ધોતિયું! નગરશેઠે તે બજાર વચ્ચે ચીરી નાખ્યું!

'કોણે? ઠાકરશી શેઠે? શા માટે ચીરી નાંખ્યું? તમે કાંઈ ગાળબાળ દીતી'તી?'

'ના, સાહેબ, ના! હું તો મૂગોમૂગો બજારમાં ચાલ્યો જતો'તો. શેઠ પેઢી પર બેઠા'તા, તેમણે મને જતો જોઇને બોલાવ્યો. હું ગયો અને તેમની સામે ઊભો રહ્યો એટલે મને પૂછ્યું: 'મેરાઇ! ક્યાંના રહેવાસી છો?' મેં કહ્યું: 'હું અહીંનો, સુવર્ણપુરનો જ છું, પણ મુંબાઈમાં રહું છું. ત્યાં સાહેબલોકનાં અને ગોરા લશ્કરનાં કપડાં સીવું છું.' પછી તેમણે મારા ધોતિયાની રેશમી કિનાર હાથમાં લઇને કહ્યું: 'વાહ, કિનાર રૂપાળી છે હો!' એમ કહેતાંક દાંત કચકચાવીને બેઉ હાથે કિનાર સાથે ધોતિયું ચીરી નાંખ્યું ને બોલ્યા: "જાવ, મેરાઈ! ફરીથી જો આ કપડે બજારે નીકળશો તો આ રેશમી ફેંટાના ય ચૂંથા થઈ જશે"! સાહેબ! આ શેઠિયા લોકોનો અમારા પર આવો જુલમ?'

નંદરામ વિચારમાં પડી ગયો. દરજીનું ધોતિયું ફાટેલું હતું અને તે કહેતો હતો તેમાં જરા ય જૂઠાણું લાગતું નહોતું. નંદરામને શેઠનું વર્તન અણગમતું લાગ્યું, પણ શેઠને ઠપકો આપવાની હિંમત પોતે ચલાવી શકે એમ લાગ્યું નહિ. તેણે કહ્યું: 'ઠીક, મેરાઈ! અત્યારે તમે જાઓ. અમે તપાસ કરીશું અને જરૂર પડશે તો તમને ફરી બોલાવીશું.'

દરજી બોલ્યો: 'આ વાણિયા લોકો પૈસાના જોરે ધુમાડે ગયા છે, સાહેબ! અમે ગરીબ લોક સારું કપડું પહેરીએ તે એમનાથી ખમાતું ન હોય તો રાજાએ એમની આંખોમાં રાઇ ભરવી જોઇએ!'

નંદરામ કડક થઈ બોલ્યો: 'તમારી સલાહ અમે નથી માગતા, મેરાઈ! જાઓ, ફરી બોલાવ્યા વિના આવશો નહિ.'

દરજી જતો રહ્યો. નંદરામ નગરશેઠના વર્તન પાછળના તેમના માનસને સમજી શકતો હતો, પણ હવે આ પ્રકરણ કેવી રીતે હાથમાં લેવું તેના વિચારમાં તે પડ્યો. શહેરમાં જ નહિ પણ રાજાના દરબારમાં ય નગરશેઠનું સારું માન હતું.

સવાર પડતાં નંદરામે સાંભળ્યું કે રાત્રે દરજીની ન્યાત લક્ષ્મીનારાયણના મંદિરમાં એકઠી થઈ હતી અને રાજાજી હવે કેવો ઇન્સાફ આપે છે તે જોયા પછી શું કરવું તેનો વિચાર કરવાની હતી.

દાતણપાણીથી નિવૃત્ત થતાં જ નંદરામની સામે વાળંદ આવીને ઊભો રહ્યો; પણ તે ગોકળ નહોતો—કુબેર હતો. નંદરામે પૂછ્યું: 'કુબેર, તું કેમ આવ્યો? ગોકળ ક્યાં ગયો?'

'ગોકળને તાવ આવ્યો છે, એટલે તેણે મને કહ્યું કે આજની પાળી તું દીવાન સાહેબને ત્યાં જઇ આવ, એટલે હું આવ્યો.'

કુબેર રાજાજીનો ખાસ વાળંદ હતો.

'ઠીક, જા, પેલી પરશાળમાં બેસ.'

કુબેર પરશાળ તરફ વળ્યો કે તુરત ચાકરે નંદરામને બેસવા માટે આસન પાથર્યું, પાણીનો લોટો લાવી કુબેરના હાથ ધોવડાવ્યા, સાબુની ગોટી મૂકી અને વાડકીમાં પાણી રેડયું. કુબેરે પોતાની ચામડાની થેલીમાંથી સામગ્રી બહાર કાઢવા માંડી. નંદરામ આસન પર જઇ બેઠો અને કુબેરની હજામતની સામગ્રી જોઈને છક્ક થઈ ગયો.

જરીના વેલબુટ્ટાવાળું પાથરણું તેણે પાથર્યું. ચાંદીના નકસીદાર ચોકઠાની વચ્ચે લંબગોળ કાચનું દર્પણ જડેલું હતું. તલવારની ગજવેલમાંથી બનાવી હોય તેવી ચમકદાર કાતર અને નરેણી હતી. કોતરણીવાળા હાથીદાંતના કચોળામાં તેલ ભર્યું હતું. રૂપાની અર્ધચંદ્રાકાર કિનારીથી મઢેલો સીસમનો કાંસકો હતો અને સોને મઢેલા નકસીદાર હાથાવાળો સુંદર અને સ્વચ્છ અસ્તરો હતો.

આ બધું જોઇને નંદરામ ખુશ થયો. તેના ખયાલમાં આવી ગયું કે કુબેર રાજાજીનો વાળંદ હતો, આ સામગ્રી રાજાજીની હજામત કરવા માટેની હતી, અને રાજાનો વૈભવ વાળંદની સામગ્રીમાં પણ પ્રતિબિંબિત થવો જોઈએ એવી માન્યતામાં ગૌરવ માનનારો કુબેર પોતે હતો.

નંદરામે પ્રસન્ન વદને પૂછ્યુ: 'હેં કુબેર, રાજાજીની હજામત તું આ બધી સામગ્રી વડે કરતો હોઈશ, ખરું ને?'

'હા, સાહેબ!'

'તું સુંદર સામગ્રી રાખે છે હોં! આવો સુંદર અસ્તરો કેટલો વખત ચાલતો હશે?' નંદરામે મનનું કુતૂહલ શમાવવા પૂછ્યું.

'આ અસ્તરાથી તો ફક્ત રાજાજીની જ હજામત કરું છું. વરસ-સવા વરસથી વધુ ન ચાલે.'

'બસ? આવો મોંઘો અસ્તરો પછી શું નકામો બની જવાનો?'

દીવાનના અજ્ઞાન ઉપર સહજ હસીને કુબેર બોલ્યો: 'ના, સાહેબ! માત્ર અસ્તરાનું પાનું જ બદલીને નવું નાખવાનું; હાથો તો જૂનો ચાલ્યા કરવાનો. આ અસ્તરો તો અમારી ત્રણ પેઢી જેટલો જૂનો છે!'

નંદરામને કુબેરની વાતમાં રસ પડયો. અહો, એ કેવી સરસ હિકમત હતી! હાથો પેઢી દરપેઢી ચાલ્યા કરે, ફક્ત તેમાંનું પાનું વખત પૂરો થાય ત્યારે બદલાયા કરે, અને તે વડે હજામતનું કામ સતત ચાલ્યા કરે! જૂનો અસ્તરો ફેંકી દીધા વિના તે નવાનું કામ કેવી સરસ રીતે આપી શકે છે, એ વાત રાજકારણના અનુભવાર્થી વકીલને એક તાત્ત્વિક સૂત્ર જેવી લાગી.

ગઇ કાલે જ નંદરામે વાતવાતમાં રાજાજીને કહ્યું હતું કે 'આપણે હવે આપણી દૃષ્ટિને મૂળમાંથી બદલવી જોઇશે.' પણ કુબેરના અસ્તરાએ તેને સમજાવી પાડયા પછી લાગ્યું કે મૂળ જૂનું રાખીને તેની ઉપરની સજાવટમાં કાળાનુસાર ફેરફાર કરતા રહેવું એમાં જ વ્યવહારકુશળતા અને ડહાપણ છે. અંગ્રેજોની સલાહમાં નંદરામને ઘણી વાર ડહાપણ દેખાયું હતું, તેમની સમજણ વધારે ઊંડી હોય એમ લાગ્યું હતું. તેઓ આપણા કરતાં વધારે બુદ્ધિશાળી હોવા વિષે તેને શંકા નહોતી. તેણે ઇંગ્લંડના કાયદાનાં પુસ્તકોનો અભ્યાસ કર્યો હતો તેમાં ય તેને એ કાયદા ઘડનારા અંગ્રેજો પ્રત્યે ખૂબ માન ઉત્પન્ન થયું હતું. એક વાર તેના મનમાં એમ પણ થઈ ગયું હતું કે લોકો અંગ્રેજોના કહ્યા પ્રમાણે વર્તીને એકદમ શાણા બની જાય તો કેટલા સુખી થાય! પણ ધંધાનોકરીના થોડા અનુભવે તેને અનેક મુશ્કેલીઓથી મૂંઝાતો જ રાખ્યો હતો. એ મૂંઝવણ કુબેરના અસ્તરાના તરવાર્યે જાણે એકદમ મટાડી દીધી. કુબેર જ્યારે તેની દાઢી પર અસ્તરો ફેરવતો હતો ત્યારે નંદરામ બંધ આંખે નવો પ્રકાશ નીરખી રહ્યો હતો.

કુબેર બીજો લપેટો મારવા લાગ્યો ત્યારે નંદરામનું ધ્યાન તૂટયું. તેણે પૂછ્યું: 'કુબેર! શહેરની કાંઇ નવાજૂની છે કે?'

કુબેર કૈંક કહેવાને મનમાં ઊંચોનીચો થતો હતો, ત્યાં જ દીવાને પૂછ્યું, એટલે પેટમાં ભરેલી વાત પોરસથી કહેવાની તેને તક મળી. તે તુરત બોલ્યો: 'નવાજૂની તો આપે જાણી જ હશે ને, સાહેબ! પેલા મનજી મેરાઈને નગરશેઠે બરાબર શિખામણ આપી દીધી ને!'

'હા, એનું ધોતિયું ચીરી નાખ્યું એ જ વાત ને? નગરશેઠે એ ઠીક ન કર્યું, હોં કુબેર!'

'પણ ઠાકરશી શેઠ ખોટું કામ ન કરે, સમજ્યા સાહેબ!'

'શું શેઠે ધોતિયું ચીરી નાખ્યું હોવાની વાત ખોટી છે?'

'વાત ખોટી નથી અને શેઠનું કામ પણ ખોટું નથી. વસવાયાની જાતથી બજારની વચ્ચે એવાં કપડાં પહેરીને નીકળાય જ નહિ. એવું બધાં ય કરે તો પછી મોટા-નાનાનું માપ ક્યાં રહ્યું? અને મોટાનું માતમ પણ શું રહ્યું? વાણિયા-બ્રાહ્મણ ને ખત્રીને ભગવાને કાંઇ અમસ્થા ઘડયા હશે, સાહેબ?'

નંદરામે કુબેરને અસ્તરો ફેરવતાં થોભાવીને પૂછ્યું: 'કુબેર, સાંભળ. તારી પાસે રાજાજીની કૃપાથી પાંચ પૈસા હોય અને તું કોઈ ઠાકોરના જેવાં કપડાં પહેરે, તો એમાં ગામના વાણિયા-બ્રાહ્મણને શું? ઘરમાં હોય તે શું કોઈ વાપરે અને પહેરે-ઓઢે નહિ?'

'આપ તો સાહેબ, ભણેલા ને મોટા માણસ; હું અજાણ, તે આપના જેટલું સમજું નહિ. મારા ઘરમાં લૂગડાં-ઘરેણાં હોય તે હું મારે ત્યાંના કોઈ ઓચ્છવ વખતે પહેરું; મારા છોકરાને પરણાવું ત્યારે તેને ય કેલૈયા કુંવર જેવો વાઘો પહેરાવું ને કમરે તલવાર બંધાવું, પણ હું વસવાયો રહ્યો, તે રોજનો રાજા થઇને ગામ વચ્ચે કેમ ફરું? ન ફરાય મારાથી, સાહેબ! મળતું ભલે હોય, પણ તે રોજ પહેરાય-ઓઢાય નહિ; જેને જે છાજતું હોય તે જ પહેરાય-ઓઢાય.'

નંદરામ વિચારમાં પડી ગયો. તેના મનમાં પ્રશ્ન ઊઠયો? આ ચાલ્યો આવતો શિષ્ટાચાર એવો તે શો ખોટો હતો કે બદલવો જોઇએ? અસ્તરો ભલે નવો હોય, જૂનો હાથો કાંઈ ફેંકી દેવા જેવો હતો? તેણે કુબેરને પૂછ્યું: 'ત્યારે તું તો માને છે કે શેઠે જે કર્યું તે બરાબર હતું, ખરું ને?'

કુબેર બોલ્યો: 'બરાબર તો હતું સાહેબ; પણ મને લાગે છે કે શેઠે આ રીતે કર્યું ન હોત તો ઠીક હતું. મેરાઇ મુંબાઈથી આવેલો તેણે મૂર્ખાઈ કરી, પણ શેઠે એને દુકાનને ખૂણે બોલાવીને છાની રીતે શિખામણ આપી હોત તો સારું હતુ, એમ મારી અક્કલને સૂઝે છે.'

'તારી એ સમજ ઠીક છે, કુબેર!'

કુબેરને પોતાની અક્કલની કિંમત અંકાઈ તેથી પોરસ ચડયો. હજામત કરી રહીને તેણે દીવાનને ખૂબ તેલમાલિશ કર્યું અને ચંપી વડે શરીર હળવું ફૂલ જેવું બનાવી દીધું.

બપોરે નંદરામે કચેરીમાં જવાનું માંડી વાળ્યું. શિરસ્તેદારને બોલાવીને કરવાનું કામ બધું ચીંધ્યું અને પછી ઠાકરશી શેઠને બોલાવી લાવવા નોકરને મોકલ્યો.

ઠાકરશી શેઠના કુટુંબમાં ત્રણ-ચાર પેઢીથી નગરશેઠાઇ ઊતરતી આવી હતી. રૂના વેપારના તેમની પેઢીની શાખ જામનગર, ભાવનગર અને પોરબંદર ઉપરાંત ખંભાત, અમદાવાદ ને વડોદરા સુધી પ્રસરેલી હતી. સુવર્ણપુરમાં બીજા થોડા ધનિક વણિકો હતા, એક ધનવાન લોહાણો પણ હતો. તેમાંના બે ત્રણ વેપારીઓ તો નગરશેઠ કરતાં યે વધારે ધનવાન હતા, પરંતુ નગરના મોભી પુરુષ તરીકે બધા તેમને જ માન આપીને ચાલતા. મહાજન મળે ત્યારે શેઠનાં ગાદી તકિયો

સૌથી પહેલાં મુકાતાં, અને તેમની હાજરી પછી જ કોઈ બાબતનો વિચાર ચાલતો. તેમનો કદાવર દેહ, થોભાદાર મૂછો ને ઊભા તિલકથી શોભી ઊઠતું વિશાળ લલાટ કોઇના પણ ઉપર પ્રભાવ પાડતું. રાજ-દરબારમાં પણ ઠાકરશી શેઠ જે કાંઈ બોલે તેનો તોલ સૌના મનમાં વસ્યા વિના રહેતો નહિ.

ઠાકરશી શેઠ આવતાં જ નંદરામ ગાદી પરથી ઊઠી, 'પધારો' કહેતો શેઠને બારણા પર સામો લેવા ગયો; જ્યારે શેઠ બબ્બે હાથે સલામો કરતા આવી હસતે મોએ દીવાનની બાજુએ ગાદી પર બેઠા.

'ફરમાવો દીવાનસાહેબ! મારું શું કામ પડયું?' શેઠે પૂછયું.

નંદરામે હસતે મોંએ કહ્યું: 'આપને ફરમાવવાનું કાંઈ પણ હોય તો તે મહારાજને હોય, મારે શું હોય? એક ફરિયાદ આવી છે તે બાબત આપને મારે થોડું પૂછવું છે.'

'હા...આ! થોડું શાને? ઝાઝું પૂછોને! ફરિયાદ સાચી છે. મારો ગુનો હોય તો દંડાવા તૈયાર છું.'

'મારે એ જાણવું છે કે એ દરજીનાં કપડાં જોઈને આપને બહુ ગુસ્સો ચડયો એટલે આપે એનું ધોતિયું ચીરી નાખ્યું, ખરું ને?'

'જી હા!' શેઠે ઠંડે કલેજે જવાબ આપ્યો.

'એ ગુસ્સાનું કારણ શું?'

'કારણ એ જ કે એ ચૂકણ મરજાદ ભૂલ્યો. વસવાયો હોવા છતાં ગામનો ઠાકોર બની બજારે નીકળ્યો. એણે ઊંચાં વરણોનું અપમાન કર્યું. એની ખો તો એ જ રીતે ભુલાવી દેવી જોઈએ કે જેથી બીજાઓ શિષ્ટાચાર ભાંગતાં પહેલાં વિચાર કરે.' એમ બોલતાં શેઠે આંખો તગતગાવી.

'હું તો આ શહેરમાં નવોસવો ગણાઉં. મને રીતરિવાજનો બહુ પરિચય નથી. આપ તે વધારે જાણો. આપણા સુવર્ણપુરમાં એ બાબત-ના કાંઈ નિયમ-કાયદા હશે ખરા?'

'કાયદા તો આપ જાણો અને રાજાજી જાણે. અમારે તો પેઢી દર પેઢી જે રિવાજ ઊતરતો આવે તે જ કાયદો અને તે જ શિષ્ટાચાર. હલકા વર્ણો જો ઊંચા વર્ણોના દેખાવા મથે તો વહેવાર કેમ ચાલે?'

'આવું તો જૂના વખતમાં ચાલી શકતું. આજે એ ન ચાલે. મુંબાઇ-અમદાવાદમાં આવું કશું નથી.'

'અમારું ગામ મુંબાઇ-અમદાવાદ નથી. આપ અંગ્રેજી ભણ્યા છો, પણ અહીં બીજું કોઈ અંગ્રેજી સમજતું નથી. અમારા ગામને છાજે તેવો અમારો વહેવાર છે. તે બદલાવવો હોય તો સાત ગળણે ગળીને પાણી પીજો, દીવાનસાહેબ!

'નહિ, નહિ; હું રિવાજ બદલવાનું કહેતો નથી; પણ માણસને કપડાં પહેરવા-ઓઢવાની સ્વતંત્રતા પણ આપણે ન રહેવા દઈએ તે મને સારું લાગતું નથી, શેઠ!'

'સવતંત્રતા શું કહેવાય તેની મને ખબર નથી, દીવાનસાહેબ. મરજીમાં આવે તે ખાવું-પીવું, બોલવું-ચાલવું, પહેરવું-ઓઢવું, નાચવું-કૂદવું, એ જો સવતંત્રતા હોય તો અત્યારે અમારા ગામને એ જોઇએ નહિ! કપડાં પહેરવામા મનમોજીપણું પેઠું કે બીજે બધે પેઠું જ સમ-જવું. ઊછરતાં છોકરાંને બગાડવાનો એ માર્ગ છે એમ અમને સૂઝે છે.'

દીવાન હસ્યા. શેઠે ટકોર કરી: 'આપ હસો છો, પણ મને માફ કરો તો કહું. આપના ઘરનું બૈરું મઢમ જેવાં કપડાં પહેરીને ગામમાં ફરે તો આપને ગુસ્સો ચડે કે આનંદ ઊપજે, તે કહો.'

નંદરામ જરા ખમચાઇને બોલ્યો: 'સ્ત્રીવર્ગનાં શીલ-મર્યાદાની વાત જુદી છે, આ વાત જુદી છે. હવે હું આપને એક વાત પૂછું. ધારો કે આપે એ દરજીનું અપમાન કર્યું તેથી દરજીની ન્યાત ગુસ્સે થઇને ગામ છોડી ચાલી જાય તો લોકોનું શું થાય?'

'હું મારી વાત કહું. હું તો મારા હાથે સીવેલાં કપડાં પહેરું અને સીવતાં ન આવડે તો સાધુ-બાવાની પેઠે ચાદર ઓઢીને ચલાવું; પણ ગરજને કારણે એ વસવાયાંને મારા માથા પર ન ચડવા દઉં!'

'ભલે, શેઠ; તમારામાં જે હિંમત, વીરતા ને ટેક છે તે બધાં વાનાં બીજા સૌમાં હોય એમ ન બને. બીજાઓ તો એથી હેરાન થઈ જાય. તમે કહો છો એ ખરું છે કે આજનો વખત વસવાયાંને તેમની પરંપરા-ગત મર્યાદાની બહાર ડગલું ભરવા દે તેમ નથી; પણ ભવિષ્યમાં લાંબો વખત એ રિવાજ નહિ ટકી શકે એમ શું તમને નથી લાગતું?'

શેઠ હસીને બોલ્યા: 'અહોહો! ભવિષ્યના કાળની શી વાત? કાળનો કાંઈ અંત હોતો હશે? અમે તમે ને બીજા બધાય બધી જાતના જંતરડાને ફગાવી દઈને જીવવાની હામ ધરાવતા જ્યારે થયા હોઈશું ત્યારે તો સોનાનો સૂરજ ઊગશે, એમ જ માની લો, મારા સાહેબ!'

નંદરામ એ સાંભળીને વિચારમાં પડી ગયો. તેને લાગતું હતું કે શેઠની વાત ફેંકી દેવા જેવી નથી, તેમ જ ઝટ ગ્રહણ કરી લેવા જેવી ય નથી. બેઉની વચ્ચે કોઈક વિચારકડી ખૂટતી હતી પણ તેને તે જડતી નહોતી. થોડી વાર રહીને તેણે કહ્યું: 'આપની વિચારસરણી ચિંતન કરવા જેવી છે. આપનો દોષ છે પણ તેની પાછળ કાંઈક તાત્ત્વિક કારણ છે, એટલે હું તેને દંડવા જેવો અપરાધ નથી લેખતો. હવે મારે આપને એક જ વાત કહેવી છે કે એ દરજીને તમે કેટલુંક નુકસાન કર્યું છે. એ નુકસાન તેના દોષને આભારી હતું કે તમારા ગુસ્સાને આભારી હતું, એ મુદ્દો હું બાજુએ રાખીને જ કહું છું.'

શેઠ કાનની બૂટ પકડીને બોલ્યા: 'આપની વાત સોળ વાલ ને એક રતી! મેં ખરેખર એને નુકસાન કર્યું છે. એવું જ હીરકોરી નવું ધોતિયું હું એને ત્યાં જાતે જઈને પહોંચાડીશ, સાહેબ! બોલો, પછી કાંઈ છે?'

'વાહ! આપની સમજદારી પ્રત્યે મને માન ઊપજે છે. આજના ભણેલાઓ કરતાં આપના જેવા અનુભવવૃદ્ધો સમાજના કોયડા ઉકેલ-વામાં વધુ કુશળ હોય છે એ મને આજે ખરી રીતે સમજાયું.'

'સાહેબ! ભણતર ચડે કે અનુભવ ચડે એ તો હું કે આપ નક્કી કેમ કરી શકીએ? જ્ઞાની પુરુષ બધું જાણે, મારા જેવા અજ્ઞાની શું જાણે? પણ હેં દીવાનસાહેબ! કોઈ જ્ઞાની સંત પુરુષ નીલકંઠ મહા-દેવમાં પધાર્યા છે એમનો આપે કાંઈ સમાગમ કર્યો કે નહિ?'

'ના શેઠ! મને એવા ફરતારામ જ્ઞાની કહેવાતાઓ ઉપર બહુ શ્રદ્ધા નથી. રાજાજી ય કહેતા'તા ખરા કે કોઈ પરમહંસ પધાર્યા છે.'

'ઠીક ત્યારે, હું હવે જાઉં, આજ્ઞા છે ને!'

'હા, ભલે પધારો!' નંદરામ હસીને બોલ્યો: 'આજે આપને બોલાવ્યા'તા એક કામે, પણ સાથે બીજું ય કેટલુંક કામ થયું. આપને તસ્દી આપી, પણ તે નિરર્થક નથી ગઈ.'

'આપનો વિનય અને વાણી યાદ રહી જાય તેવાં છે. ખરેખર, મુત્સદ્દીઓની જીભમાં પ્રભુએ મધ પૂર્યું હોય છે!'

'અને વેપારીની જીભમાં મધ અને માખણ મિશ્રિત કરીને પૂર્યાં હોય છે, ખરું કે નહિ શેઠ?'

બેઉ એકબીજાની સામે જોઈ વિનોદમાં હસી છૂટા પડયા.●

●આવતા માસ આસપાસ ચાર ભાગમાં (ત્રણ ગ્રંથમાં) બહાર પડનારી ઈ.સ. ૧૮૧૩ થી ૧૯૪૭ સુધીના કથાકાળમાં પથરાએલી, ૧૨૦૦ પાનાંની એક ગુજરાતી કુટુંબની સળંગ નવલકથા 'કંટક છાયો પંથ'ના બીજા ભાગનું એક પ્રકરણ.

જીવનના સંવત્સરમાં માણસની ઉમર માત્ર દસ મિનિટની છે!

(વાંચો અને સરખાવો સામેના પાનાનો આલેખ)

આ પૃથ્વી ઉપર માણસની ઉત્પત્તિ થયે લાખો વર્ષ વીતી ગયાં; છતાં પૃથ્વી અસ્તિત્વમાં આવ્યા પછી તેના ઉપર જીવનનો સૌપહેલો પ્રારંભ તો એટલાં કરોડો ને અબજો વર્ષ પહેલાં થયો છે કે તેને મુકાબલે માણસજાતનો જન્મ તો હજી હમણાં જ થયો ગણાય! સમયના આ વિરાટ ગાળાનું પ્રમાણ સમજવા માટે આપણે તેને એક નાના ગાળાનું રૂપ આપી દઈએ તો એનો ખયાલ સચોટ રીતે મળી શકે.

ધારો કે આપણી પૃથ્વી પરના જીવ-વિકાસનાં અબજો વર્ષના એ વિસ્તારને માત્ર એક વર્ષ જેટલા ટૂંકા સમયનું રૂપ આપીએ તો તેનું ઇતિહાસ-ચિત્ર કેવું રચાય તે આ સામેના પાને આપ્યું છે.

એ હિસાબે તદ્દન પ્રાથમિક દશાના અને અંગવિહીન એકકોષી પ્રથમ જીવની ઉત્પત્તિ જો જાન્યુઆરીની પહેલી તારીખે થયાનું ગણીએ (ચિત્ર ૧) તો ચાર પછી છેક સાત મહિને, જુલાઈની આખરે તો હજુ સૌપ્રથમ કરોડરજ્જુવાળા જળચરની ઉત્પત્તિ થાય છે (ચિત્ર ૨) ને મહાકાય સરીસૃપ પ્રાણીઓ તથા સૌપ્રથમ સ્તનપાયી જાનવરો તો તેપછી છેક ઑક્ટોબરમાં આવે છે (ચિત્ર ૩).

એ પછી ૧૨ામે મહિને, ડિસેમ્બરની ૧૩મી તારીખે ત્રીજો યુગ શરૂ થઇ વાનર જેવાં પ્રાણીઓ દેખા દે છે; (ચિત્ર ૪) ને ડિસેમ્બરની ૩૧મી તારીખે, એટલેકે આપણી આ કાળગણનાને છેક છેલ્લે દિવસે બપોરે બે વાગ્યે (એટલે કે આજથી દસ લાખ વર્ષ પૂર્વે) ચોથો અને ભૂભૌતિક ફેરફારોવાળો છેલ્લો યુગ શરૂ થાય છે. માણસોનો આદિ વડવો આ દિવસે જ જન્મ લે છે.

તે પછી એ દિવસે છેક સાંજે સાડા પાંચ વાગ્યે (એટલેકે સાડા આઠ લાખ વર્ષ પહેલાં) માનવવંશને 'મળતા' પ્રાણી પ્રાઇથેકેન્થ્રોપસનો જન્મ થાય છે. હજી ખરો માનવ ઉત્પન્ન નથી થયો.

રાતના ૮ વાગે છે, અને આજથી લગભગ ૫,૦૦,૦૦૦ વર્ષ પહેલાં સ્વાન્સ-કૅામ્બ ને ફૅાન્ટેશીવેડો નામનાં, માણસ જેવા પ્રાણીઓ હવે ઉત્પન્ન થાય છે. તે પછી રાત્રે ૧૧ કલાક ને ૪૦ મિનિટના ગાળામાં—એટલેકે આજથી ચાળીસ હજાર વર્ષ પહેલાં નીઍન્ડરથલ માનવનું આગમન થયાના અવશેષો મળે છે.

મધરાત થવાને હવે માત્ર દસેક મિનિટ બાકી છે ત્યારે (સમયના આ વિરાટ ઘડિયાળની લાંબી પચાસ મિનિટો વીતી ગયા પછી) હવે બુદ્ધિની અમૂલ્ય શક્તિવાળા માનવપ્રાણીનો જન્મ થાય છે.

અને હવે તો પ્રત્યેક સેકંડની ગણતરી કરવાની છે. પશ્ચિમમાં નીઓલિથિક યુગ શરૂ થાય છે ત્યારે તો બાર વાગવા આડી પાંચ મિનિટ અને ૪૫ સેકંડ જ બાકી છે. અને તે પછી માણસે કાંસાની ધાતુ વાપરવાની શોધ કરી તે કાંસ્ય યુગ (બ્રૉન્ઝ એઇજ) શરૂ થયો, લિપિની શોધ થઈ અને સંસ્કૃતિનો પ્રારંભ થયો ત્યારે બારમાં એક જ મિનિટ બાકી રહી છે.

તે પછીનો નિશ્ચિત ઐતિહાસિક યુગ તો થોડી સેકંડથી જ હવે માપવાનો રહે છે. મધરાતને હવે ૧૫ સેકંડ જ બાકી છે ત્યારે ભારતમાં બૌદ્ધ ધર્મની શરૂઆતનો કાળ પ્રવર્તે છે; ને બરાબર મધરાતે, આપણું આ અલ્પપ્રમાણ વર્ષ પૂરું થાય છે ત્યારે, ઇશુના જન્મ સાથે ઈસવી સનની શરૂઆત થાય છે.

અને હવે આજથી ૪૦ વર્ષ બાદ જ્યારે ઈસ્વી સનનું ૨૦૦૦મું વષ બેસશે ત્યારે, બાર ઉપર એક મિનિટે આપણે આપણા આ અલ્પપ્રમાણ વર્ષાનુસાર નવા વર્ષની માત્ર એકજ મિનિટ વિતાવી હશે. એટલેકે આ વિરાટ ઘડિયાળમાં ૨૦૦૦ વર્ષે એક મિનિટ થાય છે!

અનુસંધાન] **ગિલ અલ રૉય** [પૃ. ૩૯૭થી

ઈ. ૧૯૪૮માં ઈઝરાએલ રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. ગિલ એ વખતની અરબ રાજ્યોસામેની લડાઈમાં ઇઝરાએલ લશ્કરમાં ટૅંક (રણગાડી) સેનામાં લેફ્ટેનન્ટ બન્યો અને એક મિસરી વિમાની હલ્લામાં ઘવાયો. મહિનો થયો ત્યાં તેની ટૅંક ઉપર એક શેલગોળો પડ્યો અને તેને ઉઠાવી ૧૪ ફૂટ દૂર હવામાં ઝીંકયો! એક દાક્તર અફસર તેની પાસે પહોંચ્યો ત્યારે તેની નાડીનું ઠેકાણું નહોતું, એટલે તેને મરી ગએલો ઠરાવ્યો! આઠ આઠ વર્ષથી કોઈ ગેબી સહાયથી તે મરણની મુદત ચુકાવીને બહાર નીકળી આવતો હતો; એમ આ વખતે પણ એક નર્સે રણક્ષેત્રની ઇસ્પિતાલનાં શબો તપાસવા માંડયાં તેમાં તેને ગિલની નાડીમાં કાંઈક સંચાર જણાયો. તુરત તેને ઑક્સિજન આપવામાં આવ્યો અને તેના શ્વાસ ચાલુ થઈ ગયા!

ગિલના ઘા રુઝાઈ ગયા, પણ તેના જીવનમાં હજી ચમત્કારિક પ્રસંગ બાકી હતો. આ દરમ્યાન પોતાનાં માબાપને તે મરી ગએલાં ધારી બેઠો હતો તેમનો તેને અહીં અચાનક મેળાપ થઈ ગયો! તેમને યે મોતની છાવણીમાં ઉપાડી ગયા હતા, પણ ત્યાંથી તે ભાગી નીકળ્યાં હતાં. તેમને પણ ગિલ તો હવે મરી ગયો હશે એવી શંકા થયા કરતી હતી, છતાં ચોકસાઈ કરવા તેની શોધ તેમણે છોડી ન હતી. આખરે રેડક્રૉસવાળાઓ પાસેથી તેમને ખબર મળ્યા કે તેમનો પુત્ર ઈઝરાએલમાં છે, એટલે તેઓ તેને શોધતાં અહીં આવ્યાં.


અરબો સાથેની લડાઇ બંધ પડયા પછી ગિલ હૈફા ખાતે યુનાઈટેડ સ્ટેટ્સના રાજદૂતાવાસમા નોકરી રહ્યો. તેના શ્રેષ્ઠ ગુણાંક (આઈ. ક્યૂ.) અને આઠ ભાષાઓ પરનો તેનો અસાધારણ કાબૂ જોઇને યુનાઇટેડ સ્ટેટ્સના ઉપરાજદૂતે તેને અમેરિકા જઇને ત્યાં અભ્યાસ આગળ વધારવાની સલાહ આપી. આથી ઈ. ૧૯૫૪માં પિતાના મૃત્યુ બાદ માતાને સાથે લઇને તે અમેરિકા ગયો. ત્યાં છૂટાં છૂટાં કામો કરવા લાગ્યો, પણ કૉલેજનું રીતસરનું શિક્ષણ લેવાનું મુશ્કેલ હતું.

એવામાં તેને ખબર મળ્યા કે કોઇ પણ દેશના મ્યુનિસિપલ વિસ્તારના રહીશ વિદ્યાર્થીની હાઈસ્કૂલની કારકિર્દી જો અસાધારણ હોય તો તેને ન્યૂ યોર્કની સિટી કૉલેજ મફત શિક્ષણ આપશે એવી એક જાહેરાત થઈ છે. આ તકનો લાભ લઇ તેણે અરજી કરી અને રુમાનિયાથી તેની હાઈસ્કૂલમાંથી પ્રમાણપત્રોની નકલો આવે ત્યાં સુધી તેને અરધા સમય માટે પ્રવેશ મળ્યો પ્રમાણપત્રોની ફોટો-નકલો આવતાં વિલંબ તો થયો, પણ પછી જેવો તે પૂરા સમયનો વિદ્યાર્થી બન્યો એવો જ એકેએક અભ્યાસવર્તુળની પ્રશસ્તિ મેળવતો મેળવતો તે એક પછી એક સર્વ વર્તુળ પાર કરી ગયો. પણ તે દરમ્યાન ઘડિયાળના જાગતા કલાકો પર્યંત તેણે સખત કામ કર્યું.

હાલ તે પ્રિન્સ્ટન યુનિવર્સિટીમાં વૂડરો વિલસન ફેલોશિપ સાથે અભ્યાસ કરે છે. કૉલેજના અભ્યાસ સાથે તે શિક્ષણકાર્ય પણ ચાલુ રાખશે ને સમાજને શક્ય તેટલો ઉપયોગી થશે.

રવિશંકર ર. વળ

૧ લી જાન્યુઆરીથી ૩૧મી ડિસેમ્બર સુધીના એક વર્ષના ગાળામાં સમાયેલો પૃથ્વી પરનો જીવનવિકાસ



સમજણ માટે જુઓ સામેના પાના પર

Based on a chart of Unesco Courier

નટ નાટક અને નાટકશાળા

(રંગગઠરિયાં ૧૧)

ચન્દ્રવદન મહેતા

અગ્રચારીઓનું આવાં ગાર્ડ

બરાબર નિશ્ચિત સમયે 'આવાં ગાર્ડ' ઉપર ચર્ચા શરૂ થઈ. પ્રમુખ ઉપપ્રમુખે ખુરશી લીધી. બે વાક્યોમાં જ ઓળખાણ, –ટાહેલાં નહિ. બધા જ પ્રતિનિધિઓ હાજર. ને જેને ગામમાંથી આવવું હોય તે આવે એવા બીજા સો, –કોઈ એક પ્રતિનિધિના એકેક મહેમાન તરીકે. ઈવા અને મેરીઆહ્વા બંને મારાં મહેમાન તરીકે હતાં.

સાદો ખંડ ભરચક હતો, પણ ધક્કામુક્કી, હોંસાતોસી, ઘોંઘાટ કંઈ જ નહોતું. આઇનેસ્કો મારી ડાબી બાજુએ બિરાજમાન. મારી જમણી બાજુએ ફ્રાન્સનો ઝ્યાં બર્નાર્ડ, ખુઝર્ગ નાટકકાર. પછી સામે નાટ્યસૃષ્ટિની જીવંત વિભૂતિઓ: અમારી બરાબર સામે યુરોપની ત્રણચાર નટીઓ. એમાં રુમાનિયાની દીના કોસીઆ—રંગભૂમિ ઉપર આના કૅરૅનિનાના પાત્રને અમરત્વ આપનાર; અને એની પાછળ રુમાનિયાનો નાટકકાર ઓરેલ બારંગા. દીના હમણાં યૂજિન ઓ'નીલના છેલ્લા લખેલા નાટકમાં નાયિકાનો પાઠ કરે છે. આરસની પૂતળી જેવી, હાડમની કળી જેવા દાંતવાળી, કાને મોતીનાં લોલક હલાવતી, સફાઈદાર નારંગી રંગના પોશાકમાં પ્રમુખની સામે એવી અદાથી બેઠી હતી કે આ તમારો ઉપપ્રમુખ બીજા કશાનો વિચાર કર્યા વિના ફક્ત એને જોયા જ કરે તો કોઈ પણ એને માફ કર્યા વિના ન રહે!

આ બોલે છે તે આઇનેસ્કો; આ પરિષદના અતિથિવિશેષ; યુરોપભરમાં નવી છાપનાં નાટકો લખી ખળભળાટ મચાવી મૂકનાર. એ બોલવા ઊભા થયા કે લાગલા જ સભાએ સ્વયંભૂ ઊભા થઈ એકશ્વાસે ગડગડાટ કરતી તાળીઓથી વધાવ્યા. પછી તરત એમણે પોતાની હાથલખી નોંધ ઉપરથી પડકાર્યું: 'આવાં ગાર્ડના જુદાજુદા અર્થો થાય છે. ટૂંકમાં આવાં ગાર્ડિસ્ટ જૂની પ્રણાલિકાઓને તોડી નવી સ્થાપવા ચાહે છે. એમને નવું અત્યનવીન થીએટર જોઈએ છે; વાસ્તવવાદને એ ઉચ્છેદવા માગે છે. આ નવા દૃષ્ટિબિન્દુથી લખનારાઓ પ્રમાણમાં બહુ ઓછા છે, ઓછા જ હશે, ઓછા જ રહેશે, ઓછા જ રહેવા જોઈએ; તો જ એ પ્રગતિવાદના પુરોગામી હોઈ શકે. નવુંનવું વિચારે અને અવનવું લખે એમને લોકકીર્તિ મળે જ શી રીતે? પણ મઝા એ છે કે જૂની ઘરેડમાં ગૂંચવાએલા, ચીલામાં ચાલનારા લેખકો પણ લોકપ્રિય તો નથી જ. આ આગેકદમ ચાલનારાઓને વધારે સ્વતંત્રતા જોઈએ છે. આવાં ગાર્ડ એટલે જ લિબર્ટી. એનો દુશ્મન ફક્ત એક જ, અને તે એમના થકી પણ મશાલ લઈ આગળ નીકળી ચાલનાર; બાકી કોઈ નહિ. છેવટે મારો દાવો છે કે આવાં ગાર્ડવાળા કહો ન કહો તો પણ સત્યના સંશોધક છે.' આમ પોણા કલાક સુધી એણે ફ્રેન્ચમાં પોતાના મંતવ્યો રજૂ કર્યા. એક વાક્ય પૂરું થતાં તરત જ એના જેવા જ જોસ્સામાં એનો આબાદ અનુવાદ અંગ્રેજીમાં આપવામાં આવતો.

ત્યાર બાદ રોઝામૉન્ડ ગિલ્ડરે, પોતે વૃદ્ધ હોવા છતાં આઇનેસ્કોને સાંભળી, એનાથી પણ પોતે આગળ જવાની ઝંખના કરે છે એવું વિધાન કરી, આઇનેસ્કોને ખૂબ શાબાશી આપી. પછી ભોજન; અને પછી તરત બીજી ચર્ચાબેઠક શરૂ થઈ.

પોલૅન્ડના વૅર્સો થીએટરના મૅનેજર જાન કૉસિન્સ્કીએ ટકોર કરી કે આ ફ્રેન્ચ લેખકો પોતાની ભાષાને કેમ અગાળાવવી-મમરાવવી, બહેકાવવી બહલાવવી એ બરોબર જાણે છે. ધન્ય છે એમને. આવાં ગાર્ડવાળા તો સત્ય સ્વરૂપનું દર્શન કરાવવા મથે છે, યા તો વાસ્તવ દર્શનનું સર્જન કરે છે; એ વાસ્તવવાદના વિરોધી શી રીતે હોઈ શકે?

હેલસિન્કીમાં નાટકશાળામાં સક્રિય કામ કરનાર જૅફુવિટી કાએ કહ્યું કે ચીલામાં ચાલવું એટલે ચાલ્યા જ નથી કે ચાલતા જ નથી એમ સમજવું? આવાં ગાર્ડ એ કિશોરોને હાથ લાગેલું એક નવું હથિયાર છે, એટલું જ. એમને નાટકમાંના ધ્યેય કે સંદેશ સાથે કશી લેવાદેવા નથી; માત્ર એની લખાવટના ઘાટ ઉપર જ મદાર બાંધી રહે છે. યૌવનની છાકમસ્તીમાં લખાય એમાં વળી તર્કબુદ્ધિ અને સમજણ-પ્રસાદની આશા રાખી શકાય ખરી? અને નાટક લખવાનાં વસ્તુ વિસ્તારને વળી વ્યાખ્યાઓની પાળમાં બાંધવાં શી રીતે? એ સારું બોલ્યાં; હેલસિન્કીની આબરૂને એણે ઉજ્જવલ કરી.

ત્યાર બાદ મેક્સિકોના મહારથી ઍન્ટોનિયો મગાના મેદાને પડ્યા: 'કશી ચોકસાઈ નહિ એનું નામ આવાં ગાર્ડ! શબ્દોના સાથિયા, શબ્દોનાં ગૂંચળાં ને જાળ, એટલે આવાં ગાર્ડ; સમાજમાં પોતાની જાતને જરા જુદી બતાવવાનો પરપંચ તે આવાં ગાર્ડ!'

ઇંગ્લંડના 'સન્ડે ટાઈમ્સ'ના પ્રતિનિધિ હૅરૉલ્ડ હૉબસને જિકર કરી કહ્યું કે 'આવાં ગાર્ડ એટલે ઘાટઘૂટ ઉપર ભાર; એમાં શું ભર્યું છે એ ઉપર ઓછો વિચાર. વળી દેશોદેશના એના ખયાલ વિષે પણ ફરક પડવાનો. ઇંગ્લંડ કૈંક ધારે ને ફ્રાન્સ દૈંક વિચારે. સમગ્ર માનવજીવન વિષે જો વિચાર કરવાનો હોય તો તે એક વ્યક્તિથી થાય? ને એ જોતાં એક જ વ્યક્તિ આવાં ગાર્ડની અધિકારી પણ શી રીતે હોઈ શકે? કદીક સમગ્ર જનતા પણ અગ્રગામી થવા વિચાર કરી શકે.'

ત્યાર બાદ પેલી રુમાનિયાની નટીની પાછળ બેઠેલા રુમાનિયન નાટકકાર બારંગાએ જેહાદ પોકારી; 'હવે રહો, રહો!' એ કહે, 'નીકળ્યા છો આવાં ગાર્ડ કહેવાવાળા! આવાં ગાર્ડના વાવટાના કફન નીચે જાતજાતની પ્રવૃત્તિઓનાં કબ્રસ્તાન ઢંકાએલાં છે. કંઈક નવાજૂની કરવાવાળા સદા જૂનાને દફનાવતા ચાલ્યા આવે છે. રહસ્યવાદી, સ્પષ્ટતાવાદી, વાસ્તવવાદી, કુદરતવાદી, ભવિષ્યવાદી, વ્યક્તિત્વવાદી, સંવેદનાવાદી, સૂચનાત્મકતાવાદી એવા અનેક વાદીઓની જે એક પછી એક લંગાર નીકળતી આવી, તે સૌ પાછળનાને દફનાવતા, એમના શબ ઉપર પગ મૂકતા આગળ ચાલ્યા જ કરે છે. ટૂંકમાં જરાતરા કંઈ આડુંઅવળું ફેરવીને નવું કર્યું કે તે 'આવાં ગાર્ડ'! ખરું જોતાં તો આ નવો પંથ નિરાશાવાદમાંથી જ પ્રગટ થતો રહ્યો છે; અથવા એ એક જાતનો કટાક્ષવાદ જ છે. વાસ્તવમાં જે નક્કર સત્ય છે તેનાથી આ તદ્દન અળગો જ પંથ છે અને હરઘડીએ વેશપલટો કર્યા કરે છે. એટલે એમના વાદમાં નથી શાશ્વત શાંતિ યા નથી અનંત પ્રેમ.'

ત્યાર બાદ એક જણે એક જ વાક્યમાં જાહેર કર્યું કે આ વાદ એટલે વર્તમાનમાં જે કંઈ છે એનો હરીફ,—ના, હરીફ નહિ, દુશ્મન.

અંતે પૂરું કર્યું કે બેલ્જિયમના બહાદુર નટ રેને હેનાએ જાહેર કર્યું કે 'આવાં ગાર્ડ એટલે નરી નાગાઈ, નિર્લજ્જ નફફટાઈ!'

ત્યાર પછી મારે પડખે બેઠેલા, વયોવૃદ્ધ, સોહામણા, હાવે ભાવે ચાલે અત્યંત નમણા ને મુલાયમ સ્વભાવના લાગતા, દેખાવડા ઝ્યાં બર્નાર્ડે મેદાન લીધું. એ તો પ્રખ્યાત નાટકકાર, અને ખૂબ જ આકર્ષક એનું વ્યક્તિત્વ; એટલે જેવું બોલવું શરૂ કર્યું કે સૌ પોતપોતાની ખુરશીમાં સ્વસ્થ તૈયાર થઈ બેઠા. સુમધુર અવાજ, બોલવાની શૈલી અત્યંત રોમાંચક, હૃદયસ્પર્શી, નજાકતથી ભરેલી. એની વાણી અલબત્ત ફ્રેન્ચ, પરંતુ સમજણ ન પડે તો પણ ગમી જાય. સૌ કોઈનો એક જ

મત હતો કે મૉસ્યો બર્નાર્ડને સાંભળવાનો લ્હાવો એ જ એક અહીંના ફેરામાં મોટામાં મોટો લાભ હતો. એણે નિર્મળો ખળખળ વહેતો અસ્ખલિત ગંગાપ્રવાહ વહેવડાવ્યો : 'તુ મેં, ત્વા દલા કોકર્દ, મોં લાસે ર મેં આસેર.' આ શાની બે મંડળી સામસામી બાથંબાથી કરે છે? ના, પણ હું ભૂલ્યો; જૂની અને નવી પેઢી વચ્ચે આવી સાઠમારીઓ તો થયા જ કરવાની. નાટકની બાબતમાં, નાટકોની ભજવણીની બાબતમાં, જેણે ઝાલી છે કલમ, એ પોતાનાં બીબાં પોતે જ નક્કી કરશે, કરતો આવ્યો છે. પણ નાટકની બાંધણીના જે સર્વમાન્ય સિદ્ધાંતો છે, સદાકાળ માટે જે સાચા છે (કારણ તે કસોટાએલા છે) તેની જો કોઈ પોતાની મગરૂરી-ખુમારીમાં, કે નવું કરવાના કોડમાં અવગણના કરશે તો એ ઓડનું ચોડ જ વેતરશે; એટલું જ નહિ પણ પોતાના હાથમાં બેઠેલું નાટક પણ ખોઈ બેસશે. આવાં ગાર્ડ એટલે લિબર્ટી, બેશક; આઝાદી, ચોક્કસ; પણ એનાં કોઈ ધારાધોરણ, કે નેમનિયમ ખરાં? કે પછી એમ જ, ફટકબંડોળ બાવા બિહાગીમલની માફક, આવ્યું જે મનમાં, ફાવ્યું જે કલમને, તે ચીતર્યે રાખવાનું કાગળ ૫૨? 'લીબર્તે' એ 'લાઇસોસ' નથી. લેખકને નાટક લખવું છે; એ લખાણનું પ્રોડ્યુસરે દિગ્દર્શન કરવાનું છે, નટે એ ભજવવાનું છે, અને પ્રેક્ષકે એ જોવા-સાંભળવાનું છે; તો એ ચારે તબક્કાનાં જુદાંજુદાં નિયમધોરણ ખરાં કે નહિ? અને એ ચારેનો મેળ જો ન સાધે ને બેઠોબેઠો આવાં ગાર્ડ આવાં ગાર્ડ ફૂટયા કરે, એવા એ બેઠેલાનું નસીબ બેઠેલું રહે એમાં શી નવાઈ? જે મહાશયો 'ટ્રુથ'ની વાત કરે છે તે કયું સત્ય? નાટક અમુક પ્રકારની કૃત્રિમતા તો માગે જ છે; એટલે જ રંગભૂમિએ પોતા માટે પોતાનું સત્ય નિર્માણ કર્યું છે. એની અવગણના કરો તો કેમ પાલવે?'

એ બેઠા ત્યારે શ્રોતાઓએ એમનું બહુમાન કર્યું. એમની વાણીની મીઠાશ સાંભળનારાઓના કાનમાં ઠરી ગઇ. ત્યાર બાદ બલ્ગેરિયાના બાલાન ડાનોવ્સ્કીએ સત્ય વિષે એવું પ્રતિપાદન કર્યું કે કોઈ સર્વાંશે તો સત્ય જોઈ જ શકતું નથી; થોડાંથોડાં પડખાં જુએ છે. એથી જ નાટકલેખનરાશીમાં વૈવિધ્ય રહે છે ને બાંધણીમાં ફરક આવ્યા કરે છે. એટલે જ આવાં ગાર્ડની પણ વ્યાખ્યા જુદીજુદી તરેહની બંધાયા કરે છે.

ત્યાર બાદ ઇટાલી, સ્પેન, ચેકોસ્લોવાકિયા ને બેલ્જિયમના પ્રતિનિધિઓ બોલ્યા. પણ ઝયાં બર્નાર્ડના સુંદર ઝણઝણાટવાળા વક્તવ્ય પછી કોઇને ખાસ કહેવાનું હતું નહિ. એક જ વાર વીએનાએ વૉર્સો-ના કથનને ઉત્થાપવા પ્રયત્ન કર્યો; પણ એકંદરે બધા મુદ્દાને વળગીને, અને આઇનેસ્કોના મુદ્દાઓના ખંડનમાં જ રચ્યાપચ્યા રહેતા હતા.

મારા એક મિત્ર પ્રતિનિધિએ પોતાની સહી સાથે ચિઠ્ઠી મોકલી, એમાં એક જ વાત જાહેર કરવાની સૂચના હતી કે 'જમાને જમાને આવાં ગાર્ડિસ્ટો જન્મે જ છે. ક્રાઈસ્ટ એના જમાનામાં આવાં ગાર્ડિસ્ટ જ હતા. એમ ચાલ્યા જ કરે છે. આ શાં ચૂંથણાં માંડી બેઠા છો?'

મારે સમાપન કરવાનું હતું નહિ; ફક્ત આઇનેસ્કો મહાશયને જ જવાબ આપવા વિનંતિ કરવાની હતી. એ પહેલાં ચર્ચામાં ભાગ લેનારા પ્રતિનિધિઓએ જે ગૌરવ જાળવી ચર્ચા કરી એ માટે એમનો આભાર માન્યો. આઇનેસ્કો આખરે કહે છે:

'આવાં ગાર્ડ શબ્દ અહીં એટલી બધી વાર વપરાયો છે કે હવે તો હું પણ એ શબ્દનો અર્થ ભૂલી ગયો છું! હું તો આંતરરાષ્ટ્રીય સમાજનો એક સામાન્ય વ્યક્તિ છું મને નથી ન્યાત ભાત કે દેશ; હું તો વિશ્વસમુદાયમાંનો એક અદના વિશ્વમાનવ છું. એમાં હું ભલે એકાકી હોઉં શ, પણ મારા એ એકાંતમાં મને મઝા છે, મસ્તી છે. સંદેશાઓ આપવામાં મને લેશમાત્ર રસ નથી; એ કૃત્રિમ ઢોંગ ધતુરામાં હું માનતો પણ નથી. હું જે કહું છું તે ખરા હૃદયથી કહું છું, એટલું જ આપ માનો તો મારે માટે બસ છે. એક ભાઇએ નિરાશાવાદની વાત કરી, શોકગ્રસ્ત માનસની વાત કરી. ચારેકોર બંધન હોય, મનને રૂંધે એવી સરહદો હોય, ટંટાબખેડા હોય, કલહકજિયા હોય, જિહાઝઘડા હોય, સૌ મારફાડની પ્રવૃત્તિઓમાં જ મશગૂલ હોય,—કરોળિયો માખીને, કાકીડો કરોળિયાને, સાપ કાકીડાને, નોળિયો સાપને... ઓહોહો, જો મંડાઈ બેઠી છે પરંપરા,—દરેક જણ બસ ધર્મધાકના, ઊંચનીચના મમતમહત્તાના, મદસત્તા ને લોભલોલુપતા અંગેની મારામારી-કાપાકાપીના ઝઘડામાં જો પ્રવર્તી રહ્યા હોય, તો એ જોઇને શોક કોને ન થાય?

પણ એ બધી વાત છોડો, નાટકની નવી ભાષા આપણે સર્જી શકીએ તો યે બસ. એટલી જ મારી માગણી છે. આજે તો અધારાં એવાં અવરોધી રહ્યાં છે કે મને અત્યારના વધતા જતા અજ્ઞાનમાં સોક્રેટિસનો એક કિસ્સો યાદ આવે છે. કોઇએ એને કંઈ પૂછ્યું, ત્યારે એણે કહ્યું કે હું એટલું તો જાણું છું કે હું કશું જ જાણતો નથી. એ સાંભળી શ્રોતાઓએ તાળીઓ પાડી. તે ગડગડાટ સૈકાઓ સુધી ચાલુ રહ્યો. હું માનું છું કે હજી પણ એ ગડગડાટ ચાલુ જ છે.'

આભારવિધિ તો નહિ જ. પણ મોટા ભાગના પ્રતિનિધિઓ એક પછી એક મારી ખુરશી પાસે આવી મળી ગયા. ભારત વિષે, આપણા નાટ્યસાહિત્ય અને નાટકશાળા વિષે સવાલો કરી ગયા. એક સરસ ચર્ચાસભાનાં ચિરંતર યાદ રહે એવાં સંસ્મરણો અર્પણ કરતા ગયા.

પરિષદના બંધારણ વિષે, તેમજ ભાવિ કાર્યક્રમ સંબંધે ઝીણીઝીણી બાબતો આપણે જતી કરીશું. એ બધું પતાવતાં અઠવાડિયા દરમ્યાન જે આસપાસની સૃષ્ટિ નિહાળવાના પ્રબંધો કરવામાં આવ્યા હતા, તેમાં ભારે વિવેકબુદ્ધિ વાપરવામાં આવી હતી એ પણ વ્યવસ્થાશક્તિનો એક આદર્શ ગણાય. માનશો? રોજ રાત્રે ત્રણ ત્રણ નાટકો. જે પ્રતિનિધિને જે જોવા જવું હોય તે જોવા જઈ શકે; યા ત્રણેમાં વારાફરતી એકેક અંક જોવા જવું હોય તો તે પ્રમાણે પણ બંદોબસ્ત થઈ જાય. તમારે માત્ર સવારે દફતરમાં નામ નોંધાવી દેવાનું. સાંજે તમારા રૂમમાં ટિકિટો, વાહન-વ્યવસ્થાની સૂચના, એ નાટકોમાં કોણકોણ કામ કરનારાઓ છે એની છપાએલી યાદી, થીએટરના ફોટો, નાટકમાંનાં કેટલાંક દશ્યોના ફોટો, અંગ્રેજીમાં તેમજ ફ્રેન્ચમાં નાટકનો સાર, બધું આવી પડે. અને આઠે દિવસના ચોવીસે પ્રોગ્રામમાં એક પણ વિગતમાં નામઠામ નટનટી સૂત્રધારમાં ન કરો ફેરફાર.

અને નાટક જોવા જતાં પહેલાં જુદેજુદે ઠેકાણે ભોજન-સમારંભ. એક દિવસ હેલસિન્કીના નગરજનો જમાડે, તો બીજે દિવસે એડ્યુકેશન ખાતાના નાટ્યાધિકારી જમાડે. સ્થળ જુદાં, પણ ત્યાં દરેક સ્થળે બેસવાની ખુરશીના નંબર, નામ, નકશા સાથે નોતરાં તૈયાર. દરેક ભોજન-સમારંભમાં બેઠક-ગોઠવણી એવી રીતની કે એક બાજુ નવા પ્રતિનિધિ અને બીજી બાજુ હેલસિન્કીના કોઈ વતની; એટલે દર વખત બંને બાજુ નવીનવી વ્યક્તિ આવ્યા કરે. આ બધી જ વ્યવસ્થા જે ત્રણ-ચાર મંત્રીઓને કામ સોંપેલું તે જ પાર પાડયા કરે.

ત્યાં (યુરોપ આખામાં) ઓપેરા હાઉસ, નાટકશાળા ને સંગીતખંડ એ ત્રણેનું વ્યક્તિત્વ અને વ્યવસ્થા અલગ અલગ જ. 'ગરીબ કી જોરૂ સબકી ભાભી'ના જેવો ઘાટ નહિ. સભાગૃહ એટલે ત્યાં ભાષણો જ થાય; નાટક નહિ. આપણે ત્યાં જેમ કોઈ પણ 'હૉલ'માં નાટકો કરી, નાટ્યકલાની ઘોર ખોદીએ છીએ તેવું નહિ. મ્યૂઝિક હૉલ, જેમાં સિમ્ફૉનિક સંગીતના જલસા થાય, એની બાંધણી એને જ અનુરૂપ; વિના માઇક્રોફોને, બાંધી જગ્યામાં સ્વરમંડળ ચોગમ વિસ્તરી શકે. આજની નહિ, સૈકાઓ પહેલાંની આ જાતની બાંધણી. ઓપેરા હાઉસમાં ઓપેરા જ થાય, નાટક નહિ. નાટકશાળામાં નાટક જ થાય,



અમેરિકાના થીએટર સેન્ટરનાં ઉપપ્રમુખ મિસ રોઝા મૉન્ડ ગિલ્ડર ચંદ્રવદન મહેતાની ઓળખ આપે છે. ચન્દ્રવદનની જમણી બાજુ ફ્રાન્સના ઝ્યાં મનોઈ; મિસ ગિલ્ડરની ડાબી બાજુ જુલિન આઈનસ્ટેન; ચિત્રમાં ડાબે છેડે બેઠેલા હ્યૂ તે ઇંગ્લન્ડના મહાન નટ ફ્રેડરિક ડ્રેન્ટ છે. ૧૯૨૦માં શાકુન્તલમાં દુષ્યંત બનેલા.

ઓપેરા, સંગીતસભા કે ભાષણિયા વેપાર નહિ.

બીજે જ દિવસે અમે ફિનલૅન્ડના નૅશનલ થીએટરમાં બે નાટક જોયાં; એક ચેખૉવનું 'થ્રી સિસ્ટર્સ' અને બીજું 'મીડિયા'. આ વખત પ્રો. ઉનરો મારી સાથે. એને આ આખા થીએટરની બાંધણીની પાકી સમજ. નાટકો જોયા પછી એણે બાંધણી સમજાવી. ૧૯૦૧માં આ થીએટર બંધાયું,—મારો જન્મ થયો તે સાલમાં. બારસો સાડીબારસો પ્રેક્ષકો નાટક જોઈ શકે એવી વ્યવસ્થા. આસપાસ હરવાફરવાની સારી મોકળાશ. એની ચડઊતર બેઠકોની નીચે ભોંયરું કરી ત્યાં પાછળની બાજુ દરવાજો મૂકી મૂળ રંગભૂમિની નીચે પાછું બીજું નાનું પ્રેક્ષકગૃહ બનાવ્યું છે. એટલું જ નહિ પણ ઉપરની નાટકશાળા અને નીચેની નાટકશાળાના પ્રેક્ષકોને કૉફી કે ખાણીપીણી માટે (ઉપરથી ને નીચેથી પ્રવેશવાનાં બે જુદાંજુદાં દ્વારવાળુ) રેસ્ટોરાં છે. બંને સ્થળે એકીવખતે ત્યાં બે નાટક તો ચાલે જ છે; છતાં અંક વિરામની ગોઠવણી એકીવખતે યોજવામાં આવતી નથી. એટલે અંક પૂરો થતાં એક બાજુનો દરવાજો બંધ કરી દેવામાં આવે છે. પચાસ-સાઠ વર્ષ પહેલાં બાંધેલી એક ઈમારતના પાયામાં નવી રંગભૂમિ બાંધી શકાય છે એ હકીકત નજરે જોઇને પણ આપણા અહીંના કેટલા ઈજનેર સાહેબો માનશે? શકય એટલું બધું જ થઈ શકે; ઉપરાંત કંઈક નવું કરવા ત્યાં બુદ્ધિ દોડાવાય છે. ત્યાંના એક ભાષણમાં એમના સ્થપતિઓને અંજલિ આપતાં મેં કહ્યું 'આ તો ખરેખર પચાસ વર્ષે ગર્ભમાં નવી રંગભૂમિ જન્મી ને બીજા દસ વર્ષમાં છાપરું ફાડી મૂકી તમે ત્યાં ત્રીજી રંગભૂમિ ખડી કરી દો તો નવાઈ નહિ!' શું ધારો છો? પ્રો. ઉનરો બેઠા હતા એમણે તરત ઊભા થઈ, ત્યાં બેઠાંબેઠાં જ આ ઇમારતનો જે પ્લાન હતો એમાં, મથાળે રંગભૂમિ ઓછા વજનમાં શી રીતે થાય એનો દોરેલો નકશો બતાવ્યો!

કયાં છે આ નાટકશાળા? સ્ટેશનની બરાબર બાજુમાં. સામે વિશાળ ચોગાન; દશે દિશામાં જનારી ટ્રામબસ ત્યાંથી ઊપડે એવો અડ્ડો; અને નાટકશાળાની પાછળના ભાગમાં નાનકડો બાગ; બાજુમાં મોટરો રાખવાની જગ્યા. આ બધાંનો જેમણે આગળથી વિચાર કર્યો હશે એમને, ને એ વિચારોને અમલમાં મૂકવા દેનારાઓને ધન્ય છે.

નાની રંગભૂમિ ઉપર 'મીડિયા' જોયું. વાચ્યું તો હતું અંગ્રેજીમાં, પણ ફિનાઈ ભાષામાં ભજવાતું જોઇને છાતીના ધબકારા વધી ગયા. કેટલું જુસ્સાદાર, ઝમકદાર, દર્શીલું, વેગીલું નાટક! શો મીડિયાનો ક્રોધ અને શી એના ઉપરાઉપરી ફટકારાતા શાપોની પરંપરા! ભોંયરામાંની રંગભૂમિ ઉપર સજાવેલી નાનકડી ગ્રીક ઈમારતના અડીખમ ઊભા થંભો, જાણે હમણાં આ વિફરેલી મદમસ્ત હતાશ મીલી મીડિયાના અભિનયે તૂટી પડશે અને અમે બધા અહીં જ દટાઈ મરીશું! તે સાંજે મારી સાથેની બેઠકમાં નેધરલૅન્ડની પ્રતિનિધિ એલિસ હુમેન્સ (જાતે નટી ને નાટક પ્રોડયુસર) બિરાજમાન હતી. દશ્ય પૂરું થતાં તે કહે, 'ગભરાશો નહિ, અમે સ્કૅન્ડેનેવિયનો આટલા ક્રૂર કે ભયંકર કદી થતા જ નથી.' મેં કહ્યું કે આ તો ગ્રીક તો કહે હા, અમારી અને એ જમાનાની વચ્ચેનો ભેદ બતાવવા જ આ નાટક પસંદ કર્યું લાગે છે.

ફિનાઈ ભાષામાં ટેનેસી વિલિયમ્સનું 'સડનલી લાસ્ટ સમર' જોયું;—શેક્સપીઅર ને મોલિયેરનાં જતાં કર્યાં; અને ત્યાંની બીજી બે નાટકશાળામાં (જેમાંની એકનું નામ તો 'પૉકેટ' થીએટર) એક આઈનેસ્કોનું 'લેસન' જોયું (પણ એની ચર્ચા તો એ પારી(સ)માં ફ્રેન્ચમાં જોઇશું ત્યારે કરીશું) અને જુરકા થીએટરમાં સ્ટ્રિન્ડબર્ગનું 'પારિયા' અને 'સ્ટ્રૅંગર' જોયાં. બંને મેં કદી વાંચ્યાં નહોતાં. કદાચ અંગ્રેજીમાં મળતાં પણ ન હોય. લંડન જઇને ખબર કાઢવાનું નક્કી કર્યું. ઉપરાંત ફિનાઈ નૅશનલ ઓપેરા હાઉસમાં લીવી મદેટોયાનું 'ઑસ્ટ્રૉબૉથેનીઅન' ઓપેરા જોઈ, થૉન્ટન વાઈલ્ડરનું 'મૅચમેકર' જોયું.

'ઑસ્ટ્રૉબૉથેનીઅન' એ ફિનલૅન્ડનો જૂનો ઓપેરા. બે ભાઈ, ભાભી અને સસરાની કરુણ કહાણી. એમાં માત્ર એક નાનો ભાઈ ખરાબ. એને સુધારવાના સૌ પ્રયત્નો કરે. એ વિકટ કાર્ય પાર પાડતાં જે કારુણિકા ઊભી થાય છે એનો એ ઓપેરા. સંગીત સારું. ફિનલૅન્ડના લોકોને બહુ પ્રિય, અને એ દિવસે ઈવા અમારી સાથે જોવામાં, એટલે ગૂંચ પડે ત્યાં એ સમજાવે. આથી ઓપેરા માણવાની બહુ મજા પડી.

આમ, પરિષદમાં ચર્ચા, રાત્રિના ખાણાના મેળાવડા અને રોજ રોજ નવીનવી નાટકશાળાઓમાં દુનિયાના મશહૂર લેખકોનાં નાટકો, એમાં આઠ દિવસ તો ચપટીમાં ચાલ્યા ગયા. (ચાલુ)



રૂમાનિયાની નટી લીના કોસિયા; તેની જમણી બાજુ આઇસલન્ડના નાટકકાર અને ડાબી બાજુ ચન્દ્રવદન મહેતા

આહાર અને આરોગ્ય · ૨૩ ★ કવચવાળાં ફળ



કેટલાંક ફળોનો આકાર આપણા શરીરના અવયવોના ઘાટને મળતો આવે છે. બદામને આંખ, કાજુને મૂત્રપિંડ, પપૈયાને બરોળ, દાડમનાં બીને દાંત, શિંગોડાને પ્રોસ્ટેટ ગ્રંથિ ને શ્રીફળને સ્તનના ઘાટ સાથે મળતાપણું છે. એ રીતે અખરોટના મીંજનો દેખાવ મગજને આબેહૂબ મળતો આવે છે. અજાયબીની વાત છે કે અવયવોને મળતાં આવતાં ફળો તે તે અવયવોને માટે ગુણકારી હોવાનું માનવામાં આવે છે!

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

બદામની સાથે બોલાતાં પિસ્તાં બીજા સૂકા મેવા કરતાં પચવામાં અને આહારમૂલ્યમાં શ્રેષ્ઠ છે. પણ તે વધારે ખાવાથી અપાચ્ય અને વિદાહી નીવડવાની ડૉ. ચંદ્ર ચક્રવર્તી લાલ બત્તી ધરે છે. કવચવાળાં ફળ રંધાવાથી તેના કાષ્ઠક તંતુઓ પોચા પડી જઇ પચવામાં સરળ થઈ પડે છે. કહેવાની જરૂર નથી કે સારી રીતે પચેલા સૂકા મેવાનું પોષણમૂલ્ય વધારે છે.

પિસ્તાંમાં ૨૨·૬ ટકા પ્રોટીન, ૫૪ ટકા ચરબી, ૧૫·૬ ટકા કાર્બોહાઇડ્રેટ ને ૨·૮૦ ટકા ખનિજ પદાર્થો ને ક્ષારો છે. મહર્ષિ ચરક 'બદામ, પિસ્તાં, અખરોટ વગેરેને ભારે, ગરમ, સ્નિગ્ધ, મધુર, બલપ્રદ, વાયુને હરનાર, શરીરને પુષ્ટ કરનાર અને વીર્ય વધારનાર' તરીકે વર્ણવે છે.

અખરોટ કુદરતની અજાયબી કહો કે મહત્તા, કેટલાંક ફળોનો આકાર આપણા શરીરના અવયવોના ઘાટને મળતો આવે છે. બદામને આંખ, કાજુને મૂત્રપિંડ, પપૈયાને બરોળ, દાડમનાં બીને દાંત, શિંગોડાને પ્રોસ્ટેટ ગ્રંથિ ને શ્રીફળને સ્તનના ઘાટ સાથે મળતાપણું છે. એ રીતે અખરોટના મીંજનો દેખાવ મગજને આબેહૂબ મળતો આવે છે. એટલી જ અજાયબીની બીજી વાત એ છે કે અવયવોને મળતાં આવતાં ફળો તે તે અવયવ માટે ગુણકારી હોવાનું માનવામાં આવે છે!

બદામ કરતાં અખરોટમાં પ્રોટીન ને કાર્બોહાઇડ્રેટ થોડાં છે, પણ ચરબી વધારે (એટલે ૫૭·૪૩ ટકા) છે. બધાં કવચવાળાં ફળોમાં વધારેમાં વધારે ચરબી અને ઓછામાં ઓછું કાર્બોહાઇડ્રેટ બદામ અને અખરોટમાં છે. આમ, કાર્બોહાઇડ્રેટ ઓછાં હોવાથી આ ફળો મધુપ્રમેહના રોગી માટે પથ્ય છે. અખરોટ સહેલાઇથી પચે એવાં હોવાથી, અને તેમાં વિટામિન 'બી' વધારે તથા વિટામિન 'એ' પણ હોવાથી બદામ કરતાં પણ તે ચડિયાતાં છે.

બધાં કવચવાળાં ફળોમાં પિસ્તાંમાં વિટામિન 'એ' વધારે પ્રમાણમાં છે; બદામમાં તેની માત્ર છાંટ છે. અખરોટમાં ૧૦૦ ગ્રામમાં ૧૦ યુનિટના પ્રમાણમાં છે. વિટામિન 'બી-૧' માત્ર બદામ, મગફળી ને અખરોટમાં છે. અખરોટમાં ૧૦૦ ગ્રામમાં તેનું પ્રમાણ ૧૫૦ ઈન્ટરનૅશનલ યુનિટ છે, જે મગફળી પછી બીજા ક્રમમાં આવે છે. અખરોટમાં વળી લોહ પણ સારા પ્રમાણમાં છે અને તેનું ઉષ્ણાંક મૂલ્ય પણ સૌ કવચવાળાં ફળોમાં વધારેમાં વધારે-એટલે કે ૧૦૦ ગ્રામમાં ૬૮૭ ઉષ્ણાંક છે. બદામમાં તે ૬૫૫ અને પિસ્તાંમાં ૬૨૬ છે.

શિંગોડાં લીલાં શિંગોડાંને પાણીમાં બાફીને ખવાય છે અને સૂકાં શિંગોડાંનો લોટ ઉપવાસ દરમિયાન ફલાહારની વાનીઓ બનાવવામાં વપરાય છે. કવચવાળાં સૌ ફળોમાં આ એક જ ફળમાં કાર્બોહાઇડ્રેટ વધારે છે. ચરબી ને પ્રોટીન ઠીક પ્રમાણમાં છે. બદામમાં ૨૦ ટકા પ્રોટીન છે તો શિંગોડામાં લગભગ ૬ ટકા.

ભાવમિશ્ર શિંગોડાંને 'સ્વાદિષ્ટ, વીર્ય વધારનાર ને કબજિયાત કરનાર' ગણાવે છે. રાજનિઘંટુમાં તેમને વૃષ્યતમ એટલે ખૂબ જ તાકાત આપનાર અને ગુપ્તેંદ્રિયને દઢતા આપનાર વર્ણવ્યાં હોવાનું શ્રી બાપાલાલ વૈદ્ય લખે છે. શ્રી જાદવજીભાઈ વૈદ્ય શિંગોડાનો ધાવણ વધારનાર ગુણ પ્રત્યક્ષ અનુભવ્યાનું લખે છે. આ માટે તે જણાવે છે કે 'અરધો શેર દૂધમાં અરધો તોલો શિંગોડાંનો લોટ, અરધો તોલો શતાવરી, અરધો તોલો સૂકી લાલ દ્રાક્ષ, અરધો તોલો ચારોળી અને અરધો તોલો ભોંયકોળું નાખી, સાકર એલચી ઉમેરી, ખીર બનાવી દરરોજ આપવી. તેમજ કોપરું, ખસખસ, પિસ્તાં અને અખરોટ ચાવીને ઉપરથી ખાવાં.'

ચારોળી મિષ્ટાન્નને શોભા ને વિશિષ્ટ સ્વાદ આપનાર ચારોળી એ ફળનું મીંજ છે. ચણીબોરમાં જેમ ઠળિયો ને ઠળિયામાં મીંજ હોય છે, તેમ ચારોળીનાં નાનાં બોર જેવાં ફળની મીંજ એ ચારોળી છે.

મહર્ષિ સુશ્રુત ચારોળીને વાતપિત્ત હરનાર, વીર્ય વધારનાર, ભારે અને ઠંડી (સૂત્રસ્થાન ૪૬·૭૦) ગણાવે છે. ભાવમિશ્ર ચારોળી માટે લખે છે: 'તે મધુર, વીર્ય વધારનાર, પચવામાં ભારે, સ્નિગ્ધ અને દસ્તને રોકનાર છે.' ચારોળીનો મલમ ચામડીના ખસ-ખુજલીના રોગોમાં, તો દૂધમાં મેળવેલો તેનો ભૂકો શિળસ, ફુલસી અને મોઢા પરના ડાઘા દૂર કરવામાં વપરાય છે.

કાજુ મૂળ તો દક્ષિણ અમેરિકાના બ્રાઝિલનું વતની. ફિરંગીઓ તેને હિંદમાં લાવ્યા. આજે દક્ષિણ હિંદમાં તે સારા પ્રમાણમાં થાય છે. આહ્લાદક સ્વાદ તથા ગંધને લીધે તે હિંદભરમાં જાણીતાં છે.

બધાં કવચવાળાં ફળો કરતાં કાજુમાં વધારે પ્રોટીન (૨૧·૨ ટકા), વધારે કાર્બોહાઇડ્રેટ (૨૨·૩), લોહ, અને પિસ્તાં પછી બીજા ક્રમમાં વિટામિન 'એ' છે, તેમજ વિટામિન 'બી-૨' પણ છે. આ વિટામિન તો મગફળી સિવાય બીજા એકે કવચવાળા ફળમાં નથી. લોહ સૌ કવચવાળાં ફળોમાં વધુમાં વધુ પિસ્તામાં છે; ને તે પછીનો ક્રમ કાજુનો છે. સો ગ્રામ કાજુમાંથી ૫૯૬ ઉષ્ણાંક ગરમી મળે છે, જે પિસ્તાં પછીના ક્રમાંકમાં આવે છે. કાજુ સ્વાદિષ્ટ ને પૌષ્ટિક અને વીર્યવર્ધક છે.

મગફળી કવચવાળું ફળ નથી, પણ શિંબીધાન્ય છે. તે તેલથી સમૃદ્ધ હોવાથી કવચવાળાં ફળ ને તૈલીબિયાં સાથે તેની વર્ગણી થાય છે.

નાળિયેર દેવદેવીઓના યજ્ઞ અને પ્રસાદ માટે પવિત્ર લેખાતું અને માંગલિક કાર્યોમાં વપરાતું આ ફળ આપણી વાનગીઓના સ્વાદ તેમજ ઔષધ માટે પણ અનુપમ ચીજ છે. તેના વૃક્ષનો દરેકે દરેક ભાગ દરિયાકાંઠે વસતા લોકોના આર્થિક ને ઘરસંસારના ઉપયોગમાં આવતો હોવાથી તેને દરિયાકિનારાનું કલ્પવૃક્ષ કહેવામાં આવે છે.

તરોપા (અપક્વ નાળિયેર-જેને આપણે લીલું નાળિયેર કહીએ છીએ)નો ખાસ ઉપયોગ તેની અંદરના પાણી માટે છે. દરિયાકિનારાના ખારા પાણીમાં થવા છતાં આ ફળમાં મીઠું, મધુરું ને સ્વાદિષ્ટ પાણી સંઘરાય એ કુદરતની અજાયબી છે. આ પાણીમાં પ્રોટીન ૦·૨ ટકા, ચરબી ૦·૭ ટકા, શર્કરા ૦·૫૭ ટકા અને ખનિજ પદાર્થો ૦·૦૯ ટકા છે. તરોપો પક્વ થતાં તેમાં ચરબી અને તંતુઓનું પ્રમાણ વધે છે.





ટિકિટસંગ્રહ : ઇગ્લંડે હમણાં ત્રણ પ્રસંગોએ બહાર પાડેલી નવી ટિકિટોમાં આ વખતે કેટલીક તો ત્રિરંગી છે. બાજુની ઊભી અને હારમાંની મથાળાની, એ બંને ટિકિટો સાતમી પાર્લમેન્ટરી કૉન્ફરન્સ પ્રસંગની છે. તેની નીચેની ત્રણ ટિકિટો યુરોપીઅન કૉન્ફરન્સ ઑવ પોસ્ટલ ઍડમિનિસ્ટ્રેશનની છે. તેમાં યુનિયનના ૧૯ સભ્ય દેશોનું કબૂતરના આકારમાં જ ૧૯ કબૂતરો દ્વારા સૂચન કરેલું છે. છેલ્લી ટિકિટ પોસ્ટ ઑફિસની સેવિંગ્સ બૅંકની શતાબ્દીની છે.

તરોપામાં દ્રાક્ષ શર્કરા છે તો પક્વ નાળિયેરમાં કાર્બોહાઇડ્રેટ ઇક્ષુ શર્કરા (સુક્રોઝ)ના રૂપમાં છે. તરોપાનું પાણી ઠંડું, આહ્લાદક અને તાજગી આપનારું છે. થાક અને તરસ વખતે શ્રેષ્ઠ કુદરતી પેય છે. વળી આ પાણી જીવાણુવિહીન પરમ વિશુદ્ધ છે. હા, ચીરા પડેલા તરોપાનું પાણી જીવાણુઓ અને ફૂગથી દૂષિત હોય છે. આ પાણીમાં પ્રોટીનનું પ્રમાણ જોકે ઓછું છે પણ એમાં પોષણની દૃષ્ટિએ મહત્ત્વના એમાઇનો ઍસિડો છે. વિટામિનોમાં માત્ર નિકોટિનિક અને પેન્ટોથેનિક ઍસિડો (એટલે કે વિટામિન 'બી' જૂથ) છે.

ક્ષારો, કાર્બોહાઇડ્રેટ અને ચરબીયુક્ત એવું કુદરતી વિશુદ્ધ નાળિયેરનું પાણી એમાઈનો ઍસિડોવાળું હોવાથી બાળકોના આહારમાં પોષણદાયી પુરવણી તરીકે મૂલ્યવાન છે. જે બાળકોને દૂધનાં કોકડાં બાઝી ઊલટી થતી હોય તેમને દૂધ ને નાળિયેરના પાણીનું મિશ્રણ ખૂબ માફક આવે છે. નાળિયેરના પાણીની સેન્દ્રિય (ઑર્ગેનિક) અમ્લતાથી દૂધનાં કોકડાં થવાનું ઘટે છે, અને તેમાં થોડા પ્રમાણમાં શર્કરા તથા ચરબી હોવાથી તે શક્તિદાતા નીવડે છે.

નાળિયેરના પાણીમાં કૅલ્શ્યમ અને મૅગ્નેશ્યમ ઘણા પ્રમાણમાં છે. તે પ્રમાણે પોટાશ્યમ પણ છે. કન્જેસ્ટિવ–કાર્ડિયાક ફેઈલ્યોર નામે હૃદય રોગ તથા બીજા રોગોના કારણે શરીરમાં પાણી ભરાવાની સ્થિતિ વખતે પોટાશ્યમની સમૃદ્ધિના કારણે નાળિયેરનું પાણી મૂત્રલ નીવડે છે અને શરીરના સોજા ઉતારે છે. તે સારક અને કૃમિઘ્ન (પેટના કૃમિ મારનાર) ગણાય છે, અને તેમાં શર્કરા હોવાથી હોજરીના રોગોથી પીડાતા માટે તે ઘણું પથ્ય નીવડે છે. પ્રયોગશાળામાં જીવાણુઓની વૃદ્ધિ કરવા માટે તેનો વપરાશ થાય છે.

નાળિયેરના પાણી માટે ભાવમિશ્રનું કથન આવું છે : 'અગ્નિ દીપ્ત કરનાર, વીર્ય વધારનાર, હલકું. તરસ તથા પિત્તને મટાડનાર, મધુર ને મૂત્રાશયને બહુ જ સાફ કરનાર છે.' તરોપાનો કૂમળો ગર્ભ પણ મૂત્રલ છે. મધુમેહની સારવારમાં તેનો ઉપયોગ ફાયદાકારક લેખાયો છે.

બીજાં કવચવાળાં ફળોની સરખામણીમાં સૂકા નાળિયેરના કોપરામાં પાણી ઘણું વધારે—૩૬·૩ ટકા છે. તેમાં ૪૧·૩ ટકા ચરબી, ૪·૫ ટકા પ્રોટીન અને ૧૩·૦ ટકા કાર્બોહાઇડ્રેટ છે. વિટામિન 'એ'ની છાંટ છે; પણ વિટામિન 'સી' તો બીજાં કવચવાળાં ફળોની સરખામણીમાં માત્ર નાળિયેરમાં જ છે. જોકે છે ઘણું થોડું : ૧૦૦ ગ્રામમાં માત્ર ૧ મિલિગ્રામ. ૧૦૦ ગ્રામ કોપરામાંથી ૪૪૪ ઉષ્ણાંક ગરમી પ્રાપ્ત થાય છે; એટલી જ મગફળીમાંથી ૩૪૯ ઉષ્ણાંક ગરમી મળે છે.

ભાવમિશ્ર લીલા કોપરા માટે લખે છે : 'માંડ પચે એવું, મૂત્રાશયને સાફ કરનાર, ઝાડાને રોકનાર, પુષ્ટિ આપનાર ને બળ આપનાર છે.' મહર્ષિ સુશ્રુતનો મત આવો છે : 'ભારે, સ્નિગ્ધ, મધુર, બળ તથા માંસ વધારનાર, હૃદયને પ્રિય લાગે એવું, પુષ્ટિ આપનાર ને મૂત્રાશય સ્વચ્છ કરનાર છે.' (સૂત્રસ્થાન-૪૬ : ૯૩).

સૂકા કરતાં લીલું કોપરું પચવામાં સહેલું છે, પણ તેમાં વધારે ચરબી અને સખત તંતુઓ હોવાથી તેને ખૂબ ચાવીને ખાવાનું છે. લીલા કે સૂકા કોપરા સાથે ગોળના નાસ્તાને આપણે પૌષ્ટિક ગણ્યો છે. ગયા જમાનામાં યૌવનના ઉંબરે ઊભેલાં દૂબળાં પાતળાં ને બટકાંને શિયાળામાં કોપરું ગોળ ને ઘીનો ઘરગથ્થુ આહારોપચાર ઘણો સફળ નીવડતો હોવાનું જાણવામાં આવે છે. કોપરામાં રહેલું આથવણ માંસાહારના પ્રોટીનના પાચનમાં સહાયકર્તા નીવડે છે.

લીલા કોપરાનું દૂધ માંયકાંગલાં બાળકો માટે પૌષ્ટિક પેય છે. લીલા કોપરાના છીણને સ્વચ્છ કાપડમાં નાખી નિચોવવાથી સફેદ દૂધ જેવું પ્રવાહી મળે છે. કોપરાના આ દૂધમાં મધ કે પતાસું નાખી પાવું. ચરબી, પ્રોટીન, કૅલ્શ્યમ, ફૉસ્ફરસ ને લોહથી સમૃદ્ધ આ પેય સૂકતાન કે કવાસીકર રોગથી પીડાતા બાળકોને બળદાતા નીવડે છે.

સૂકું કોપરું પચવામાં ભારે છે, વિદાહી અને મળબંધ આણનાર છે; પણ તે મિષ્ટાન્ન સાથે રંધાવાથી સુપાચ્ય બને છે.

કવચવાળા સૌ ફળો ચરબી ને પ્રોટીનથી સમૃદ્ધ છે. તેમાં ખનિજ ક્ષારો ને થોડાં વિટામિનો છે. ખનિજ ક્ષારોમાં કૅલ્શ્યમ, ફૉસ્ફરસ ને લોહની ગણના છે. અન્નાહારીઓ માટે કૅલ્શ્યમ મેળવવાનાં બે સાધનો છે : દૂધ ને શાકભાજી. જે દૂધ પામી ન શકતા હોય તેમના માટે સૂકો મેવો છે. શિંગોડાં સિવાય સૂકા મેવામાં ચરબીના ભંડાર છે. એ સિવાય બીજો એકે ય ઉદ્ભિજ ખોરાક ચરબીથી આવો સમૃદ્ધ નથી. આ કારણે કવચવાળાં ફળોમાંથી માખણની અવેજીમાં ઉપયોગી નીવડે એવા સ્નેહલ (ફૅટી) પદાર્થો બનાવાય છે. નાળિયેરની ચરબીમાંથી માર્ગેરિન નામનું જાણીતું બનાવટી માખણ બનાવાય છે. વિટામિન 'એ' અને વિટામિન 'ડી' વગર માખણ જેટલું એનું પોષણમૂલ્ય તો નથી, પણ એનું ઉષ્ણાંક મૂલ્ય શુદ્ધ માખણ જેટલું છે.

ઓછા વજનમાં વધારે ગરમી અને શક્તિ આપનારો સૂકો મેવો એ સર્વોત્તમ ખાદ્ય છે. ઘઉં ને શિંબી ધાન્યો કરતાં એમનું પોષણમૂલ્ય વધારે છે. એમાંથી માંસાહાર જેટલું પોષણ મળી રહે છે. ❦

કલાવાર્તા

લુપ્ત થતી સાંઝીની કળા

(જુઓ ગુલાબી કાગળ પરની પૂર્તિ)

લેખક·વાસુદેવ સ્માર્ત

ઉત્તર પ્રદેશમાં, ખાસ કરીને તો વ્રજમાં ભાદ્રપદ માસના કૃષ્ણ પક્ષમાં, એટલે કે વૈષ્ણવ મહિના પ્રમાણે આશ્વિન માસના પહેલા પંદર દિવસ કુમારી કન્યાઓ સંધ્યા સમયે ગોબર, (ગાયનું છાણ), માટી, ફૂલ, પત્તી ઇત્યાદિથી દીવાલ પર દરરોજ નવી નવી ભાતોનું ચિત્રણ કરે છે. આ ચિત્રણમાં એક પરંપરાગત કથાનું આલેખન હોય છે. સાંઝના સમયે જ પુરાતાં આ આલેખનોને 'સાંઝી' કહે છે.

मृगमद चंदन केसरसों इयामाजू लोपी भींति
कामधेनुके गोबरसें रचि सांझी फुलन चीति ॥
धूप दीप धरि भोग अमृतरस आव आरती उतारि
गावत गीत पुनीत किशोरी श्रीवृषभान कुमारि ॥

આમ એ દિવસોમાં કુમારિકાઓ કેસરિયા ચંદનથી ભીંત લીપી, ગાયના છાણથી જુદી-જુદી આકૃતિઓનું નિર્માણ કરી, એમાં ફૂલ-પાન વગેરેથી સુંદર ભાત બનાવે છે.

એ સાંઝી-પૂજાની અધિષ્ઠાત્રી લોકદેવી ગૌરી મનાય છે, ને તે જ સાંઝી નામથી પૂજાય છે. કન્યાઓ આરતી ઉતારી ભોગ ધરે છે ત્યારે જે ગીતો ગાય છે તેમાં યોગ્ય પતિ, અક્ષય સૌભાગ્ય ને સમૃદ્ધ સુખી જીવનની પોતાની મનોકામના પૂર્ણ થાય એવી પ્રાર્થના હોય છે.

રાજસ્થાન-મારવાડ તરફના પ્રદેશોમાં પણ કુંવારી કન્યાઓ આ રીતે સાંઝીનાં માંડણાં માંડે છે. એમાં દરેક દિવસનાં જુદાંજુદાં આલેખનો હોયછે. એ આકૃતિઓમાં એવી કલ્પના હોય છે કે સાંઝી એક નાયિકા છે, જે પોતાને પિયેર આવી છે. એટલે પહેલે દિવસે સાસરેથી પિયર જતી નાયિકાના આલેખનથી શરૂ થઈ ક્રમાનુસાર દિવસે એ જુદાજુદા પ્રસંગો એમાં ચીતરવામાં આવે છે. અંતમાં વિજયાદશમીને દિવસે તેની સમાપ્તિ કરે છે. આમ, સાંઝીના પિયર-આગમનથી તે ફરી તે સાસરે વિદાય થાય છે ત્યાં સુધીની આ કથા 'સાંઝી'-ની લોકશૈલીમાં સહજ સુલભ સાધનો વડે ખૂબ કુશળતાપૂર્વક ચિત્રિત કરવામાં આવે છે. એમ મનાય છે કે સાંઝીનું આ પૂજન છેક વૈદકાળથી એક આદિ શક્તિની આરાધનાના સ્વરૂપમાં પરંપરાગત ઊતરતું આવ્યું છે.

કુમારિકાઓ રાજસ્થાનમાં સૂર્યાસ્ત સમયે એકતારા, પાંચપચેટા, સૂરજ, ચંદર, ચંદરવા, ઢોળ, પંખા, પાંચસલી, મોર, છાબડી, વીંઝણો, સાંઝીબાઇનો વરઘોડો ને તત્‌સંબંધી આકૃતિઓ એ માંડણાંમાં પૂરે છે. આમ, સાંઝી એ નાનપણથી કુમારિકાઓમાં કલાના સંસ્કાર જાગૃત કરતું લોકકળાનું એક વિશિષ્ટ અંગ છે.

વૈષ્ણવ મંદિરોમાં પણ આ કળા ખૂબ જ ઉત્કૃષ્ટ રીતે પણ જુદા સ્વરૂપે વિકસેલી માલૂમ પડે છે. ત્યાં એ રંગોળીના રૂપમાં પુરાય છે. કહે છે કે શ્રીમદ્ મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીના જ્યેષ્ઠ પુત્ર ગોસ્વામી વિઠ્ઠલનાથજીએ આ પ્રથા ચાલુ કરી હતી. એ ગોસ્વામીજીએ જ પુષ્ટિમાર્ગનું વ્યવસ્થિત સ્વરૂપ આપ્યું હતું. પ્રભુસેવાના પ્રકારો વગેરેનું સાહિત્ય એમણે જ નિયમબદ્ધ કર્યું છે. એઓ આ સંપ્રદાયના પ્રખર આયોજક હતા. વૈષ્ણવ સંપ્રદાયમાં વિવિધ કલાઓનું સ્થાન રસવૃત્તિની સૂક્ષ્મતાપૂર્વક ઠાકોરજીના ચરણમાં સમર્પિત કર્યું હોય તો એમણે. ત્યારથી બધી કળાઓ એ સંપ્રદાયના આશ્રય હેઠળ વિકસી અને ફૂલીફાલી.

એમણે ભાદ્રના કૃષ્ણપક્ષમાં (વૈષ્ણવી આશ્વિન માસના પ્રથમપક્ષમાં) ચોર્યાસી કોસની વ્રજયાત્રા કરેલી. આ પરિક્રમા પહેલીવાર પૂરી કર્યા પછી એમણે જે કાંઈ જોયું એ હમેશ માટે સ્મૃતિમાં જળવાઈ રહે ને ફરીફરી એનું સ્મરણ થાય એ માટે એમણે એ બધું સુંદર રીતે ચિત્રસ્થ કર્યું જે ખૂબ ઉત્કૃષ્ટ પ્રકારે મંદિરોમાં સાંઝી રૂપે પુરાતું આવ્યું છે. કહેવાય છે કે રંગોળી પૂરવાની આ પ્રથા તે અગાઉ ભગવાન શ્રી કૃષ્ણના સમયમાં પણ હતી.

પહેલાં તો આ સાંઝી હાથેથી રંગથી પુરાતી. હાલ ત્રણ પ્રકાર ચાલે છે: (૧) સાદી-કોઇ પણ ફલક પર કરેલી (૨) પાણી ઉપર કરેલી ને (૩) પાણીની નીચે પુરાતી સાંઝી.

પાતળા કાગળ પર કુશળતાપૂર્વક વિવિધ આકૃતિઓના કલાત્મક આલેખન કરી સાંઝીનાં બીબાં કોતરવામાં આવે છે. આમાં બહુરંગી સાંઝી પણ પુરાય છે, જેમાં જુદાજુદા રંગોના જુદાંજુદાં બીબાં બનાવાય છે. આ બધાં અલગ અલગ બીબાંની એક સુયોજિત સજાવટ વડે જ્યારે સાંઝી પુરાય છે ત્યારે સુંદર ચિત્ર જેવો ઉઠાવ લાવી શકાય છે.

ભગવાન શ્રી કૃષ્ણની અનેક લીલાઓના પ્રસંગો, જેવા કે ચીર-હરણ, અઘાસુર વધ, બકાસુરવધ, દાણલીલા, રાસ, ગોવર્ધનધારણ, બહુલાવન, કમોદવન, તાડવન, વૃંદાવન વગેરે પ્રસંગો પણ સાંઝીમાં અંકિત કરવામાં આવે છે.

વળી, ઠેરઠેર યોજન તરીકે મૂકવા માટે જાતજાતનાં સુંદર વૃક્ષો, પક્ષીઓ, પ્રાણીઓ, ઈમારતો, નારીકુંજર, નારીઅશ્વ, નારીની પાલખી આદિ સંયોજનાચિત્રોનો ઉપયોગ પણ સુશોભનાર્થે થતો આવ્યો છે.

સાંઝીનાં એ અનેકવિધ બીબાંઓમાંથી થોડા સુંદર નમૂના સુરતના આચાર્યજીના મંદિરના સંચાલક (ખાનગી સેવા) શ્રી છનુલાલ મૂળજીભાઇના સૌજન્યથી મેળવી આ સાથે આપ્યા છે. આ બીબાં ઘણાં વરસનાં જૂનાં છે. વીસરાતી જતી કળાના આ અવશેષોમાંથી અભ્યાસીઓની તૃષા કાંઈક છીપશે તો આ પ્રયત્ન સફળ થયો માનીશ.


આ અંકની વચ્ચે ગુલાબી કાગળ ઉપર છાપેલાં એ આલેખનોનો ઉપયોગ કઈ રીતે કરવો તેની સમજણ તો તેની શરૂઆતમાં આપી જ છે. અહીં એ ચિત્રોનો થોડો પરિચય કરીએ. સૌ પ્રથમ 'નારીઅશ્વનું' ચિત્ર છે. આ અંકના પૂઠા પર આપેલા 'નારીકુંજર'ની પેઠે સ્ત્રીઓ (ગોપીઓ)ની આકૃતિઓની સંયોજનાથી બનેલા અશ્વ પર કૃષ્ણની મૂર્તિ છે. તેની નીચે કૃષ્ણલીલાનો એક પ્રસંગ આપ્યો છે, બીજા પાના પર મથાળે આપેલાં વૃક્ષોને તો સુશોભનોમાં અનેક રીતે પ્રયોજી શકાય. એ જ પ્રમાણે તેની નીચે આપેલા કુંજરને બે સૂંઢ એટલા માટે આપી છે કે જે પ્રમાણે સૂંઢ દર્શાવવી હોય એટલો ભાગ જ રંગથી ભરી દેવો અને બીજી સૂંઢનો ભાગ સાંઝી ભરતી વખતે ઢાંકી રાખવો. આ રીતે એક જ ચિત્રમાથી બે રીતના હાથી મળી શકશે. સૂંઢ બંને કોરવી તો ખરી જ, પણ જોઈએ તેમ વાપરવી. તે પછી ગાય, હાથી ને ચાળી જેવું પ્રાણી છે. ઉપરનાં વૃક્ષોનું જૂથ સરજીને વચ્ચે વચ્ચે આવાં પ્રાણીઓ મૂકી વનનું દૃશ્ય ઉપજાવી શકાય.

ત્રીજે પાને સૌ પ્રથમ બકાસુર વધનું આલેખન છે. પછી આપેલાં વૃક્ષો, મૂષક, વાનર, કળાયેલ મોર વગેરેને પણ એકબીજા સાથે મૂકીને સુંદર સંયોજનો રચી શકાશે. મોરને ગોળાકારમાં ફરીફરી છાપીને મનોરમ રંગોળી ભરી શકાય. એ જ રીતે કપિનું ટોળું પણ બની શકે. વૃક્ષોને પણ ફરીફરીને એકબીજાની પડખે હારબંધ છાપી મોહક કિનારી નિપજાવી શકાય.

તે પછીના ચોથા પાના પરની ગોપીને પણ એ જ પ્રમાણે ગોળાકારે ફરીફરી છાપીને આખું રાસમંડળ રચી શકાય. એની પછીનો ફૂલગુચ્છો તો અનેક ઉપયોગમાં આવે એવો છે. એમાંનાં ફૂલ એક રંગમાં ને પાન-ડાળી બીજામાં છાપી સુંદર રંગભાત બનાવી શકાશે. તેની નીચેના શુકદ્વયનું કે રૂઆબદાર મોરનું પણ

સુંદર સંયોજન બની શકે. અને આ બધી ભાતો સાંઝી ઉપરાંત ભરત માટે પણ ઘણી કામ લાગે તેવી છે. મોર કે પોપટની કિનારી ભલેને એકજ રંગમાં ભરી હોયતોયે દીપીઊઠે.

એવી જ એક મળાની કિનાર છેલ્લે પાને પણ આપી છે, જેના બંને છેડા એવી રીતના છે કે તેને એકબીજાને અનુસંધાને છાપીને સળંગ કિનાર કે પટ્ટો ઉપજાવી શકાય. તેની સાથે આપેલો ગોપીવસ્ત્ર-હરણનો પ્રસંગ વૈષ્ણવ ભાવિકોની સાંઝી માટે મજાનો છે. અને નીચે આપેલો વાઘ જોયો? રંગોળી કે ભરત બંનેમાં ચાલે. નાના બાળકના કપડા પર તો આકર્ષણ કરે એવો પટ્ટેદાર એ છે. હં; ને છેલ્લે શું છે જાણો છો? વૃક્ષ તો ખરું જ, પણ એથી યે કૈંક વિશેષ તેમાં છે. બે મોર પણ બેઠેલા દેખાય છે ખરું? પણ ના, બે જ નહિ કુલ પાંચ મોર તેમાં છે. અને એ યે એવી રીતે ગોઠવાએલા છે કે એક સમગ્ર વૃક્ષ જ લાગે! મૂળ સાંઝીનાં આલેખનો ભરતકામ માટે પણ કામ લાગે એવાં છે. જરા વધુ બુદ્ધિ વાપરીને અને વિવિધ આલેખનોની સંયુક્ત રચનાઓ કરીને પણ અનેક નવી ભાત રચી શકાય. એટલું જ નહિ એના બીજા પણ સંખ્યાબંધ ઉપયોગ થઈ શકે: જેમકે બત્તીના શેડ પર એ છાપી શકાય, દીવાલ પર પણ તેનો ઉપયોગ થઈ શકે, કાચના પ્યાલાઓ પર પણ તેલરંગોથી છાપી શકો અને... અને... ઘણું યે થાય–જરા નિરાંતે વિચારીએ તો. (વિશેષ નમૂના હવે પછી)



ભારતીય કલાકાર વિવિધ ફૂલ-વેલો કઈ રીતે સર્જે છે તેના આલેખનનાં આ ચાર પગથિયાં પ્રમાણક છે.

નૃત્યાંગના કુ૦ સૌદામિની

લેખક: સુનીલ કોઠારી

એ રવિવારે સાંજે વરસાદ ખૂબ પડયો હતો, છતાં સોલી મામાએ (ભૂલાભાઈ મેમોરિયલ ઈન્સ્ટીટ્યૂટના ટ્રસ્ટી અને મુંબાઈની બૉમ્બે આર્ટ સોસાએટીના ચૂંટાએલા નવા મંત્રી) પુદુકોટ્ટા સ્ટેટના જાણીતા આસ્થાન (ગુરુ) સદ્ગત શ્રી શિવરામ નટ્ટુવનારના શિષ્ય શ્રી ટી. આર. મણિના નટ્ટુવાંગમ (ભરતનાટયમ નૃત્યના સંગીતસંચાલન) સાથેથનારા કુમારી સૌદામિનીના ભરતનાટયમ નૃત્યનો કાર્યક્રમ ન ચૂકવાની ખાસ ભલામણ કરી હતી.

કાર્યક્રમ પત્યે સોલી મામા નેપથ્યે લઇ ગયા ને એ કલાકાર જોડે ઓળખાણ કરાવી. એમનું નૃત્ય અને અભિનય ગમ્યાં હતાં. પણ સોલી મામાએ સંગીત વિષે કહેલું તે તો લેશ પણ કર્ણપ્રિય નહોતું. નટ્ટુવાંગમ હતું તો શાસ્ત્રીય, પણ ભારે કર્ણકટુ. ગાનાર ગાયિકા વેદવલ્લી સિવામગુરુનું ગાન મધુર નહોતું. બેએક 'પદમ્' વિષે મારે પણ સૌદામિનીને પૂછવું હતું. જરા વિચિત્ર લાગતા ગુજરાતી ઉચ્ચારો સાથે એણે થોડી ચર્ચા કરી અને બીજે દિવસે મળવાનું ઠરાવ્યું. તે પૂર્વે સોલી મામાએ એ નૃત્યાંગના વિષે કંઈક આવું કહ્યાનું સ્મરણ હતું કે 'અરે! એ તો નૃત્ય શીખવા એવી ઘેલી થઈ ગએલી કે મેડિસીનનો અભ્યાસ પડતો મૂકી ઘર છોડી ભાગી ગઈ હતી!'

'એ ખરું?' મેં બીજે દિવસે એને પૂછ્યું. સાથે એનાં મા સરલાદેવી અને ભાઇ હતાં. પિતાનું નામ કામેશ્વરરાવ. એ આંધ્રપ્રદેશમાં ગુન્તુરના રહેવાસી. રાષ્ટ્રીય ચળવળ દરમિયાન શહીદ ભગતસિંહ જોડે એમણે કામ કરેલું અને એમના અંતરંગ સાથીમાંના એક. જન્મે દક્ષિણ ભારતીય. રાજકીય પ્રવૃત્તિને કારણે ભૂગર્ભવાસ પણ સેવેલો અને લાહોર-કાવત્રા બનાવમાં ભાગ પણ લીધેલો. ખાસ્સો કારાવાસ ભોગવેલો. આ સિવાય વડોદરાના શ્રી માણેકરાવના હાથ હેઠળ 'ફીઝિકલ કલ્ચરિસ્ટ' તરીકે પણ કામ કરેલું. આંધ્રમાં સમાજવાદી પક્ષના સ્થાપક સભ્યોમાંના એક, પણ હાલ કૉન્ગ્રેસમાં આંધ્રના આગળપડતા નેતા છે. મદ્રાસ રાજ્યની ધારાસભામાં ગુન્તુર વિભાગના એ સદસ્ય હતા. સરલાબેન નામે ગુજરાતી સ્ત્રીને પરણ્યા. સ્વભાવે સાલસ અને પતિ-પરાયણ સરલાદેવીએ પતિને બધી પ્રવૃત્તિમાં યથામતિ શક્તિ સાથ આપ્યા કર્યો છે.

આમ, ગુજરાતી માતા ને દક્ષિણ ભારતીય પિતાની પુત્રી સૌદામિનીમાં પિતા જેવી નિશ્ચયાત્મકતા અને સરલાદેવીની સરળતાનો ઠીક સમન્વય થયો છે. નાનપણથી જ નૃત્યકલા પ્રત્યે અનુરાગ. બાલ્યવયે તેણે આંધ્રપ્રદેશનું (આજે હવે પ્રકાશમાં આવેલું, ને જાહેર-રંગમંચ પર ભારતભરમાં આંધ્ર ઉપરાંત અન્યત્ર પણ રજૂ થતું) 'કુચીપુડી' નૃત્ય જોયું અને લગની લાગી. પણ બૅન્ગ્લોર ખાતે કૉલેજમાં દાક્તરીવિદ્યાનો અભ્યાસ કરવાની હોંશ હોવાથી તેની સાથોસાથ ભરતનાટયમ્ શીખવું શરૂ કર્યું. એમનાં પ્રાધ્યાપિકા શ્રીમતી લીલા ભાસ્કરૈયા ભરતનાટયમ્-નૃત્ય-પ્રવીણા. એમનાં નૃત્યો જોઇ વધુ પ્રેરણા મળેલી. પછી સૌદામિનીએ કૉલેજમાં વાર્ષિકોત્સવ પ્રસંગે ભરતનાટયમ્ રજૂ કર્યું. એમાં બીજું જ ઇનામ મળ્યું. તે દહાડાથી ભણવાનું મૂકયું કોરાણે, ને નૃત્યોપાસના માંડી દીધી.

શરૂમાં બેત્રણ વર્ષ તો યોગ્ય ગુરુની શોધમાં જ વીત્યાં. પહેલાંપહેલાં તો મામા કિશોરલાલ અભિનય શીખવતા. એ એમના પ્રથમ ગુરુ. પછી પુદુકોટ્ટા સ્ટેટના આસ્થાન (રાજ્ય સન્માનિત સ્થાયી ગુરુ) શિવરામ નટ્ટુવનારની પુત્રી રંગનાયકમ્મા સ્નેહવશ થઇ ઓઉત્સાહી



મુદ્રા દ્વારા અભિનય વિભાગનું પદમ્

નૃત્યશૈલી કન્યાને શીખવવા લાગ્યાં. ભારતભરમાં સ્ત્રી વાદકોમાં મૃદંગવાદક તરીકે અજોડ રંગનાયકમ્માએ દક્ષિણ ભારતની કોકિલકંઠી ગાયિકા શુભલક્ષ્મી ઉપરાંત અનેક ખ્યાતનામ ગાયક-ગાયિકાની સંગત મૃદંગ ઉપર કરી છે. શિવરામ નટ્ટુવનારના શિષ્ય ટી. આર. મણિનાં સૌદામિની પ્રથમ શિષ્યા. તાંજોર શૈલીની શાખા જેવું ગુન્તુરનું એમનું ભરતનાટ્યમ્ જરૂર જુદું જ વર્તાઇ આવતું હતું.

એકવાર નક્કી કર્યું કે શીખવું છે અને તે યે પરંપરાગત શાસ્ત્રીય નૃત્ય જ, પછી સૌદામિનીએ ઉપલબ્ધ બધાં જ નાટ્યશાસ્ત્રવિષયક તેલુગુ પુસ્તકો અને છૂટાછવાયા નૃત્યવિષયક લેખો આદિ વાંચવા માંડયા અને સિદ્ધાંતદીક્ષા (theoretical knowledge)માં પારંગત થયાં. એમનું અરંગેત્રમ્ (દીક્ષાન્ત નૃત્ય સમારોહ) પૂનામાં ૧૯૫૯ની ૮મી નવેમ્બરે યોજાયું ત્યારથી જ ગુરુ અને અન્ય વાદકોનું મંડળ પૂનામાં એમને ત્યાં જ વસવાટ કરે છે અને સૌદામિની નિત્ય ભરતનાટ્યમ્ શિક્ષણ લે છે. અરંગેત્રમ પછી મુંબાઈમાં પ્રથમવાર ભારતસંગીતસભાના ઉપક્રમે સંપૂર્ણ એકમ નર્તન (સોલો ડાન્સ) ભરતનાટ્યમ્‌નો કાર્યક્રમ આપ્યો. તેમાં એમણે તીસ્રમ તાલમાં ‘અલ્લારીપુ’ ને ‘જતિ-સ્વરમ’ રજૂ કરેલાં, મિશ્રમ્ તાલમાં ‘શબ્દમ્’ અને આદિ તાલમાં શંકરાભરણરાગમાં નિબદ્ધ ‘વર્ણમ્’ રજૂ કર્યું હતું. પછી રજૂ થતા અભિનય ‘પદમ્’ વિભાગમાં જે પાંચેક પદમ રજૂ કર્યાં તેમાં ‘વંદકાર્યંમ’ ‘નટનમ્’, ‘અડિનાર’ ને ‘વલ્લિચૂર્ણિકા’ નોંધપાત્ર હતાં. એમાં યે ‘અદિન્દુ પદિન્દુ’, ‘યમતાલદિના’ બન્ને જવલ્લે જ જોવા મળતાં પદમ્ જોઈ આનંદ થયો હતો. ગોપીઓ સ્નાન કરે છે ત્યારે કૃષ્ણે કરેલા વસ્ત્રાપહરણના નિરૂપણનું ‘પદમ્’ અત્યંત ભાવવાહી ઢબે રજૂ થયું હતું. ગોપીઓની વિનતિ, લજ્જા ઢાંકવા મથતી એ અંગનાઓની મૂંઝવણ, મુદ્રાઓ સાથેનો વિવિધ ‘અડવું’ સહિતનો શુદ્ધ નૃત્તનો સંતુલિત સમન્વય સૌની ચાહના સંપાદિત કરી શક્યાં હતાં. એમાં જોવા મળેલા કેટલાક અંગ-વિન્યાસ વગેરે ભરતનાટ્યમ્‌માં મેં પ્રથમ વાર જ જોયા હતા અને મારા ધારવા પ્રમાણે મુંબઈમાં એ પ્રથમ વાર જ રજૂ થયા હતા. શાસ્ત્રીયતા અને નિષ્ઠાપૂર્ણ રજૂઆત એ બે લક્ષણો સૌદામિનીના નૃત્યના વિશિષ્ટ ગુણો છે. એમના નૃત્ય-પ્રકારમાં જે અલગ તરી આવતું તત્ત્વ જોવા મળ્યું તે તાલ જતિપ્રધાન નૃત્તને કારણે હોઈ શકે એવું મારું માનવું છે.



શુદ્ધ નૃત્ત વિભાગ રજૂ કરતાં કુ૦ સૌદામિની

સૌદામિની તેલુગુ બહુ સરસ જાણે છે. વાને ઘઉંવર્ણાં ને મિતભાષી આ કલાકાર ગુજરાતી પણ ઠીકઠીક બોલે છે. સાધારણ રીતે ભરતનાટ્યમના નૃત્ય-અભ્યાસક્રમ ઉપરાંત નવ તેલુગુ પદમ, બે વર્ણમ, બે શબ્દમ ને કેટલાક વિરલ નૃત્ય-પ્રયોગો સૌદામિની શીખ્યાં છે. પૂનામાં છેલ્લાં ચારેક વર્ષથી જ વસવાટ કરે છે.

ગઇ (૧૯૬૧ની) નવમી સપ્ટેમ્બરે મુંબાઈના ફોર્ટ વિસ્તારમાં અચાનક સૌદામિની ફરી ભેટી ગયાં. થોડા દિવસ પૂર્વે જ કુ૦ શીલા રાવના ભરતનાટ્યમ્ નૃત્યના કાર્યક્રમ વખતે સોલી મામાએ સૌદામિની યુરોપના પ્રવાસે નૃત્યો રજૂ કરવા જવાનાં છે એવું કહેલું, તે વિષે પૂછ્યું ત્યારે કહે: ‘અરે! પહેલાં મારા પિતાશ્રીને તો મળો!’ તદ્દન શામળા ને ખાદીના દક્ષિણભારતીય પોષાક પહેરેલા કામેશ્વરરાવને મેં નમસ્તે કર્યા. સાથે સરલાદેવી અને વાદકો વગેરે હતાં. બધાં ૧૯મી સપ્ટેમ્બરે યુરોપ ઊપડી ગયાં. કેંદ્રીયમંત્રી શ્રી હુમાયૂં કબીરે પણ આ પ્રવાસ માટે સારી સગવડ કરી આપ્યાનું કામેશ્વરરાવે જણાવેલું. કશા ભભકાઠઠારા (ગ્લૅમર) વિનાની કે પરદેશ જવાની તકનાં નોબત-નગારાં ન વગાડનારી એ સન્ની નૃત્યાંગનાને મેં સફળ સફર ઇચ્છી. નવોદિતા નૃત્યાંગનાઓમાં પરંપરાગત શાસ્ત્રીય નૃત્ય-પ્રકાર પ્રત્યે અત્યધિક આદર અને શ્રદ્ધા ધરાવનાર આવી બહુ ઓછી કલાકાર જોઇ છે.





કલાકૃતિઓમાં રવીન્દ્રનાથ

ઉપર: ઈંગ્લંડના વિખ્યાત કલાકાર સ્વ. રૉથેન્સ્ટાઇને કરેલો ક્રેયૉન સ્કેચ; જમણી બાજુ: ન્યૂ યૉર્કના કલાકાર લેવૉન વેસ્ટે ૧૯૩૦માં કરેલું એચિંગ; નીચે ડાબી બાજુ: એક અમેરિકન કલાકારે કરેલું શિલ્પ; જમણી બાજુ: ઈંગ્લંડના નામી શિલ્પી જૅકૉબ એપ્સ્ટાઇને બર્મિંગહામ માટે કરેલું શિલ્પ.







યુવાન રવીન્દ્રનાથ

તસવીર: અવનીન્દ્રનાથ ઠાકુર

રવીન્દ્રનાથના પ્રતિભાસૂર્યની કળાઓ જ્યારે દેદિપ્યમાન થતી આવતી હતી એ સમયની, એવા જ પ્રતિભાવાન કલાકાર–એમના ભત્રીજા–અવનીન્દ્રનાથ ઠાકુરે રંગીન પેસ્ટલમાં કરેલી આ તસવીર એમના દેહ તેમજ આત્મા બંનેના સૌન્દર્યને ઉતારતી એક ઉત્કૃષ્ટ કલાકૃતિ છે.



યશવંત
મુકુંદરાય
પંડયા

ક્રિકેટનો જાદુગર રણજી

[ઇંગ્લંડની એમ. સી. સી.ની ક્રિકેટ ટીમ હમણાં અહીં રમવા આવી છે એ પ્રસંગે આજથી સિત્તેર વર્ષ પર ઇંગ્લંડમાં પોતાની પટુતા ને પ્રતિભાથી નામ કાઢી ત્યાંના લોકલાડીલા બનનાર એ ભારતીય ક્રિકેટવીરનો પરિચય ઉપયુક્ત ગણાશે.]

ખરેખર, જાદુગર જ લાગે!–ક્રિકેટના ક્ષેત્રમાં ઇંગ્લંડમાં એમણે જે ચિલઝડપ કારકિર્દી ઘડી એ જોઈને. માટે જ તો અંગ્રેજ ક્રિકેટશોખીન પ્રજાએ એમને 'રણજી'નું હુલામણું નામ આપેલું. એમનું લાંબું ઔપચારિક નામ 'કર્નલ હિઝ હાઇનેસ શ્રી સર રણજિતસિંહજી વિભાજી, મહારાજા જામસાહેબ ઑવ નવાનગર'. કેમ્બ્રિજમાં એ ભણતા ત્યાં એમને 'સ્મિથ'ને નામે પણ બોલાવતા. ક્રિકેટના રંગમંચ પર બ્રૅડમેનનો પ્રવેશ થયો તે પહેલાં 'રણજી' ક્રિકેટમાં અર્ધો ડઝન ઝળકતા સિતારાઓમાંના એક હતા.

ઈ. ૧૮૯૧માં પહેલી વાર એ અભ્યાસાર્થે કેમ્બ્રિજ ગયા ત્યાં કેસેન્ડ્રા ક્લબ તરફથી 'પાર્કર-પીસ' ગ્રાઉન્ડ ઉપર એમણે પહેલવહેલો મોટો જુમલો કર્યો.

કહેવાય છે કે એક વાર પોતાની ટીમ તરફથી રણજી ત્યાં રમવા ગએલા. પોતાની ટીમના બીજા ખેલાડીઓ હજુ રમતા હતા અને પોતાનો વારો આવવાને વાર હતી એ દરમ્યાન રણજી 'પાર્કર પીસ' ઉપર લટાર મારવા નીકળ્યા. ત્યાં બીજે સ્થળે એક મૅચ રમાતી હતી તેમાં એક ટીમમાં એક ખેલાડીની અચાનક તૂટ પડી, એટલે એમની વિનતિથી રણજી રમવા બેસી પડયા અને જોતજોતામાં સદી નોંધાવી દીધી; અને પછી જાણે કંઈ બન્યું જ ન હોય તેમ, પાછા આવી પોતાની ટીમની બીજી ઇનિંગ્સમાં પાછી સદી નોંધાવી! પહેલી નજરે કદાચ આ વાત માનવા જેવી ન લાગે; પણ આ તો હકીકત છે કે તે પછી થોડાં વર્ષ બાદ યૉર્કશાયર સામે એમણે એક જ દિવસમાં બે સદી નોંધાવેલી : એક લંચ પહેલાં, ને એક ચાહના વિસામા પછી!

કેમ્બ્રિજના અભ્યાસના પ્રથમ વર્ષ દરમ્યાન તો એ ટીમમાં પણ લેવાયા ન હતા. તે વખતના કેમ્બ્રિજના કૅપ્ટન એફ. એસ. જૅકસન એક વાર 'પાર્કર પીસ' પર રમતો જોવા નીકળેલા, ત્યાં એમણે એક ઠેકાણે લોકોનું મોટું ટોળું જમા થઈને રસપૂર્વક કોઈની રમત બિરદાવતું જોયું. ટોળામાં પેસી જુએ તો એક જુવાનિયો ઘૂંટણિયાં વાળીવાળીને લેગ પર ફટકા મારતો હતો. છતાં તે વખતે 'રણજી'ની એના પર ખાસ છાપ ન પડી અને પહેલે વર્ષે એ ટીમમાં ન લેવાયા.

પ્રૅક્ટીસ કરતાં તો 'રણજી' બિલકુલ થાકતા જ નહિ. કહેવાય છે કે રક્ષણાત્મક રમત શીખવતા ડાન હૅવર્ડ તો એમનો જમણો પગ બાંધી રાખતા! રણજીને આ ગમતું નહિ ને આવી 'ડિફેન્સિવ' રમતને ડરપોક ગણી એ ધિક્કારતા; અને એમાંથી જ 'ક્રિકેટનો ઇતિહાસ' જન્મ્યો એમ કહીએ તો ચાલે. રણજી તો રક્ષણાત્મક ફટકો મારવાને બદલે પોતાના કાંડાના વળાંકમાત્રથી જ (શરીર જરા પણ હલાવ્યા વગર) ઝડપી બૉલરના બૉલને લેગ ઉપર એવી તો સિફતથી મારતા કે બૉલ વીજળીની ગતિથી મેદાન વીંધી જતો, ને આમ ક્રિકેટરમતના ખૂબ જાણીતા ફટકા 'લેગ ગ્લેન્સ'નો જન્મ થયો. આ ફટકા માટે એમને બિલકુલ આયાસ નહોતો કરવો પડતો. સિગારેટ માટે દીવાસળી સળગાવતા હોય એટલી સહેલાઈથી એ ફટકો રમતા.

૧૮૯૩માં રણજીએ 'કેમ્બ્રિજ બ્લુ' પ્રાપ્ત કર્યો. જો જૅક્સન લૉર્ડ હૉક્સની સરદારી નીચે હિંદમાં ટીમ ન લાવ્યા હોત તો રણજીએ કદી 'બ્લુ' પ્રાપ્ત ન કર્યો હોત. અહીં જ એને ખબર પડી કે હિંદીઓ ચમકદાર રમત રમી શકે છે.

રણજીની ફીલ્ડિંગ પણ એટલી જ વખણાતી. દડો તો જાણે લોહ-ચુંબકની માફક એમની પાસે ખેંચાતો. કહેવાય છે કે યુનિવર્સિટી અને યૉર્કશાયરની એક મૅચમાં એક વાર ટુનીક્લિફે રણજીની ફીલ્ડિંગમાં લૉંગ ફીલ્ડમાં જબ્બર ફટકો માર્યો ને રન લેવા દોડયો, બીજા ફીલ્ડરો બૉલ ક્યાં ગયો તે જોઈ રહ્યા. કૅપ્ટન જૅક્સને બૂમ પાડી : 'અરે સ્મિથ! ઊભા ન રહો-બૉલની પાછળ દોડો!' પણ ત્યાં તો રણજીએ નિર્દોષ આશ્ચર્ય બતાવી બૉલ પોતાના ગજવામાંથી કાઢયો!

કેમ્બ્રિજથી રણજી બ્રાઈટન ગયા. ત્યાં ૧૮૯૬માં યૉર્કશાયર સાથે રમતાં એમણે એક દિવસમાં બે સદી નોંધાવી. એ જ વર્ષમાં ઓલ્ડ ટ્રૅફર્ડ ઉપર રમતાં પહેલી ટેસ્ટમાં એમણે બીજી ઇનિંગ્સમાં નૉટ આઉટ

રહીને જે ૧૫૪ રન કર્યા એ રમત ખરેખર આંજી નાખે એવી હતી.

૧૮૯૬માં 'જેન્ટલમેન' વિરુદ્ધ 'પ્લેઅર્સ'ની મૅચમાં રણજી માત્ર દસ મિનિટ જ રમીને આઉટ થએલા એ વિરલ હતું; પણ એટલા થોડા વખતમાં એઓ જે રીતે રમ્યા એ તો એથી યે વિરલ હતું! એ રમત દરમ્યાન એ માત્ર ૧૩ બૉલ રમ્યા. તેમાં ટૉમ રીચાર્ડસનના ગોલંદાજી જેવા પહેલા પાંચ બૉલમાં એમણે ૧૮ રન કર્યા. પછી સામી બાજુએ ગયા ત્યારે બીજો ગોલંદાજ બૉલર જૅની બ્રિગ્સ હતો. એને તો એવો ફટકાર્યો કે જુમલો ૪૭ ઉપર પહોંચાડી દીધો! ત્યાં તો ૧૩મા બૉલે (એ બૉલ પેટમાં વાગ્યો હતો છતાં) 'એલ. બી. ડબ્લ્યુ' જાહેર થયા.

૧૮૯૭મા ફેફસાંના દર્દથી પીડાતા હૉસ્પિટલમાં હતા ત્યારે રણજીએ 'જ્યુબિલી બુક ઑવ ક્રિકેટ' લખી અને રાણી વિક્ટોરિયાને અર્પણ કરી. બધી મૅચમાં મળીને રણજીએ ૭૨ સદીઓ નોંધાવી હતી, ને બે વખત (૧૮૯૯ તથા ૧૯૦૦માં) તો એમણે એક સીઝનમાં ૩૦૦૦થી વધુ રન કર્યાં હતા. ૧૯૦૨માં 'વેસ્ટ ન્યૂહામ' વિરુદ્ધ 'ઇસેક્સ'માં રમતાં રણજીએ સાતમી વિકેટની ભાગીદારીમા ૩૪૪ રન કરી વિક્રમ કર્યો હતો.

ઈ. ૧૯૧૫માં શિકારમાં એમણે એક આંખ ગુમાવી ને ૧૯૩૩માં એમનું અવસાન થયું ત્યારે ક્રિકેટ-જગત શોકમાં ડૂબી ગયું.

(જે. જે. થૉમસનની 'ક્રિકેટ માઈ હૅપિનેસ' ઉપરથી)



માધુકરી

જિન્દગી જેના વિના લખી ગયું તે તું જ કે?
ઇન્દ્રિયો જેના વિના ભૂખી ગયું તે તું જ કે?
ખાણમાં દોરી જનારી કેડી એ પણ તું જ કે?
ઊર્ધ્વમાં આરોહવાની સીડી એ પણ તું જ કે?
સર્વમાં જે સર્વ રૂપે વ્યક્ત છે તે તું જ કે?
ને દશાંગુલ સર્વ પર અવ્યક્ત તે પણ તું જ કે? –જયંત પાઠક

આકાશવાણીના સર્વોચ્ચ નિયામક: બલવન્ત (બી. પી.) ભટ્ટ

ભારતની એક મહાન સંસ્કારસંસ્થા 'આકાશવાણી' (ઑલ ઇંડિયારેડિયો)ના ડાયરેક્ટર જનરલના ઉચ્ચોચ્ચ પદે ગયે મહિને એક ગુજરાતીની નિમણૂક થઇ, એ જાણીને પ્રત્યેક ગુજરાતી ગૌરવ અને આનંદ અનુભવશે.

બી. પી.ના નામે ઓળખાતા શ્રી બળવંતભાઇ ભટ્ટનો જન્મ ૧૯૦૯ની ૨૪મી ઑક્ટોબરે સૌરાષ્ટ્રના લીલિયા ગામે થયો હતો. એમના પિતા શ્રી પ્રભુરામ મિચરભાઇ ભટ્ટ જૂના ભાવનગર રાજ્યના કેળવણીખાતામાં એડ્યુકેશનલ ઇન્સ્પેક્ટર હતા. એમનાં માતુશ્રી જયાબેન પણ એ જ ખાતામાં કામ કરતાં. આમ, માતા અને પિતા બંને તરફથી કેળવણી ને સંસ્કાર વારસામાં મેળવવાના સુભાગી બળવંતભાઇ પ્રાથમિક ને માધ્યમિક શિક્ષણ પિતાની બદલીઓને લીધે ભાવનગર રાજ્યમાં જુદેજુદે સ્થળે લઇને મહુવા હાઈસ્કૂલમાંથી મૅટ્રિક થયા; ને ભાવનગરની શામળદાસ કૉલેજમાંથી ૧૯૩૨માં એમણે અંગ્રેજી ઑનર્સ અને ગુજરાતી પાસ વિષયો સાથે બીજા વર્ગમાં બી. એ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઇ ફેલોશિપ મેળવી. તે પછી એમ. એ. થવા તેઓ મુંબાઇની એલ્ફિન્સ્ટન કૉલેજમાં જોડાયા અને અંગ્રેજી મુખ્ય તથા ગુજરાતી ગૌણ વિષયો લઇને ૧૯૩૪માં બીજા વર્ગમાં એમ. એ. થયા. એલ્ફિન્સ્ટન કૉલેજમાં ગુજરાતી તથા અંગ્રેજી ભાષાના અગ્રણી વિદ્યાર્થી તરીકે વિદ્વદ્વર્ય નરસિંહરાવનું ધ્યાન એમના તરફ ખેંચાએલું અને તેઓ એમના પ્રેમ અને આદરના અધિકારી બનેલા. એ પછી અંગ્રેજી સાહિત્યના ઉચ્ચતર અભ્યાસ માટે ૧૯૩૫માં તે ઇંગ્લૅંડ ગયા ને લંડન યુનિવર્સિટીની કિંગ્સ કૉલેજમાં એક વર્ષ ગાળીને અંગ્રેજી ટ્રાઇપૉસ માટે વિખ્યાત કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં દાખલ થયા. ત્યાં 'ક્યૂ' (Q)ના ટૂંકા નામથી વિખ્યાત બનેલા સર આર્થર કૂવિલર કૂચ એમના અંગ્રેજીના પ્રાધ્યાપક હતા અને એ 'ક્યૂ'ના અનુગામી તથા કેમ્બ્રિજના અત્યારના અંગ્રેજીના પ્રોફેસર બૅસિલ વિલી એમના ટ્યૂટર હતા. એ બૅસિલ વિલીના વ્યક્તિગત માર્ગદર્શન હેઠળ તેઓ કેમ્બ્રિજ યુનિવર્સિટીના પેમબ્રોક કૉલેજમાંથી અંગ્રેજી ટ્રાઇપૉસમાં બીજા વર્ગના અસાધારણ પહેલા ડિવિઝનમાં પાસ થયા. અહીં તેઓ એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે પ્રખ્યાત અંગ્રેજ વિવેચકો શ્રી એફ. એલ. લ્યુકાસ, આઇ. એ. રિચાર્ડ્સ, એફ. આર. લીવિસ, ટિલ્યર્ડ આદિના અંગત સંપર્કમાં આવ્યા. એ અધ્યયનકાળ દરમિયાન એમણે ટૉમસ કાર્લાઇલ પર એક અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન આપેલું જેનાથી આ અંગ્રેજ વિવેચકો બહુ પ્રભાવિત થયા હતા.



ઇંગ્લંડથી પાછા ફરીને ૧૯૩૯માં શ્રી ભટ્ટ દિલ્હી યુનિવર્સિટીની હિંદુ કૉલેજમાં અંગ્રેજી સાહિત્યના પ્રાધ્યાપક તરીકે જોડાયા. તે પછી

આપણાં (સરીસૃપ) પ્રાણીઓ–૩
ખડચીતળો



ખડચીતળો કે ચીતળો જો એક વાર જોયો હોય તો કદી ભુલાય નહિ. રંગે આછો લાલ-પીળચટ્ટો, કે બદામી. ડીલ પર વીંટી જેવાં ગોળ કે લંબગોળ ચકરડાં, જેની વચ્ચેનો ગાળો તેના શરીરના વાન કરતાં કંઇક ઘેરો ને ફરતી ગોળ કાળી લીટી. એની લગોલગ એક ધોળી ધાર. આથી સંસ્કૃતમાં એને 'મંડલી' કહે છે. પીઠની વચ્ચોવચનાં આ ચકરડાં માથાથી તે ઠેઠ પૂછડી સુધી હોય છે. આ હાર-ની બંને બાજુ પણ એવી જ એક એક હાર હોય છે. Russell's Viper–Vipera Russelli એ એનું અંગ્રેજી ને શાસ્ત્રીય નામ.

ચીતળાનું માથું ચપટું, પહોળું ને આગળથી સાંકડું હોઈ ગરદન કંઈક દૂબળી લાગે. મોંફાડ ગુફા જેવી વિશાળ અને અંદર પાંચ સાત દંષ્ટ્રાઓની ભયંકર હાર. એમાં યે બે-ત્રણ વધુ મોટી, છતાં મોં બંધ કરે ત્યારે તાળવા સરસી લપાઈ જાય તેવી હોય છે.

ચીતળો સીધો સડસડાટ નહિ, પણ ગૂંચળું વળીને ચાલે છે. નિશાચર હોઈ બહુ ઓછો જોવા મળે, છતાં ક્યારેક તડકો ખાતો દેખાય ખરો. ગાઢ જંગલમાં એ નથી હોતો.

લંબાઈ ત્રણથી ચાર ફૂટ. તેના પ્રમાણમાં શરીર કંઈક સ્થૂળ. માદા જીવતાં બચ્ચાં જણે.

એમનો આહાર ઉંદર. પણ દેડકાં, કાચંડા, ગરોળી કે ખિસકોલી પણ એને ભાવે ખરાં.

કરડતાં વાર કરે; પણ કરડે ત્યારે છલંગ મારી, કરડીને પાછો ગૂંચળું વળી જાય. નાસવા મળે તો ધસારો ન કરે ને નાસે તો યે દમામથી.

એનું વિષ નાગ કે કાળોતરાના વિષથી ભિન્ન. કરડે કે તરત તીવ્ર દાહ થઈ સોજો આવે ને આસપાસની ચામડી લીલી કે આસમાની થઈ, મરી જવાથી તેના પર સફેદ છારી જેવાં ભીંગડાં વળી જાય. વિષ લોહીમાં ભળતાં તેમાંના લાલ કણો નાશ પામી લોહીમાંનો ઑક્સિજન ઘટી જઈ અંગ ઢીલાં પડી જાય છે. ...શની જગ્યાએથી પાણી જેવું લોહી વહેવા માંડે છે, જ્ઞાનતંતુઓની શક્તિ હણાઈ જાય છે ને માણસ રિબાઈ રિબાઇને મરે છે.

(શ્રી 'વનેચર'ના લખાણ પરથી)

ત્રણ વર્ષ સુધી એ યુનિવર્સિટીની જુદીજુદી કૉલેજોમાં અંગ્રેજી ભાષા-સાહિત્યનું અધ્યાપનકાર્ય કર્યું. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન તેઓ ઈન્ફર્મેશન ઍન્ડ બ્રોડકાસ્ટિંગ મિનિસ્ટ્રીના 'સૉંગ પબ્લિસિટી ઑર્ગેનિઝેશન'માં ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે જોડાયા ને તે પછીનાં વિભાજન પહેલાંનાં પાંચ વર્ષ દરમ્યાન એ ખાતામાં જુદેજુદે પદે તેમણે કામગીરીઓ બજાવી. ભાગલા થતાં ૧૯૪૭માં જ્યારે સરદાર પટેલે એ ખાતું સંભાળ્યું ત્યારે એમને કાર્યક્રમો માટેના ખાસ ફરજ પરના અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા, જે પછી તરત એમને દિલ્હીના આકાશવાણી કેન્દ્રના સ્ટેશન ડાયરેક્ટર (કેન્દ્રનિયામક) બનાવાયા.

૧૯૪૭થી ૧૯૫૨ સુધી એમણે એ પદને યશસ્વી રીતે શોભાવ્યું અને એ જ કારકિર્દી દરમ્યાન એમણે પોતાની દેખરેખ હેઠળ ગાંધીજીનાં ત્યાંની પ્રાર્થનાસભાઓનાં પ્રવચનોનું રેકર્ડિંગ કરાવી લીધું. એ રેકર્ડિંગ ૫૦ કલાક કરતાં વધુ સમયનું છે અને આજે એ ભારતની કેવી મોંઘી સંપત્તિ છે એ કહેવાની જરૂર નથી.

એ પછી ૧૯૫૨માં એમને આકાશવાણીના મુંબાઇ કેન્દ્રના નિયામક તરીકે મૂકવામાં આવ્યા. ત્યાં વચ્ચે કલાકારો અને ખાતા વચ્ચે કંઠની પરીક્ષા અંગે ઉગ્ર મતભેદ ઊભા થએલા, તેમાં તેમણે અત્યંત દક્ષતા, કુનેહ ને ધીરજથી નિરાકરણ આણીને કઠિન સમયમાંથી મુંબાઈ સ્ટેશનને પાર કર્યું. એમની બાહોશીની કદર રૂપે ૧૯૫૫માં એમને આકાશવાણીના ડાયરેક્ટર જનરલ (ઈન્સ્પેકશન) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા, ૧૯૫૬માં કાર્યક્રમોનો સમગ્ર વિભાગ સોંપવામાં આવ્યો અને હવે ગયે મહિને આકાશવાણીના સર્વોચ્ચ પદે ડાયરેક્ટર જનરલ તરીકે એમની નિયુક્તિ થઈ છે. આમ, ભાગલા પહેલાંના તેમજ પછીનાં વર્ષોમાં આકાશવાણીના વિકાસ તથા વિસ્તારના એ માત્ર સાક્ષી જ નથી રહ્યા, પણ એમાં એમનો મોટો ફાળો પણ છે. એ કારકિર્દી દરમ્યાન એક બાહોશ, કલ્પનાશીલ, નિષ્ઠાવાન ને વફાદાર અધિકારી તરીકે એમણે પ્રતિષ્ઠા મેળવી છે અને સૌનાં પ્રેમ ને આદર સંપાદન કર્યા છે. જે જે પદે એ નિયુક્ત થયા તે તે પદ એમણે શોભાવ્યું છે ને એ પદ હેઠળના કામને એમણે કળશ ચડાવ્યો છે. સૌજન્યશીલ ને ન્યાયપ્રિય સ્વભાવને લીધે એમણે સૌના દિલમાં આદરભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

શ્રી ભટ્ટે દુનિયાની બ્રૉડકાસ્ટિંગ પદ્ધતિઓનો અભ્યાસ કર્યો છે. ઈ. ૧૯૫૮માં ટોકિયોમાં ભરાએલી બીજી એશિયન બ્રૉડકાસ્ટર્સ કૉન્ફરન્સમાં ભારતીય પ્રતિનિધિમંડળના તેઓ આગેવાન હતા અને પરિષદે ઉપપ્રમુખ તરીકે એમની વરણી કરી હતી અગ્નિ એશિયામાં માહિતીનાં માધ્યમોના વિકાસ અંગે યુનેસ્કોએ '૬૦માં જે પરિષદ (કૉન્ફરન્સ ફૉર ધ ડેવેલપમેન્ટ ઑવ ઈન્ફર્મેશન મીડિયા ઈન સાઉથ ઈસ્ટ એશિયા) બોલાવેલી તેમાં યુનેસ્કોના આમંત્રણથી એમણે બ્રૉડકાસ્ટિંગના નિષ્ણાત તરીકે ભાગ લીધો હતો.

આ ઉચ્ચોચ્ચ ને ખૂબ જવાબદારીભર્યા સ્થાનેથી કામગીરી બજાવવામાંથી જ્યારે પણ એમને થોડી ઘણી નવરાશ મળે છે ત્યારે એ સંસ્કૃત સાહિત્યના વાંચનમાં સમય ગાળે છે. સંસ્કૃત એમનો રસવિષય છે. દિલ્હીના ગુજરાતીઓની સાહિત્યસંસ્કારપ્રવૃત્તિઓમાં પણ બળવંતભાઈ અને એમનાં સંસ્કારી પત્ની સૌ. ઈલાબેન મમતાપૂર્વક ભાગ લે છે.

પોતાની બાહોશી અને નિષ્ઠાભરી કામગીરીથી એક અધિકારી પોતાના ખાતામાં કેવી રીતે ઊંચામાં ઊંચું સ્થાન મેળવે છે તેનું શ્રી ભટ્ટ પ્રેરક ને ઉજ્જ્વલ દૃષ્ટાંત છે. આકાશવાણીના વિકાસમાં એમને હાથે અધિકાધિક પ્રદાન થઇને એમની કારકિર્દી ઉત્તરોત્તર યશસ્વી બને એવી શુભેચ્છા સાથે આપણે એમને અભિનંદીએ.

૪૧૫ ('કુમાર' અંક ૪૫૫)

ગણિતવિજ્ઞાનનું પ્રદર્શન

ગણિતશાસ્ત્ર એ માત્ર આંકડાઓની હારમાળા જ નથી પણ એમાં અનેક રહસ્યમય ને રસમય અજાયબીઓ ભરી છે. આ અજાયબીઓને સરળતમ રીતે સમજાવતું અને ગણિતના અઘરા સિદ્ધાંતોને વિવિધ નમૂનાઓ દ્વારા, સામાન્ય માણસ પણ સમજી શકે તે રીતે રજૂ કરતું એક પ્રદર્શન અમેરિકાના લૉસ એન્જેલિસ શહેરના એક સંગ્રહસ્થાનમાં મૂકવામાં આવ્યું છે. ચાર્લ્સ ઈમ્સ (Eames) નામના એક પ્રદર્શકે તેનું આયોજન કર્યું છે. પ્લાસ્ટિકની લખોટીઓ, વીજળીની કરામતો અને એવાં સામાન્ય સાધનો વડે એમણે આ આખી યોજના કરી છે. જાદુના ખેલ કે આનંદમેળાનાં પ્રમોદસાધનો જેવું એ પ્રદર્શન સામાન્ય માણસને ગણિતના અઘરા સિદ્ધાંતો ગમ્મત પડે તે રીતે સમજાવે છે.


દાખલા તરીકે આ સાથે જેનું ચિત્ર આપ્યું છે તે એક અજબ ને રસમય સિદ્ધાંત સમજાવે છે. 'મોએબિયસ બૅન્ડ' એનું નામ. ઓગણીસમી સદીમાં એક જર્મન ગણિતજ્ઞએ કાગળની એક પટ્ટીને અરધી મરડીને તેના બે છેડા સાંધી દઈ એક એવો આકાર રચ્યો કે જેને એક જ સપાટી અને એક જ ધાર હોય. એટલેકે કોઈ પણ પદાર્થ સળંગ રીતે તેની બંને બાજુની સપાટી પર ફરી શકે! એ શોધકના નામ પરથી એ આકારનું નામ 'મોએબિયસની પટ્ટી' પડયું. એ આકારના આ મૉડેલ ઉપર તીરના આકારની એક વીજળીક ગાડી ફરતી રહે છે, જે આખા મૉડેલની સપાટી પર તેની કિનારી વળોટયા વિના ફરી વળીને જ્યાંથી ઊપડી હોય ત્યાં જ પાછી ફરે છે!

એક 'પ્રૉબેબિલિટી પિન બૉર્ડ'માં એવી રચના છે કે બટન દબાવતાંની સાથે તેમાં એકસામટી લગભગ ૩૦,૦૦૦ જેટલી પ્લાસ્ટિકની ગોળીઓ, તેમાં ગોઠવેલી ૨૦૦ જેટલી ખીલીઓની ભુલભુલામણીમાં આડીઅવળી કૂદાકૂદ કરી મૂકે છે. દસેક મિનિટની આવી કૂદાકૂદ પછી એ બધી જ ગોળીઓ એક સુવ્યવસ્થિત ઢગના આકારમાં ગોઠવાઇ જાય છે. જ્યારેજ્યારે યંત્ર ચાલુ કરવામાં આવે ત્યારે દરેક વખતે આ જ પ્રમાણે એ ઢગ રચાય છે. ગણિતશાસ્ત્રના પ્રૉબેબિલિટીના સિદ્ધાંતથી 'રૅન્ડમ ચાન્સ' પર પણ નિયમન રાખી શકવાની આ સાબિતી છે.

બીજી તરફ એક એવી રચના છે કે જેમાં રાખેલાં ખાસ કાણાંઓમાંથી નજર કરતાં તમને બેએક મિનિટની એક કાર્ટૂન-ફિલ્મ જોવા મળે. ગમ્મતભરી એ પ્રત્યેક ફિલ્મ ગણિતનો કોઈ ને કોઈ અઘરો સિદ્ધાંત સરળતાથી સમજાવતી હોય છે।

અવકાશપ્રેમીઓને આકાશના તરતા કૃત્રિમ ગ્રહોના ભ્રમણનો પૂરો ખયાલ આપતું એક નાનું પ્લૅનેટેરિયમ પણ અહીં છે, જેમાં કૃત્રિમ ગ્રહોની પેઠે જ નાનીમોટી લખોટીઓ સૂર્યમંડળમાં ભમતી જોવા મળે છે.

છેલ્લે, પ્રદર્શનમાં તળથી તે છત સુધી ૫૦ ફૂટ ઊંચી એવી બે દીવાલો છે, જેમાંની એક દીવાલ પર છેક ઈ.સ. ૧૨૦૦થી માંડી આજ સુધીના ગણિતશાસ્ત્રના વિકાસનો ઇતિહાસ આપ્યો છે; અને બીજી દીવાલ પર કુદરત તથા માનવ-સર્જિત રચનાઓમાં ગણિતશાસ્ત્રનું જે પ્રતિબિંબ જોવા મળે છે તેનો ખયાલ આપ્યો છે. જેમકે હિમકણની બની રહેતી અનેકવિધ ભાતની પણ ષટ્કોણ જ આકૃતિઓની રચના, શંખ છીપનાં અજબ વર્તુળોની રચના વગેરે કુદરતી અજબ રૂપરચનાઓની સાથોસાથ માણસે સર્જેલી અક્ષરલિપિઓ, સ્થાપત્યરચનાઓ વગેરે તેમાં દર્શાવી છે. પ્રદર્શકના જ શબ્દોમાં કહીએ તો, 'જો આખા ગણિતશાસ્ત્રને એક આખો માઈલ ગણીએ, તો નિશાળમાં શીખવાતું ગણિત એ તો માત્ર તેનો પહેલો ઇંચ જ છે એમ કહી શકાય। બાકીના આખા માઇલના ક્ષેત્રના વૈવિધ્યનો, તેની વિશાળતાનો અને તેની સુંદરતાનો ખયાલ આપવો એ આ પ્રદર્શનનો ઉદ્દેશ છે.'



આ અજાયબ ભૌમિતિક આકારની સપાટી પર દોડતી ગાડી તેની કિનારીને વળોટયા વિના જ આખા આકારની બંને સપાટી ફરી આવી પાછી મૂળ સ્થાને આવી જાય છે. કોઈ પણ આકારને આગળની અને પાછળની એમ બે સપાટી તો હોય જ; ને એ જ રીતે ડાબી-જમણી બે કિનારી પણ હોય છે. પરંતુ આ આકારને એક જ સપાટી ને એક જ કિનારી છે! કાગળની પટ્ટીને આમ વાળીને ખાતરી કરી જોજો.

મધમાખીની ચતુરાઈ

આ વાંચીને તમને થશે કે મધમાખી વળી કઇ વિદ્યાપીઠમાં ગણિત ભણવા ગઇ'તી? પણ આનું નામ જ નિસર્ગદત્ત અજબ પ્રેરણાશક્તિ.

મધપૂડો બનાવનાર મધમાખીને મધ અને પૂડો તૈયાર કરવામાં અતિશય મહેનત પડે છે. એક તો પૂડા માટે મીણ બનાવવાનું અને બીજું સંગ્રહ માટે મધ બનાવવું. આથી વધુ મધ સંગ્રહ થાય એટલા સારુ પૂડો બનાવવામાં એ મીણની કરકસર કરે એ સ્વાભાવિક છે. બની શકે તેટલા ઓછા મીણથી પૂડો બનાવી તેમાં વધારેમાં વધારે મધ તે સંઘરવા ઇચ્છે છે. આ માટે મધમાખીએ એવી એક આકૃતિ પૂડા માટે યોજી છે કે જેમાં આજસુધી સહેજ પણ ફેરફાર કે સુધારો કોઈ પણ ગણિતશાસ્ત્રી નથી કરી શકતો. પૂડાની ષટ્કોણ આકૃતિના ઉપરના બે ખૂણા મારાલ્ડીએ માપી જોયા તો ૧૦૯ અંશ ૨૮ કલા ને ૭૦ અંશ ૩૨ કલા જણાયા. બની શકે તેટલું ઓછું મીણ વાપરીને વધુમાં વધુ મધ સંઘરી શકાય એ માટે જ એવી આકૃતિની યોજના થઇ હશે એમ સ્વીકારીને રોમર નામના વિજ્ઞાનીએ મિ. કોનિંગ નામના એક વિદ્વાન ગણિતશાસ્ત્રીને ગણતરી કરીને આ બાબત ચોક્કસ નિર્ણય કરવા કહ્યું. ગણતરી કરી જોતાં રોમરની માન્યતા સાચી જણાઇ. અનેક વિદ્વાનોએ વારંવાર જુદીજુદી રીતે ગણતરી કરી જોઇ તો પરિણામે તેમને મધમાખીની સ્વાભાવિક ચતુરાઇ ભારે અજબ પ્રકારની છે એમ દેખાયું.

(સૃષ્ટિજ્ઞાન)

દાઢીનું દાસ્તાન

દુનિયામાં સૌથી વધુ સાફ દાઢી અંગ્રેજો રાખે છે: તેઓ રોજ હજામત કરે છે. અમેરિકનો, જર્મનો અને સ્વિસ લોકો સરેરાશ અઠવાડિયે પાંચ વાર, ને ફ્રેન્ચો ત્રણ વાર દાઢી કરે છે. જેઓ રોજ હજામત કરે છે તેઓ જિંદગીમાં બે ચોરસ માઈલ જેટલા ચહેરાની હજામત કરે છે અને ૨૫ કરોડ વાળ કાપે છે. દર હજામતે માણસની દાઢી એક ઈંચના ચોસઠમા ભાગ જેટલી વધેલી ધારીએ, તો વીસની વયથી પાંસઠ વર્ષ સુધીમાં તેણે ૨૧ફૂટ દાઢી કપાવી હોવી જોઇએ; ને દર હજામતનો સમય આપણે દસ મિનિટનો લેખીએ તો એટલી હજામતમાં ૧૧૪ દિવસ-રાત જેટલો સમય તેણે ગુમાવ્યો હોવો જોઇએ.

દાઢીના વચલા ભાગમાં વાળ વધુ ખીચોખીચ હોય છે: દર ચોરસ ઇંચે ૭૫૦ વાળ. સામાન્ય રીતે વાળ મહિનામાં ાા ઇંચ વધે છે, ને એક વાળ ૧ાા થી ૨ાા ઔંસ વજન ખમી શકે એટલી તેની શક્તિ હોય છે. સતત વધ્યા કરતા વાળની લંબાઈ ૨ાા ફૂટથી માંડીને ૪ ફૂટ સુધી થાય છે. જાણીને નવાઈ લાગશે કે વાળ, રાત કરતાં દિવસે, અને શિયાળા કરતાં ઉનાળામાં વધારે ઝડપથી ઊગે છે! રાણી ઇલીઝાબેથ પહેલીના વખતમાં જે ધર્મગુરુઓ દાઢી રાખે તેમની ઉપર ત્રણ શિલિંગ ને ચાર પેન્સનો વેરો નાખ્યો હતો! અને રાણી વિક્ટોરિયાના જમાનામાં દાઢી-મૂછો રાખવી ફૅશનમાં ગણાતી થઈ. પણ તે પછી એ પછાતપણાનું ચિહ્ન ગણાવા લાગી. હવે વળી કોઈ પુરુષો પાછા દાઢી રાખવા લાગ્યા છે.

અનુવાદ-યંત્રો

ઇંગ્લંડે જાહેર કર્યું છે કે હવે થોડા સમયમાં ત્યાં અનુવાદ-યંત્રો બનવા માંડશે, જે માનવ-અનુવાદકો કરતાં ઘણાં સસ્તાં પડશે. બ્રિટનની રાષ્ટ્રીય ભૂભૌતિક પ્રયોગશાળાના નિયામક સર ગૉર્ડને કહ્યું હતું કે કલાકના ૩૫૦૦ શબ્દોના વેગથી તે વૈજ્ઞાનિક અને ટેકનિકલ રશિયન ભાષાનો અંગ્રેજીમાં અનુવાદ કરી શકશે. દુનિયામાં આજે ૨૦,૦૦૦ વૈજ્ઞાનિક સામયિકો છે અને શબ્દ દીઠ ૩ ફાર્ધિંગના દરે એ બધાંનો એક ભાષામાં અનુવાદ કરવાનો ખર્ચ વાર્ષિક ૨૦,૦૦૦,૦૦૦ પાઉન્ડ થશે. પુસ્તકો માટેના ખર્ચનો અંદાજ તો એથી યે વધારે છે. અનુવાદકો પૈસા આપવા છતાં પણ મળતા નથી અને પ્રશ્ન તાકીદનો બની રહ્યો છે, કારણ કે વિજ્ઞાન-સાહિત્ય દર પંદર વર્ષે બમણું થઈ રહ્યું છે!

કંકાવટી


ચિત્રલેખા

ગોરખપુરના એક ગર્ભશ્રીમંત ને રાજાશાહી જાગીરદારની એ પુત્રી. પિતા સંસ્કૃત અને તત્ત્વજ્ઞાનના મોટા વિદ્વાન. માતા ઊંચી રસવૃત્તિ ધરાવતી બુદ્ધિવંત હંગેરિયન. એટલે અમૃતા શેરગિલનો જન્મ પણ હંગેરીમાં જ થએલો. બચપણ પણ ત્યાં જ વીત્યું. નાનપણથી ચિત્રકળા પ્રત્યે તેને અભિરુચિ હોઈ પાછળથી પારી(સ)ની જાણીતી કલાસંસ્થા ઇકોલ દ બો આર્ટ્સમાં તેણે તાલીમ લીધી. અભ્યાસ પછી સ્વતંત્ર કામ કરવા માંડતાં પારી(સ)ના ભૂરાભૂખરા સ્ટૂડિયોને બદલે દેદીપ્યમાન અને રંગભર્યા ભારત દેશમાં આવવા એની ઝંખના વધતી ચાલી.

અહીં આવીને તેણે શું જોયું? એ લખે છે: 'વેરાન પણ કોઈ અજબ રૂપાળા લાગતા હિંદના એ શિયાળાનું દર્શન હતું; પીળીભૂખરી ધરતીના અફાટ પથરાટ; અહીંતહીં ચુપકીદીથી ઘૂમતાં શામળાં શરીર ને ઉદાસ ચહેરાનાં દૂબળાં-પાતળાં સ્ત્રી-પુરુષોની પડછાયા જેવી આકૃતિઓ; ને તેના પર સદા યે ઝૂમતી રહેલી વિષાદની છાયા!'

આપણને આ બધું પરિચિત છે, પણ એના પ્રત્યાઘાતની મનઃછાયા બહુ જ ઓછા ઉતારી શક્યા છે. શેરગિલનાં ચિત્રો પાછળનું છાયાવાદી તત્ત્વ સમજવા માટે આ મુદ્દો ધ્યાનમાં લેવા જેવો છે. એણે પોતાની મનઃછાપ ઉતારવા ઝીણી વિગતો ઉડાવી દઈ, ઘાટરૂપ તદ્દન સાદાં કરી નાખી, માત્ર પોતાના વિષયમાં રહેલા આકૃતિઓના ઓળા અને તેની રંગરચનાની લયને જ ઉતારી છે.

પણ આજે દરેક કલારસિકની જીભે માહાત્મ્ય-ગાથા જેવી બની ગએલી એની કળાને એ કાળે તો અવગણના અને ઉપહાસ જ સાંભળવા મળેલાં. પોતાની અવગણનાથી દુણાતી હોવા છતાં તુમાખી નહિ તો લાપરવાહી લાગે એવી સ્વસ્થતાથી એણે એ સહન કર્યું. પણ તેના અવસાન પછી એની



કળા માટે ઊઠેલા બધા વંટોળ શમી ગયા. કલાક્ષિતિજ પર પ્રકટેલી તેની પ્રતિભાની પ્રભાએ, આધુનિક હિંદી ચિત્રકલામાં નવવિધાનના બધા પ્રયત્નોને એક વખત તો ઢાંકી દીધા.

આજથી આઠ વર્ષ ઉપર એક સામયિકમાં આવેલા

પ્રશ્ન અને ઉત્તર

સવાલ: અમે પરણ્યાં ત્યારે બન્ને તંદુરસ્ત અને સુખી હતાં. આજે પાંચ વર્ષથી મારા પતિને કરોડરજ્જુનો ક્ષય થયો છે, એટલે સવારથી સાંજ સુધી તેમનાં મળમૂત્રાદિ સાફ કરવામાં, ને અમારા ભરણપોષણનાં કામ કરવામાં જ મારો સમય જાય છે. નથી કોઈ સંસારનું સુખ કે નથી કોઈ આશરો. તબીબોએ મારા પતિ સારા નહિ થાય તેવું કહ્યું છે. તો મારે છૂટાછેડા લેવા?

જવાબ: આપની હકીકત જોઇ જરૂર મનને દુઃખ થાય છે. જ્યારે આપ લગ્નબંધનથી જોડાયાં ત્યારે આપ બન્ને સુખી, સમોવડિયાં અને તંદુરસ્ત હતાં. કુદરતના કોઇ કોપથી આપના પતિને આવી બીમારી આવી પડી. હું આપને એક પ્રશ્ન પૂછું, કે લગ્ન કરીએ તેમાં કોઇ જવાબદારી આપણી ખરી કે નહિ? સમજી લો, કે આપના પતિને બદલે આપ બીમાર હો, તો આપના પતિ તરફથી આપ શી અપેક્ષા રાખો? કુદરતે એક દુઃખ આપ્યું, અને છેક જીવનભરના સાથીને છોડી જવા સુધીની નબળાઇ આપના મન પર આવી, એ સંસ્કાર ક્યાંથી લાવ્યાં? દુઃખી પતિને છૂટાછેડા જેવા મહાન દુઃખમાં વધારે ગરકાવ કરી, આપ દુનિયાનું બીજું કયું સુખ મેળવવાનાં છો? આપના પતિ આપને છોડી ગયા હોય, અથવા તેવી વાત પણ કરી હોય, તો આપની શી હાલત થાય? લગ્નસંબંધ એ તો દુઃખ હોય તો પણ અરસપરસ જીવનભર પડખે ઊભા રહેવાનો, અને અંતરથી સેવા કરવાનો એક સંબંધ છે. એ સંબંધ તોડીને હિંદની સંસ્કૃતિવાળું કોઇ માનવ સુખી થઇ ન શકે. આપને આ દુઃખમાં માર્ગ જોઇતો હોય તો મનના આવા નબળા વિચારો છોડી દઇ, વધારે ઉપચારો તરફ ધ્યાન આપો; અને પરમાત્મા તમારા પતિને જરૂર સારા કરશે એવી શ્રદ્ધા રાખી, કર્તવ્યપરાયણ બનો. આપના ભવિષ્ય માટે એ એક જ માર્ગ ઊજળો છે.

રેશમી કાપડની જાળવણી


ટાફેટા, બ્રોકેડ વગેરે રંગીન છપાઈવાળાં રેશમી કપડાં ધોતાં પહેલાં રંગની ખાતરી કરી લેવી. એ માટે એ કાપડનો સહેજ ટુકડો કે ભાગ ભીનો કરીને તેના પર સફેદ કપડું ઢાંકી ઉપર ગરમ ઈસ્ત્રી ફેરવો. જો સફેદ કપડા પર રેશમી કાપડના રંગનો સહેજ પણ ડાઘ દેખાતો ન હોય યા બહુ જ આછી ઝાંય કળાતી હોય તો માનવું કે રંગ નહિ ઊતરે.

પણ ધોવું એટલે? સારા સાબુના ફીણવાળા સહેજ હૂંફાળા પાણીમાં કપડાને બોળીને બહુ જ હળવે હાથે મસળવું. બહુ ચોળવાનું કે ધોકાવવાનું તો નહિ જ. તે પછી ચોખ્ખા હૂંફાળા પાણીમાં સારી પેઠે નિખારી લેવું અને ટુવાલ જેવા કોરા કાપડમાં દાબીને તેમાનું પાણી શોષી લેવું. (આટી દઈ નિચોવવું નહિ જ.) અને પછી તુરત પહોળું કરી ગરમી કે તડકો ન લાગે તેવી ખુલ્લી હવામાં એને સૂકવી દો. ભૂલેચૂકે યે રેશમી કપડાંને ધોયા પછી સૂકવ્યા વિના એમ ને એમ ડૂચો રહેવા ન દેતા. નિખારીને તુરત સૂકવી દેવાં.


રેશમી કપડાંને ઇસ્ત્રી પણ, તે સહેજસાજ અને એકસરખાં ભેજવાળાં હોય ત્યાં જ 'અંદરની બાજુએથી' કરી લેવી. આમાં ટસર, ડચુમિપોન, ક્રેપોન વગેરે જેવાં અપવાદ રૂપ રેશમી કાપડ પણ છે, જેને પૂરાં સૂકવ્યાં પછી ઇસ્ત્રી કરવાની હોય.

રેશમી કાપડ જંગલી કે પાળતુ બંને પ્રકારના રેશમના કીડાએ કાઢેલા તારમાંથી વણાય છે. જંગલી કીડાનો તાર પાળતુ કીડાએ કાઢેલા તાર કરતાં કંઈક ઊતરતો હોય છે. બંને કીડા લગભગ બેએક માઇલ લાંબા તાર કાઢે છે. આ તાર ઠીકઠીક મજબૂત હોય છે.


ખરા રેશમને પારખવાની એક પ્રચલિત રીત છે. એના કાપડનો ટુકડો કે છેડો લઈ હાથમાં ચોળીને એનો ડૂચો હથેળીમાં દાબી દો, ને થોડી વારે એકદમ હથેળી ખોલી નાખો. સાચા રેશમના ટુકડાની ગડ તુરત ઊકલી જઇ ખુલ્લો થઈ જશે અને ચોળવા છતાં તેમાં બહુ ઓછી કરચલીઓ પડી હશે. આજના અન્ય પ્રકારના બનાવટી રેશમમાં પણ આમ થઇ શકે છે, પરંતુ બંને વચ્ચે તફાવત એ છે કે ખરું રેશમ હથેળી ખોલ્યા પછી હૂંફાળું લાગે છે.



શિયાળો નજીક આવે છે. ઘરમાંથી કોઈ જાડા ગરમ કાપડનો વેત બેસારી આવો બાંય વિનાનો સુંદર ડગલો તેમાંથી બને. ઉપર થોડું ભરત ને ફૂમતાદાર દોરીથી શોભા વધારો.



દિવાળી ઉપર રંગોળી પૂરવા માટે સ્વ. કલાકાર મનુભાઇ શાહની કરેલી થોડી શોભનાકૃતિઓ



ભરતકામના ટાંકાઓનું જે મબલખ વૈવિધ્ય છે એમાંથી કેટલાક મુખ્ય પ્રકારો આપણે અગાઉ જોઈ ગયાં. અહીં બીજા કેટલાક વધુ પ્રકાર આપ્યા છે. આકૃતિ પરથી જ એ ટાંકો કેમ લેવો તે સમજી શકવા જેટલું કૌશલ તો હવે સૌમાં આવી ગયું હશે. બાકી રહ્યો તેનો ઉપયોગ. એ તો ભરનારની કલ્પનાશક્તિ પર અવલંબે છે. કાપડને અનુકૂળ જાડાઇનો તથા રંગનો એકસરખો સફાઈદાર ટાંકો માત્ર કાંગરી તરીકે પણ ઘણો શોભાયમાન થઈ શકે.

દૂધી-તૂરિયાંની છાલની ચટણી

આશરે એક વાટકો તૂરિયાંની અથવા દૂધીની છાલ (ઝીણી સમારેલી), એક મૂઠી અડદની તથા એક મૂઠી ચણાની કાચી દાળ, લીમડો, તીખાશ જોઈએ તે પ્રમાણે, વઘારનાં લાલ સૂકાં મરચાં આશરે ૮થી ૯, થોડી રાઈ, જરા હિંગ અને જોઈતું મીઠું.

દૂધી કે તૂરિયાંની છાલને પૂરતા પાણીમાં બાફી લેવી. બાદ એક વાટકામાં થોડું તેલ લઈ વઘાર કરવો. પહેલાં તેમાં અડદની દાળ નાખવી. પછી ઉપરથી ચણાની દાળ, રાઈ, લીમડો, મરચાં તથા હિંગ નાખવાં ને બરાબર ચમચા વડે હલાવવું. અડદની દાળ લાલ થાય રયારે એ વઘાર બાફેલી છાલમાં નાખી દેવો અને પ્રમાણસર મીઠું નાખી એ બધું વાટી નાખવું. ઉપરથી લીંબુ અથવા દહીં નાખવું. દહીં નાખવાથી ઈડલી, ઢોસામાં ખાવા માટ આ ચટણી બહુ જ સ્વાદિષ્ટ થાય છે.

આ પ્રમાણે કાચાં ટામેટાંની ચટણી પણ બનાવી શકાય. તેમાં ખટાશની જરૂર ન પડે.

–શાંતિ વિ. ભાટિયા

દાદીમાની ડાયરીમાંથી

ગળાના દુખાવા માટે એક વાટકી નવશેકા પાણીમાં એક ચપટી ચોખ્ખું મીઠું અને એક ચપટી સોડા બાઇ કાર્બ ઓગાળી ઊંડે ગળામાં પહોંચી વળે એવા ગળગળાટ કોગળા કરવા.

ગર્ભાધાનના શરૂના મહિનાઓમાં રોજ બે ચમચા ફણગાવેલા ઘઉં ખાવાથી ગર્ભ પોષાય છે અને ગર્ભપાતનો ભય ટળે છે.

વધારાની ચાદરો, ઓશીકાંના ગલેફ આંમાં પડોપાંદડીની સૂકી વનસ્પતિ ભભરાવશો તો કાપડ સચવાશે ને સુગંધીદાર રહેશે.

ગળામાં સહેજ કાકડા ફૂલ્યાથી દુઃખતું હોય તો ચોખ્ખો કાથો, જરીક સિન્ધાલૂણ અને શેકીને ફુલાવેલું એક લવિંગ તથા તેવી જ રીતે શેકીને ફુલાવેલી એક આખી એલાયચીને સ્વચ્છ રૂના પૂમડામાં લપેટી ગલ્લોફામાં રાખી રસ ગળામાં ઝરવા દેવો.

રજાઇની ઉપર સુંવાળી મલમલ કે માદરપાટની ખોળ ચડાવવાથી સ્વચ્છતા જળવાય અને રજાઇનો આવરદા વધે.

–વિ.



લેખક · સુરેશ મોદી

શરૂઆતનો તબક્કો

આપણે આગળના હપ્તામાં જોયું કે શરૂઆતનો તબક્કો પહેલી ૧૦થી૧૨ ચાલનો હોય છે. હવે આપણે આ તબક્કામાં કઈ કઈ બાબતોનો ખાસ ખયાલ રાખવાનો હોય છે તે જોઈશું.•

શતરંજના સાહિત્યમાં સૌથી વધુ લખાણ –સૌથી વધુ અભ્યાસ આ વિભાગમાં થયો છે. તેથી રમતની શરૂઆત માટેની અનેક પદ્ધતિઓ શોધાઈ છે. આમાંથી વધુ લોકપ્રિય એવી પદ્ધતિ લઈને તેમાં ચલાતી દરેક ચાલ પાછળના હેતુને તપાસીશું. અને છેવટે તેના સાર રૂપે શરૂઆતના તબક્કામાં ખયાલમાં રાખવાની બાબતો જોઈશું.


(૧) રૅાય લોપેઝ (Ruy Lopez)

શરૂઆતની આ પદ્ધતિ ઘણી જૂની હોવા છતાં આજ પણ ઘણી લોકપ્રિય છે.

લાક્ષણિક ચાલ:

1 P-K4, P-K4, 2N-KB3, N-QB3, 3 B-N5

લાક્ષણિક સ્થિતિ:



3B-N5 પછીની સ્થિતિ

1P-K4. આ ચાલથી વચ્ચેના ખાના Q5 ઉપરાંત KB5 ઉપરનો કાબૂ મળે છે. વળી વજીર તથા રાજાના ઊંટને ચાલવા માટેનો માર્ગ ખુલે છે.

1..., P-K4. કાળો તે જ હેતુથી સફેદનું અનુકરણ કરે છે.

2N-KB3. એક પ્યાદાને વધાર્યા પછી ઘોડાને બહાર કાઢવો એ એક સારી રીત છે. આ ઘોડો અત્યારે ત્રણ જગ્યાએ જઈ શકે તેમ છે: K2, KB3 અને KR3 તેમાં KB3 ઉત્તમ છે; કારણ કે વચ્ચેના ચાર ખાનાંમાંથી બે-Q4 અને K5-ઉપર તેનો કાબૂ રહે છે. આ સ્થિતિમાં તો તે કાળાના KPને મારવાની ધમકી આપે છે, તે તેનો વધારાનો ગુણ છે.

2..., N-QB3. કાળાએ પોતાના પ્યાદાને બચાવવા કંઈક કરવું જ રહ્યું. તે તેને ઘણી રીતે બચાવી શકે છે. દા. ત. P-KB3? કે P-Q3ની ચાલ કરીને તે એ પ્યાદું બચાવી શકે, પણ તે નબળી ચાલ છે. N-QB3 થી પ્યાદાનું રક્ષણ થવા ઉપરાંત મધ્યના બે ખાનાનો કાબૂ સફેદે મેળવ્યો હતો તેમ આ ચાલ પણ મેળવે છે.

3B-N5. રૅાય લોપેઝની આ લાક્ષણિક ચાલનો હેતુ છે વચ્ચેના ખાના ઉપર કાબૂ ધરાવતા કાળાના ઘોડા ઉપર હુમલો કરવાનો. વળી, હવે જો કાળાનું QP આગળ વધે તો ઘોડો ત્યાંથી ખસી શકે નહિ. (એમ કરવાથી રાજા શેહમાં આવે અને શતરંજના નિયમો પ્રમાણે એવી ચાલ ન ચાલી શકાય કે જેથી રાજા શેહમાં આવે.) કાળા ઘોડાનો મધ્ય પરનો કાબૂ નહિવત્ થઈ જાય છે. (જુઓ આકૃતિ)

3..., PQR3. ઊંટ ને પાછળ હટાવવા માટેની કાળાની આ ચાલ સુંદર છે.

4B-R4. સફેદની ચાલ. અહીં તે 4B×N, QP×B અને 5N×Pથી સફેદ એક પ્યાદું જીતી શકે છે, પણ કાળાની 5...Q-Q5ના ચાલથી ઘોડા અને પ્યાદા ઉપર હુમલો આવતો હોવાથી તે મેળવેલ પ્યાદું પાછું હારે છે. ઘોડા કરતાં ઊંટ વધુ કિમતી હોવાથી આમ કરવું ઉચિત નથી. તેથી ઊંટને પીછેહટ કરવી જ રહી.

4..., N-B3. સુંદર ચાલ. ઘોડાને મધ્યના કાબૂ માટે બહાર લાવવા ઉપરાંત સફેદના KP ઉપર હુમલો આવે છે. અહીં 4...P-QN4 એ સારી ચાલ નથી. કારણ 5B-N3 અને 6N-N5થી સફેદ કાળાના KBP ઉપર બેવડો હુમલો લાવીને તેને મારી શકે છે. વળી રાજાના રક્ષણ માટે તે કિલ્લેબંધી પણ કરી શકે નહિ.

5O-O. સફેદ તેના પ્યાદાનું રક્ષણ કરવાને બદલે (રાજા તરફની) કિલ્લેબંધી કરે છે. તેને પ્યાદાનું રક્ષણ કરવાની જરૂર નથી. કારણ કે જો કાળા 5...N×Pથી પ્યાદું મારે તો 6P-Q4 અથવા 6R-K1થી તે સહેલાઈથી પાછું મળી શકે.

5..., B-K2. અહીં N×P પણ કરી શકાય છે, પણ તેથી રમત ખુલ્લી થઈ જાય છે. તેના કરતાં B-K2થી કિલ્લેબંધી માટે જગ્યા ખુલ્લી થાય છે તે ઘણા વધુ પસંદ કરે છે.

6R-K1. પ્યાદાને જોઈતું રક્ષણ મળી ગયું.

6..., P-QN4. હવે જો ઊંટને R4 ઉપર રહેવા દેવાય તો સફેદ 7B×N, QP×B 8N×Pથી એક પ્યાદું જીતે. હવે કાળો 8...Q-Q5થી તે પ્યાદું પાછું મેળવી ન શકે. કારણ કે 9N-B3થી ઘોડો દૂર ખસી જાય અને પ્યાદાને તો હાથીનું રક્ષણ છે જ. માટે ઊંટને ખસેડવો જ જોઇએ.

7B-N3 એ સફેદ માટે એક જ રસ્તો છે.

7..., P-Q3. આનાથી બે હેતુ સરે છે. (1) KPનું રક્ષણ થાય છે અને (2) QBને ચાલવા માટેનો માર્ગ ખુલ્લો થાય છે.

8P-B3. આના પણ બે હેતુ છે. એક તો હવે પછી P-Q4 રમવા માટેની પૂર્વ તૈયારી અને બીજો જો કાળો N-QR4થી ઊંટ ઉપર હુમલો કરે તો ઊંટને પીછેહટ કરવાની જગ્યા આપવાની તેમાં ગણતરી છે.

8..., O-O. આ પદ્ધતિમાં રાજાને વધુ વખત વચ્ચે રહેવા દેવો એ જોખમભર્યું છે એટલે કાળાએ પોતાના રાજાને બાચવવા કિલ્લેબંધી કરી લીધી.

9P-KR3. જો 9 P-Q4 રમે તો કાળો 9..., B-N5થી સફેદ ઘોડાને ત્યાં જ રોકી રાખે છે. આપણે સફેદની ત્રીજી ચાલની નોંધમાં કાળાના ઘોડાના ન ચાલી શકવા વિષે જોયું હતું તેમાં અને આમાં થોડો ફેર છે. ત્યાં શતરંજના નિયમો પ્રમાણે ઘોડો ચાલી ન શકે એવી સ્થિતિ ઉપસ્થિત થાય એમ હતું. અહીં નિયમ પ્રમાણે ચાલી શકાય તેમ હોવા છતાં તેમ કરવાથી સફેદ તેનો વજીર ગુમાવે તેમ હોવાથી તે પ્રમાણે ચાલવું મૂર્ખાઈભર્યું ગણાય. 9 P-KR3 રમવાથી 9..., B-N5 અટકાવી શકાય છે.

9..., N-QR4. સાધારણ રીતે ઘોડાને

•હવે પછીની સમજણને માટે લખાણ વાંચવાની સાથેસાથે શતરંજ લઈ દરેક ચાલ ચાલતા જવાથી અને ચલેલી ચાલ પરથી સરજાએલી સ્થિતિનો અભ્યાસ કરતા જવાથી વધુ સરળતાથી સમજાશે અને આનંદ મળશે.


બૉર્ડની એક તરફ ચાલવાથી તેની શક્તિ ઓછી થતી હોવાથી તે ચાલ નબળી ગણાય છે, પણ અહીં તે વજીર તરફના હુમલાનું એક અંગ હોવાથી ચાલ નબળી નથી રહેતી.

10B–B2. ઘોડા કરતાં ઊંટ વધુ શક્તિશાળી છે અને રમતમાં આગળ કામ આવશે, માટે તેને બચાવવા પીછેહટ કરવી રહી.

10..., P–B4. જો સફેદ 11 P–Q+ રમે તો મધ્યનો કાબૂ જાળવવા અને KPને વધુ રક્ષણ આપવા સારુ વજીરને QB2 ઉપર લાવવા માટે જગ્યા કરવાની આમાં નેમ છે.

11P–Q4, QB2. અગાઉ વિચારેલા વ્યૂહ પ્રમાણે જ આ બંને ચાલ થઈ.

12QN–Q2. ઘોડો અહીં QBનો રસ્તો રોકે છે તે એક ખામી લાગશે, પણ તે Q2 ઉપર થઈને રાજાના ભાગ તરફ જઈ ત્યાં હુમલામાં ભાગ લેશે અને સાથેસાથે QBની લાઈન પણ ખુલી જશે. (જુઓ આકૃતિ)



12QN–Q2 પછીની સ્થિતિ

પરિસ્થિતિ લગભગ સરખી જ છે.

(૨) કિંગ્સ ગૅમ્બિટ (King's Gambit)

રમતની શરૂઆતની આ એક બીજી રીત છે. તેને વિષે હવે આપણે જોઈએ.

લાક્ષણિક ચાલ:

1P–K4, P–K4 2P–KB4.

લાક્ષણિક સ્થિતિ:



2P–KB4 પછીની સ્થિતિ

1P–K4, P–K4 રૂૅય લોપેઝની જેવી જ ચાલ, હેતુ પણ તેવો જ.

2P–KB4. આનો હેતુ છે કાળાના રાજાના પ્યાદાને એને સ્થાનેથી હટાવવાનો. તેમ કરવા જતાં સફેદ તેનું પ્યાદું ગુમાવે તેમ છે, કારણ કે તેને કોઈ પણ મ્હોરાનો ટેકો નથી, પણ જો કાળો એ પ્યાદું મારે તો સફેદ ગમે ત્યારે P–Q4 રમીને મધ્યનો સંપૂર્ણ કાબૂ મેળવી શકે. વળી જો કાળો પ્યાદાનું રક્ષણ કરવા રહે તો તેટલા સમયમાં સફેદ પોતાના મ્હોરાનો વિકાસ સાધી અને સમય બચાવે. વળી, રાજાના ઊંટની પંક્તિ ઉપર પોતાનું પ્યાદું ન હોવાથી કિલ્લેબંધી પછી હાથીને ખુલ્લી પંક્તિ મળે જ્યાંથી તે કાળાના KB2 ઉપર હુમલો કરી શકે. શરૂઆતની સ્થિતિમાં આ ખાનું સૌથી નબળું હોઈ ત્યાં હુમલો ઘાતક નિવડવાની સંભાવના વધુ રહે છે.

આ રીતે મધ્યના કાબૂ અને વિકાસ માટેના સમયમાં આગળ વધવા માટે પ્યાદાના અપાતા ભોગને Gambit કહે છે.

હવે કાળાને માટે બે રસ્તા છે. (૧) પ્યાદાને મારવું (Gambit Accepted) અથવા (૨) પ્યાદાને ન મારતાં પોતાના મ્હોરાનો વિકાસ સાધવો (Gambit Declined). અગાઉ પ્યાદાને મારીને તેને બચાવવા P–KN4 રમાતી. આની સામે સફેદ વધુ મ્હોરાનો ભોગ આપીને ઝડપથી જીતવા જેવી સ્થિતિમાં આવી જતો અને કાળા માટે એ રમત વધુ મુશ્કેલ થતી. તેથી પ્યાદાને ન મારવાની રીત વધુ પ્રચલિત થઈ હતી. હવે તો એ પુરવાર થઈ ચુક્યું છે કે તે સફેદનું પ્યાદું મારીને વખત આવ્યે સામો પ્યાદાનો ભોગ આપી દઈને સમાનતા મેળવી શકે છે. આ કારણે આ પદ્ધતિ આજકાલ બહુ લોકપ્રિય રહી નથી, છતાં બિનઅનુભવી આમાં ફસાઈ જવાનો સંભવ હોવાથી આ પદ્ધતિમાં રમત કઈ કઈ રીતે આગળ વધે તે આપણે સંક્ષેપમાં જોઈશું.

(क) King's Gambit Accepted

1P–K4, P–K4. 2P–KB4, P×P. 3N–KB3, P–KN4. 4B–B4.

આ પદ્ધતિમાં ઊંટ માટે આ સારામાં સારી જગ્યા છે, કારણ કે તે કાળાના KB2 ઉપર સીધો હુમલો કરે છે.

4..., P–N5. 5O–O, P×N.

પહેલાં પ્યાદાનો ભોગ અપાયો ને હવે ઘોડાનો.

6Q×P, Q–B3 (નહિ તો Q×BP પછી કાળાના KB2 ઉપર ત્રણ જોરદાર મ્હોરાનો હુમલો આવે. 7P–K5, Q×P. 8P–Q3, B–R3. 9N–B3, N–K2. 10B–Q2.



10B–Q2 પછીની સ્થિતિ

સફેદ મ્હોરાની સ્થિતિ એટલી સક્રિય છે કે તેનું એક મ્હોરું અને એક પ્યાદું ઓછું હોવા છતાં તેની સ્થિતિ વધુ સારી કહી શકાય. આ દાખલો Muzio Gambit તરીકે ઓળખાય છે.

(ख) King's Gambit Accepted


હવે આપણે એ જોઈશું કે પ્યાદું પાછું આપીને કાળો સમાનતા કેવી રીતે મેળવી શકે છે.

1 P–K4, P–K4. 2 P–KB4, P×P. 3N–KB3, P–Q4. 4 P×P, N–KB3 વધારાનું પ્યાદું પાછું આપીને મ્હોરાંના વિકાસ તરફ લક્ષ આપ્યું. હવે આગળ—

5N–B3, B–Q3. અહીં આ ઊંટને QN5 ઉપર પણ રમી શકાય છે.

6B–K2, O–O. 7 O–O, QN–Q2 (QN3 ઉપર આવવાની તૈયારી રૂપ ચાલ.)

8P–Q4, N–N3. 9N–K5, QN×P. 10 N×N, N×N અને સ્થિતિ લગભગ સરખી છે. (જુઓ નીચેની આકૃતિ)



10...N×N પછીની સ્થિતિ

(ग) King's Gambit Declined

હવે આપણે એ જોઈશું કે જો કાળો તે પ્યાદું ન મારે તો રમત કેમ આગળ વધે.

1P–K4, P–K4. 2P–KB4, B–B4.

હવે સફેદ કાળાનું રક્ષણ વિનાનું KP ન મારી શકે. કારણકે 3P×P પછી 3..., Q–R5ch! (સફેદ રાજાને શેહ) 4 P–N3 (4 K–K2 ન રમાય કારણ કે 4..., Q×KP mate થાય તેમ છે.) Q×KPch અને 5..., Q×R અને કાળો સહેલાઇથી જીતે.

2..., B–B4ના ફાયદા એ છે કે તે ઊંટ સફેદને P–Q4 રમતા અટકાવે છે અને કિલ્લેબંધી કરતા અટકાવે છે. (અહીં કિલ્લેબંધીનો એ નિયમ લાગુ પડે છે કે જે ખાના ઉપર થઇને રાજા જતો હોય ત્યાં પણ શેહ ન હોવો જોઇએ.) વળી, પોતાની કિલ્લેબંધી માટે કાળો સરળતા પણ કરે છે.

3N–KB3. ઘોડાના વિકાસ ઉપરાંત હવે કાળો Q–R5 રમી શકે તે ફાયદામાં

3..., P–Q3. રાજાના પ્યાદાને રક્ષણ આપવા. હજી તે પ્યાદા ઉપર સફેદના બે જોર છે અને તેને એક જ (પ્યાદાનો) ટેકો છે તેથી સફેદ 4 P×P, P×P. 5 N×Pથી એક પ્યાદું જીતી શકે, પણ 5..., Q–Q5. 6N–Q3, Q×KPchથી કાળાની સ્થિતિ સુધરે તેથી મ્હોરાના વિકાસ પ્રત્યે જ લક્ષ આપવું જોઇએ.

4N–B3, N–KB3. 5B–B4, N–B3. 6P–Q3, B–K3. સફેદ ઊંટને તેની મજબૂત સ્થિતિ (B4) ઉપરથી હટાવવાની ચાલ. 7 B–N5, P–QR3. 8 B×N, P×B.

સાધારણ રીતે ઘોડા કરતાં ઊંટની કિંમત વધુ ગણાતી હોવાથી સફેદને માટે ગેરફાયદો થયો ગણાય, પણ આ સ્થિતિમાં કાળાને સફેદનો ઊંટ પ્યાદાથી મારવો પડતો હોઈ તેના પ્યાદાની રચના ખરાબ થાય છે. હવે તેનું QRP એકલું પડી ગયું અને તેની પંક્તિ બહાર બે પ્યાદાં થઈ ગયાં. આ નબળાઈ ગણાય. તેથી સફેદે ઘોડાના બદલામાં ઊંટ ગુમાવ્યા તેથી જે ગેરફાયદો થયો તેટલો જ કે કદાચ તેથી થોડો વધુ ફાયદો બીજી રીતે મેળવ્યો.

9 P–B5, B–B1. 10 P–KR3, Q–K2. અને હવે સ્થિતિ લગભગ સરખી છે.



10...Q–K2 પછીની સ્થિતિ

૪૨૧ ('કુમાર' અંક ૪૫૫)

હિતચર્યા .... ૧૨] પાદરક્ષા

પગના રક્ષણ પર આયુર્વેદમાં ખાસ ભાર મૂક્યો છે. પાદપ્રક્ષાલન, પાદાભ્યંગ ને પાદત્રધારણના ગુણોનું આચાર્યોએ નિરૂપણ કર્યું છે.

... એમાં પાણીથી પગને ધોઈ ને સ્વચ્છ રાખવા તે પાદપ્રક્ષાલનવિધિ. સુશ્રુત કહે છે કે: 'બંને પગને વારંવાર ધોવાથી પગનો મેલ પગના રોગ તથા શ્રમ દૂર થાય છે, આંખનું તેજ વધે છે, વીર્યની વૃદ્ધિ થાય છે અને રાક્ષસોનો નાશ થાય છે.' બહારથી થાકીને આવ્યા પછી પાણીથી પગ ધોયા બાદ તાજગી અને પ્રસન્નતાનો આવિર્ભાવ થાય છે. શ્રમિત માટે ભોજનનો નિષેધ છે. જમ્યા પહેલાં હાથ, પગ અને મોં ધોવાથી શ્રમ દૂર થાય છે. શરીરની સ્વચ્છતાથી જે પ્રસન્નતાનો ભાવ અનુભવાય છે તે શરીરને ખૂબ જ અનુકૂળ છે. શરીરની તાજગી અને મનની પ્રસન્નતા સાથે ભોજનવિધિ કરનારને ખોરાક સુખપૂર્વક પચે છે. અતિથિને સૌ પહેલાં પાદોદક આપવાનો આપણો રિવાજ શાસ્ત્રીય છે. આયુર્વેદમાં નેત્ર સાથે પગની નાડીઓ સંયુક્ત છે એમ ખાસ માનવામાં આવ્યું છે. 'पादसंबद्ध नेत्रपोषिकानाडी' અને दृष्टिसंयुक्त पादनिबन्धनाडीનો ચક્રદત્ત અને ડલ્હણે ઉલ્લેખ કરેલો છે. એથી પાદપ્રક્ષાલનથી આંખનું તેજ વધે છે એવું સુશ્રુતનું વિધાન બરાબર છે. પગને ધોઇને સ્વચ્છ કરવાથી વીર્યની વૃદ્ધિ થાય છે એવું વિધાન અવૈજ્ઞાનિક લાગવાનો સંભવ છે. પણ આયુર્વેદે પગમાં શુક્રવહા નાડીઓનું અસ્તિત્વ સ્વીકાર્યું છે. વૃંદના ટીકાકાર શ્રી કંઠદત્ત લખે છે: 'પાદતલમાં રેતોવહ નાડીઓ આવેલી છે. પગરખાં પહેરવામાં ન આવે તો અભિઘાત કરનારા પિત્ત અને વાયુથી આ નાડીઓનું વીર્ય તપી જાય છે અને તેથી અવૃષ્યતા આવે છે.'

શુક્રદોષની ચિકિત્સાના પ્રસંગે સુશ્રુતાદિ આચાર્યોએ પગનાં તળિયાં પર અમુક દ્રવ્યોનો લેપ કરવાનું સૂચવ્યું છે. આયુર્વેદમાં પગનો નેત્ર અને શુક્ર સાથેનો સંબંધ દૃઢતાપૂર્વક માનવામાં આવ્યો છે. ઉપર 'રાક્ષસોનો નાશ' કહ્યો છે તેમાં જંતુઓનો નાશ અભિપ્રેત છે.

પાદાભ્યંગ

પગના તળિયે તેલનું માલિશ કરવું તેને પાદાભ્યંગ કહે છે. ચરકે એના ગુણોના નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે: 'પાદાભ્યંગનું સેવન કરવાથી પગની કઠોરતા, સ્તબ્ધતા, રૂક્ષતા થાક અને સુપ્તિ (સ્પર્શનાશ) તરત મટે છે તેમજ પગમાં સૌકુમાર્ય, બળ તથા સ્થિરતા આવે છે; દૃષ્ટિ સ્વચ્છ થાય છે અને વાયુ શાંત થાય છે. વળી પગે તેલમાલિશથી ગૃધ્રસી (રાંઝણ) નામનો વાતરોગ થતો નથી, પગ ફાટતા નથી અને પગની શિરાઓ તથા સ્નાયુઓ સંકોચાતાં નથી.'

પાદાભ્યંગથી વાયુનો નાશ થતો હોવાથી અને અનિદ્રામાં મહદંશે વાયુ કારણભૂત હોવાથી પાદાભ્યંગને નિદ્રાપ્રદ પણ માનવામાં આવે છે. પાદાભ્યંગના ગુણ છેક શિર સુધી પહોંચતા હોવાથી એક વિદ્વાને 'પાદાભ્યંગનો પ્રયોગ વૃક્ષના મૂળમાં રેડેલા પાણી જેવો સફળ પ્રયોગ છે' એમ કહી એની સુયોગ્ય પ્રશસ્તિ કરી છે.

પાદત્રધારણ

પાદત્રનો અર્થ પગરખાં થાય છે. ચરકે પાદત્રધારણને 'ચક્ષુષ્ય, સ્પર્શેન્દ્રિયને હિતકર, પગનાં વ્યસન (કાંટા વગેરેનો ભય તથા પગના રોગો)નો નાશ કરનાર, બળવર્ધક, ચાલવામાં સુખકારક તથા વીર્યવર્ધક' કહેલ છે. સુશ્રુતે પગરખાં ન પહેરવાથી આરોગ્ય, આયુષ્ય અને નેત્રોને નુકસાન થાય છે એમ માન્યું છે.

ઉઘાડા પગે ફરનારને રક્તપિત્ત (leprosy)નો રોગ થાય છે એવું કેટલાક અભ્યાસીઓનું વિધાન છે. 'લેપ્રસી બેસિલસ'ના નામે ઓળખાતા એક સૂક્ષ્મ જંતુને કારણે રક્તપિત્તનો રોગ થાય છે અને આપણા દેશમાં તેના ૨૦ લાખ રોગીઓ છે! ભારતનાં ગામડાંઓ અને શહેરોમાં પણ હજુ મોટો વર્ગ પગરખાંની સગવડથી વિહીન છે એ સાચે જ દુઃખદ છે. ગામડાંની અભણ અને લજ્જાશીલ સ્ત્રીઓ ગામમાં ચંપલ પહેરીને નીકળતાં હજુ સંકોચ પામે છે. ચરોતરમાં કોઈ એ પગરખાંની પરબ કાઢેલી એવું સ્મરણ છે! એમાં સ્ટેશન પર ચંપલો લઇને માણસ ઊભો રહેતો અને સ્ત્રીઓને ચંપલો પહેરવા આપતો. પછી સ્ત્રીઓ એ ચંપલ ગામમાં નિશ્ચિત સ્થળે પાછાં મૂકતી જતી. આવી બાબતમાં ખોટી લાજ-શરમનો ત્યાગ કરવો જોઇએ.

લાભશંકર ઠાકર

ખીલનો ઉપાય: લીલા નાળિયેરને ખાંડી તેને નીચોવી રસ કાઢો-તેમાં ટંકણખાર તો. ૦।।, આંબાહળદર તો. ૧, શેમળાની છાલ તો. ૧, મસૂરની દાળ તો. ૧ નાખી બારીક વાટીને રાત્રે ખીલ ઉપર લગાડવું અને સવારે ચણાના લોટની લૂગદી વડે ઘસીને સાફ કરી નાખવું. સાદો તેમજ સારો ઉપાય છે.

અથાણું

એક ઓરડીમાં બે ભેજાંગેપ રહેતા હતા. એક દિવસ એક ભેજાગેપ દીવાલમાં ખીલી ખોડવા લાગ્યો, પણ તેણે ખીલી ઊંધી પકડી : માથું દીવાલ તરફ ને અણી પોતા તરફ. ખીલી કેમે ય ખૂંચે નહિ. છેવટે તેણે મિત્રને કહ્યું, 'અહીં ખીલીઓ યે કેવી ઊંધી મળે છે? અણી-ને ઠેકાણે માથું ને માથાને ઠેકાણે અણી!'

બીજો બોલ્યો : 'અરે મૂરખના જામ! એ ખીલી તો સામેની દીવાલમાં લગાડવાની છે.'

આખા દિવસના સખત કામમાંથી નવરા થઈ ડૉક્ટર માંડ પથારીમાં પેઠા ત્યાં જ ટેલી-ફોન આવ્યો. ડૉક્ટરે રિસીવર કાને ધર્યું ત્યાં તો બેબાકળો અવાજ સંભળાયો : 'ડૉક્ટર! ડૉક્ટર! જલદી આવો! મારી પત્નીને ઍપે-ન્ડિસાઇટિસનું દરદ ઊપડી આવ્યું છે.'

'હું હમણાં જ આવું છું.' ડૉક્ટરે કહ્યું : 'પણ તમે કોણ છો?'

'હું જમનાદાસ છું. ડૉક્ટર જલદી કરો.'

'અરે, પણ તમારી પત્નીનું એપેન્ડિક્સ તો મેં ચાર વર્ષ પહેલાં જ કાઢી નાખ્યું છે. બીજું એપેન્ડિક્સ હોય એમ તો કદી સાંભળ્યું નથી.'

'અરે ડૉક્ટર, પણ બીજી પત્ની હોય એવું કદી સાંભળ્યું નથી?'

હાલ આપણા દેશમાં ડૉક્ટરો અને નર્સો-ની બહુ અછત છે, એટલે એક શહેરમાં 'પ્રાથ-મિક સારવાર' આપવાની તાલીમનાં કેન્દ્રો સ્ત્રીઓ માટે શરૂ કરવામાં આવ્યાં. ચાલીસની આસપાસની ઉંમરની અને ચાલીસ ઇંચની કમરવાળી એક બહેને ઉત્સાહભેર એ તાલીમ લીધી અને તાલીમનો ઉપયોગ ક્યારે થાય તેની રાહ જોતી દિવસો ગાળવા લાગી.

એક દિવસ તે એક રસ્તા પરથી પસાર થતી હતી ત્યાં શેરીની વચ્ચોવચ એક માણસને મોઢાભેર લાંબો થઈને પડેલો જોયો. શેરી વચ્ચે જ ઊંધો પડેલો માણસ! અવશ્ય તેને સાર-વારની જરૂર છે! બાઈ તરત જ ત્યાં ગઈ અને પાસે બેસી કૃત્રિમ શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરા-વવા લાગી. પોતાના હાથથી પેલા માણસની છાતી દબાવી અને મૂકી દીધી, દબાવી અને મૂકી દીધી, દબાવી અને મૂકી દીધી.

ત્યાં તો પેલા માણસે ઊંચું જોયું અને કહ્યું, 'જુઓ બહેન, તમે શું કરો છો તે તો ખબર નથી. પણ હું આ મેનહોલમાં એક વાયર નાખી રહ્યો છું.'

શરમાળ બકુલેશનું સગપણ એક સ્વરૂપ-વાન છોકરી સાથે થયું હતું. પણ તેના સસરા પર બકુલેશની બહુ સારી છાપ પડી ન હતી. એથી બકુલેશે એક મિત્રની મદદ માગી. 'હું તને મારા સસરાને ત્યાં સાથે લઈ જઈશ. મને તે પ્રશ્નો પૂછશે હું તેના નમ્ર જવાબ આ-પીશ. પણ તું જરા ચડાવો કરતો રહેજે.'

મિત્ર કબૂલ થયો ને બંને જણા બકુલેશના ભાવિ સસરાને ત્યાં પહોંચ્યા. 'તમે શું કામ કરો છો?' સસરાએ પ્રશ્ન કર્યો.

'કારખાનામાં નોકરી કરું છું.' બકુલેશે કહ્યું.

'કારખાનામાં તે વાઈસ-ચૅરમેન છે.' મિત્રે સૂર પૂરાવ્યો.

'બૅંકમાં કંઈ બચત છે?' સસરાએ પૂછ્યું.

'હા જી.' બકુલેશ બોલ્યો.

'દસ જુદીજુદી બૅંકોમાં તેની મોટી રકમો જમા છે.' મિત્રે કહ્યું.

આમ ઉત્તરોત્તર વધારેપડતી વાતો જ્યારે થવા લાગી ત્યારે મિત્રને ચેતવવા બકુલેશે થોડી ખાંસી ખાધી.

'તમને થોડા કફ઼રસ થઈ લાગે છે.' સસરા-એ કહ્યું. ત્યાં તો મિત્ર ઉચ્ચર્યા, 'ઉધરસ?' 'અરે, તેને તો ક્ષય લાગુ પડ્યો છે!'

એક દિવસ હું બસમાં મુસાફરી કરતો હતો. મારી સામેની બેઠકમાં એક માણસ હતો અને તે તાકીને મારી સામે જોયા કરતો હતો. કોઈ સતત સામે જોયા કરે તો મૂંઝવણ થાય. છેવટે મારાથી ન સહેવાયું એટલે મેં કહ્યું, 'ભાઈ આમ મારા સામે તાકવું બંધ કરશો?'

તેણે કહ્યું, 'અરે! માફ કરજો.' થોડી વાર રહી ફરી તેણે તાકવું શરૂ કર્યું એટલે મારે પૂછવું પડ્યું. 'તમે મારા સામે કેમ જોયા કરો છો?'

તેણે જવાબ આપ્યો, 'તમે જાણો છો? મૂછો બાદ કરીએ તો તમે આબાદ મારી પત્ની જેવા લાગો છો.'

'મૂછો?' મેં સાશ્ચર્ય પૂછ્યું, 'મને મૂછો જ ક્યાં છે?'

'ના, ના... મારી પત્નીને છે.'

બે વેપારીઓ વાતે ચડ્યા હતા. એકે બીજા-ને પૂછ્યું. 'જાહેરખબર આપવાનું કંઈ પરિ-ણામ આવે છે ખરું?'

'જરૂર.' બીજાએ કહ્યું. 'બે દિવસ પહેલાં જ અમે રાતના ચોકીદાર માટે જાહેરખબર આપેલી, ને તે જ રાતે અમારી તિજોરી તૂટી!'

યુવાન ભીખાભાઈ તેની ભાવિ પત્નીને મળવા તેને ઘેર ગયા હતા. રાત પડી ગઈ. વડીલવર્ગ પોતપોતાને ઠેકાણે ગયા પછી ધીમા અવાજે ભીખાભાઈએ કહ્યું, 'આ ઓરડાની ઉપરની બત્તી બુઝાવું તો તને કંઈ વાંધો છે?'

'ના.' જવાબ મળ્યો. એટલે ભીખાભાઈએ બત્તી ઠારી નાખી.

'આ બીજી બત્તી ઠારી નાખું?' 'હા.'

તેણે તે પણ ઠારી નાખીને પૂછ્યું 'આ છેલ્લો ટેબલ-લેમ્પ ઠારી નાખું તો તને કંઈ વાંધો છે?'

'બિલકુલ નહિ.' પછી તદ્દન અંધારું થયું એટલે ભીખાભાઈએ કહ્યું, 'હવે કહે કે મેં આજે ખરીદેલું ૪૦ રૂપિયાનું રેડિયમવાળું આ ઘડિયાળ અંધારામાં ચળકે છે કે નહિ?'

એક દિવસ પૂજારી પર ભગવાનના નામ પર લખાએલો પત્ર આવ્યો. એક ભાવિક માણસે ૩૦૦ રૂપિયાની માગણી કરી હતી. પૂજારીએ તે પત્ર ગામના ધારાસભ્ય પર મોકલી આપ્યો.

ધારાસભ્યને આ પત્ર વાંચી આશ્ચર્ય અને આનંદ બન્ને થયાં. થોડી મજાક ખાતર પત્રને સરનામે ૫૦ રૂપિયા મોકલી આપવા પોતાના મંત્રીને તેણે કહ્યું.

ફરી થોડા દિવસ બાદ ભગવાનના નામ પર પૂજારીને પત્ર મળ્યો. તેમાં લખ્યું હતું, 'વહાલા ભગવાન! ૩૦૦ રૂપિયા મોકલ્યા તે બદલ આભાર. પણ હવે તમારા ગામના ધારા-સભ્ય મારફત તે પૈસા મોકલાવશો નહિ. તેણે રૂ. ૨૫૦ કાપીને જ મને રકમ મોકલાવેલી!'

મહેન્દ્રનો ચહેરો આજે તદ્દન ઊતરી ગયો હતો. મિત્રે અફસોસનું કારણ પૂછ્યું.

'અરે ભાઈ! તારી ભાભી સાથે માથાકૂટ છે.'

'કેમ તેનું શું છે?'

'તેણે મને કહ્યું કે તે ત્રીસ દિવસ સુધી મારી સાથે અબોલા લેશે.'

'અરે, તે માટે તો તારે ખુશ થવું જોઈએ.'

'હા, પણ આજે છેલ્લો દિવસ છે!'

નશામાં ચકચૂર બે દોસ્તો અંધારી રાતે લથડિયાં ખાતા જતા હતા. એકે પોતા પાસે-ની ટૉર્ચ પેટાવી ઊંચે આકાશમાં ધરી અને અંધારામાં લાંબો શેરડો પડી રહ્યો.

બીજાને તેણે કહ્યું, 'ચાલ, લગાવ શરત. આ શેરડા પર ચડી જા તો દસ રૂપિયા તારા!'

'કબૂલ છે.' બીજાએ જવાબ આપ્યો.

'તો ચાલ, માંડ ચડવા.'

'હં... મને એમ બનાવી ન જા. હું અર્ધે પહોંચું એટલે તું બત્તી ઠારી નાખે!

(અંગ્રેજીને આધારે) —મૂળશંકર ભટ્ટ

સાહિત્યસંપર્ક

ઉર્દૂનાં પત્રો અને પુસ્તકો

ઉર્દૂ એ ભારતની લોકબોલી છે. મુઘલ કાળમાં તેના ઉપર ફારસી-અરબીની ઘેરી છાયા પડી તે પહેલાં હિંદની લગભગ બધી ભાષાઓના શબ્દો તેમાં સમરસ બની ગયા હતા. મુઘલ કાળમાં તે 'હિન્દવી', 'રેખ્તા' વગેરે નામથી ઓળખાતી. ત્યારે તે દરબારીઓ ને ઉપલા વર્ગની ભાષા બની. બીજી બાજુ કબીર, તુલસી, સૂરદાસ, દાદૂ વગેરે ભક્ત કવિઓએ તેનો આમ પ્રજામાં પ્રચાર કર્યો અને પંજાબ, સિંધ ને ઉત્તર ભારત ઉપરાંત ગુજરાત તથા દખ્ખણ પણ તેની અસર તળે આવ્યાં. યુરોપીઅનોના આગમન પહેલાં તો તે આ દેશની એક મુખ્ય ભાષા બની ગઈ. એને કોઈ એક નિશ્ચિત લિપિ ન રહી. સંસ્કૃત જાણનારા દેવનાગરીમાં લખતા ને ફારસી-અરબી જાણનારા ફારસીમાં. યુરોપીઅનો વળી તેને રોમનલિપિમાં લખતા થયા. પણ ૧૮મી સદીમાં મોટા ભાગે તેનું ફારસી લિપિનું સ્વરૂપ નિશ્ચિત થયું.

ભારતમાં જ્યારે સામાજિક અને રાજકીય ચેતના જાગૃત થઈ ત્યારે ઉર્દૂ વિશાળ પાયા પર વિચારપ્રચારનું અગત્યનું સાધન બની અને રાજા રામમોહનરાય, સર સૈયદ અહમદ, લાલા લાજપતરાય, સર મહમદ ઈકબાલ આદિ અનેક રાજપુરુષો ને કવિઓએ તેના વિકાસમાં મોટો ફાળો આપ્યો. એમાં છેલ્લા નામાંકિત લેખક હતા વાર્તાકાર પ્રેમચંદજી.

ધાર્મિક વિચારકો અને પ્રચારકોએ પણ ઉર્દૂનો લાભ ઉઠાવ્યો અને આજે ગીતા, રામાયણ, મહાભારત, કુરાન, બાઇબલ ને જપજી જેવા લગભગ બધા જ પ્રમાણભૂત ધર્મગ્રંથો ઉર્દૂમાં પ્રાપ્ય છે. નવલિકા ને નવલકથાક્ષેત્રે ઉર્દૂનું સાહિત્ય, બીજી કોઇ પણ ભાષાના સાહિત્ય સાથે બરાબરી કરી શકે એવું છે.

દેશવ્યાપી પ્રચાર માટે પત્રકારત્વમાં પણ ઉર્દૂ જ સૌથી સરળ સાધન બની. આમ તો સમાચાર-સંગ્રહ અને વિતરણની વ્યવસ્થા આપણે ત્યાં છેક મનુસ્મૃતિ જેટલી જૂની છે. અશોકે પણ પોતાની વિશિષ્ટ સમાચારસંગ્રહ-વ્યવસ્થા, ઠેરઠેર ગુપ્તચરો નીમીને નિર્માણ કરી હતી. મુઘલ બાદશાહોને તો આ બાબત એટલી અગત્યની લાગી હતી કે તેમણે દરેક જિલ્લામાં 'અખબારો'ની નિમણૂક કરી હતી અને જાણ્યેઅજાણ્યે પોતાની ફરજ પ્રમાણિકપણે ન બજાવનારને બરતરફીથી માંડી

શબ્દકથા : દિવાળી

દિવાળી સાથે દેશભેદે ને કાળભેદે રિવાજો, દંતકથાઓ ને માન્યતાઓ તો અનેક જોડાએલી છે પણ તેમાં એક દીવા જેવી આગળ તરી આવતી વસ્તુ એ છે કે દિવાળી એટલે દીવાઓનું પરબ. સંસ્કૃતમાં 'દીપાલિકા' કે 'દીપાવલી' છે, પ્રાકૃતમાં 'દીવાલિઆ'. તેરમી શતાબ્દીમાં રચાએલા 'સંદેશરાસક'માં 'દીપાવલી'નો ઉલ્લેખ કરતાં કહ્યું છે: "નવોદિત ચંદ્ર જેવા દીવડા હાથમાં લઇને તેમના વડે સુંદરીઓ દીપાવલીની રાત્રે ગૃહો શણગારે છે, અને એ દીવાની મષીનું અંજન શલાકા વડે નેત્રમાં આંજે છે."

બારમી શતાબ્દીના હેમચંદ્રાચાર્યે દિવાળી માટે વપરાતો એક દેશ્ય શબ્દ પણ નોંધ્યો છે: 'જક્ખરત્તી'. 'જક્ખરત્તી' એટલે 'યક્ષરાત્રી'. વાત્સ્યાયનના કામસૂત્રમાં પણ દિવાળીને યક્ષરાત્રી કહી છે. એ રાત્રીએ યક્ષો વિહરવા નીકળતા ને જુગાર રમવાનો ચાલ હતો. દિવાળી સાથે સંકળાએલી જુગાર રમવાની, અળશ (=અલક્ષ્મી) કાઢી લક્ષ્મીનાં પગલાં કરાવવાની, તેમજ લક્ષ્મીપૂજન કરવાની પ્રથાઓ પાછળ એવી પૌરાણિક માન્યતા પણ કામ કરતી હતી કે આ એક દિવસ પૂરતા વિષ્ણુ ભગવાન ઉદાર દાનવરાજ બલિને તેમના પાતાળના બંદીખાનામાંથી છૂટા કરે છે, એટલે એમનો કૃપાકટાક્ષ મળી જતાં સૌ લક્ષ્મીની છોળો વહેવાની આશા રાખે છે.

જૈનો દિવાળીને મહાવીરના નિર્વાણદિન તરીકે પણ ઊજવે છે. પવિત્ર કલ્પસૂત્રમાં આ અંગે સુંદર વચનો છે: "જે રાત્રે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા, તે રાત્રે રાજવંશી લિચ્છવિઓ અને મલ્લો કહેવા લાગ્યા: 'જ્ઞાનનો પ્રકાશ તો ચાલ્યો ગયો, તો ચાલો આપણે હવે સ્થૂળ દ્રવ્યથી પ્રકાશ કરીએ;' અને ત્યારથી એ અમાસે દીવા મૂકીને પ્રકાશ કરવાની પ્રથા પડી.

હરિવલ્લભ ભાયાણી

નીચે ડાબી બાજુથી (૧) જાણીતા હાસ્યરસ-લેખક અને પત્રકાર પંડિત રતનનાથ સરશાર (ઈ. ૧૮૪૭ થી ૧૯૦૨) લખનૌના 'અવધ અખબાર'ના તંત્રી હતા, જેમાં એમની મશહૂર કૃતિ 'ફસાના-એ-આઝાદ' ચાલુ લેખમાળા રૂપે આવતી. (૨) ગુજરાંવાલામાંથી 'પૈસા અખબાર' નામનું અઠવાડિક પ્રકટ કરનાર મૌલવી મેહબૂબ આલમ (ઈ. ૧૮૬૩ થી ૧૯૩૩). પાછળથી એમણે એને લાહોર લઈ જઈ દૈનિક બનાવ્યું. આ ઉપરાંત બાળકો માટે 'બચ્ચોં કા અખબાર' અને સ્ત્રીઓ માટે 'શરીફ બીબી' નામનાં સામયિકો પણ એમણે કાઢેલાં; (૩) ઉર્દૂ ભાષામાં નવલકથાઓ અને નવલિકાઓ વડે લોકપ્રિય થનાર લેખક મુનશી પ્રેમચંદજી યુવાન વયે.









جام جہاں نما



LUCKNOW

اوده اخبار

2nd February, 1875.

ભારતમાં નવજાગૃતિના પુરોધા રાજા રામમોહનરાયે ઈ.સ. ૧૮૨૨માં ફારસી ભાષામાં સૌપ્રથમ દેશી વર્તમાનપત્ર કાઢ્યું. તેનો પ્રતિકાર કરવા કંપની સરકારે તરત જ મુનશી સદાસુખ પાસે ઉર્દૂમાં 'જામ-એ-જહાંનુમા' નામનું ચાર પાનાનું અઠવાડિક પત્ર કઢાવ્યું, જેમાં સમાચારો ઉપરાંત અંગ્રેજી તથા ફારસી લેખોના અનુવાદો આવતા. ઉર્દૂ ભાષાનું આ યુગનું એ પ્રથમ વર્તમાનપત્ર. (ઉપર ડાબી બાજુ) દિલ્હીના પ્રદર્શનમાં તેની ઈ. ૧૯૨૪-૨૫ની સાલના અંકો મૂકયા છે. જમણી બાજુઃ લખનૌમાંથી પં. રતનનાથ સરશરના તંત્રીપદે નીકળતા ઉર્દૂ પત્ર 'અવધ અખબાર'ના ઈ. ૧૮૭૫ના ફેબ્રુઆરીની બીજી તારીખના અંકનું પહેલું પાનું.

ફાંસી સુધીની સજા થતી! અવધના નવાબોના શાસનકાળમાં તો 'મહલ-અખબાર' (પૅલેસ-જર્નલ) કાઢવામાં આવતાં. એના ઘણા અંકો લંડનની રૉયલ એશિયાટિક સોસાએટીમાં છે.

આ પરંપરામાં આધુનિક ભારતીય પત્રકારત્વના પિતા તરીકે તો સંસ્કૃત, ફારસી અને અરબીના પ્રખર વિદ્વાન રાજા રામમોહનરાયને જ લેખી શકાય. એમણે કલકત્તામાંથી ઈ. ૧૮૨૨માં 'મીરાત ઉલ-અખબાર' નામનું ફારસી પત્ર શરૂ કર્યું હતું. એમની રાષ્ટ્રવાદી વિચારસરણીનો જાણે પ્રતિકાર કરવા જ ન કાઢવામાં આવ્યું હોય તેમ કંપની સરકારની પ્રેરણાથી મુન્શી સદાસુખે 'જામ-એ-જહાંનુમા' નામનું પ્રથમ ઉર્દૂ અખબાર એ જ વર્ષે કાઢ્યું. ઉર્દૂ ભાષાનું એ પ્રથમ અખબાર હતું. ત્યારથી વધીને આજે ઉર્દૂ અખબારોની સંખ્યા ૭૨૩ ઉપર પહોંચી છે અને દેશી ભાષાનાં અખબારોમાં તેનું સ્થાન બીજું છે.

આ ઑક્ટોબરની ૧૯મીએ નવી દિલ્હીમાં વડાપ્રધાન નેહરુને હાથે ઉર્દૂ અખબારો અને પુસ્તકોનું પ્રદર્શન ખુલ્લું મુકાયું તેમાં જૂનામાં જૂનાં પત્રોની નકલો ઉપરાંત ઉર્દૂના ખ્યાતનામ પત્રકારો તથા લેખકોની છબિઓ પણ મૂકવામાં આવી હતી. ('સંદેશ')

નવજીવન પ્રકાશનમંદિરનાં પ્રકાશનો

બિહાર પછી દિલ્હી: ગાંધીજીના અંતેવાસીને હાથે લખાએલાં, પ્રમાણભૂત હકીકતોથી ભરચક, ને વિવિધ વિષયોને આવરી લેતાં સંવેદનશીલ સંસ્મરણો માટે સાહિત્ય-ક્ષેત્રમાં પણ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરનાર 'મહાદેવભાઈની ડાયરી' પછી, પ્રસંગોની એટલી જ પ્રમાણભૂતતા અને વિગતોની ચોકસાઈ માટે બીજું સ્થાન ધરાવતી મનુબહેન ગાંધીની ડાયરીઓનાં સંપાદન–પ્રકાશન ઐતિહાસિક દષ્ટિએ પણ દસ્તાવેજી મૂલ્ય ધરાવે છે. ગાંધીજીની બિહારયાત્રાનાં એવાં સંસ્મરણોના પ્રકાશન પછીનું આ પુસ્તક, તેનું નામ દર્શાવે છે તેમ, દિલ્હીમાં ગાંધીજીએ ગાળેલા સમયનું તાદશ આલેખન કરે છે. ખીચોખીચ ભરેલાં ૪૫૪ પાનાં: છતાં કિંમત રૂ. ૪-૦૦.

રખડવાનો આનંદ: માધુર્ય અને પ્રસાદ: સાહિત્યના એ બંને ગુણ ઉચ્ચ માત્રામાં ધરાવતાં કાકાસાહેબ કાલેલકરનાં પ્રવાસવર્ણનો ગુજરાતી સાહિત્યની મોંઘી મીરાસ છે. એટલે જ તો 'હિમાલયનો પ્રવાસ', 'ઓતરાતી દીવાલો', 'બ્રહ્મદેશનો પ્રવાસ', 'લોકમાતા' અને એનું જ મોટું રૂપ 'જીવનલીલા' એ સંગ્રહો પછી દેશદર્શન કરાવતા ૩૩ લેખોના એમના આ સંગ્રહની બીજી આવૃત્તિ થઈ છે. પ્રા. નગીનદાસ પારેખે અભ્યાસની દષ્ટિએ ઉમેરેલાં માહિતી અને રસથી ભરપૂર ટિપ્પણો સાથે. મોટા કદનાં ૩૬૦ પાનાં; કિંમત રૂ. ૪.

રવિચ્છવિનું ઉપસ્થાન અને તર્પણ: રવીન્દ્રનાથ ગુજરાત માટે માનીતા અને આત્મીય મહાપુરુષ બની ગયા છે. ઈ. ૧૯૨૦માં કવિવર ગુજરાતમાં આવ્યા ત્યારથી માંડીને આજ સુધીમાં રવીન્દ્રનાથનાં જે વિવિધ પુસ્તકો વાચીને પોતાના મનમાં ધન્યતાના જે ઉદ્‌ગાર ઊઠયા તે કાકાસાહેબ કાલેલકરે અવારનવાર લેખબદ્ધ કર્યા છે. રવીન્દ્રજન્મની આ શતસંવત્સરી પ્રસંગે એ લેખોનો પ્રકટેલો આ સંગ્રહ અભ્યસનીય ને ઉપયોગી છે. રૂ. ૨.

બાપુના પ્રેરક પ્રસંગો: ઊછરતી પેઢીના ચારિત્ર્ય-ઘડતર માટે મહાપુરુષોનાં જીવનના ઉત્તમ અને પ્રેરક પ્રસંગોનાં ચયન કરવા માટે જાણીતા શ્રી મુકુલભાઇ કલાર્થીએ ગાંધીજીના જીવનના એવા ચૂંટી કાઢેલા પ્રસંગોનો સંગ્રહ કિ. ૪૦ ન.પૈસા. **જીવનશિક્ષણ:** એ પણ એ જ લેખકે વિવિધ વિભૂતિઓના જીવન-પ્રસંગોમાંથી ચૂંટેલા પ્રબોધક પ્રસંગોનો આસ્વાદ્ય સંગ્રહ છે. કિ. ૪૦ ન.પૈ.

ભારતનાં નવાં રાજયોની રચના અને તેના વિવિધ પ્રશ્નો વિષે સરળ ભાષામાં સમજ આપતી શ્રી આર. કે. પ્રભુની પોથી: ૩૫ ન.પૈ.

ગામડાંની પુનર્રચના: વિષે ગાંધીજીના 'હરિજનબંધુ' અને 'યંગ ઇંડિયા'માંના લેખોનો શ્રી ભારતન કુમારપ્પાએ કરેલો સંગ્રહ રૂ. ૧-૨૫. એમણે જ સંપાદિત કરેલા **અસ્પૃશ્યતા**વિષયક ગાંધીજીના ક્રાંતિકારી વિચારો વ્યક્ત કરતા લેખો તથા **હરિજન સેવકો માટે** ઉપયોગી સૂચનો આપતા લેખોની બે નાની પુસ્તિકાઓ: દરેકના ૨૫ નયા પૈસા.

ખ્રિસ્તીધર્મને પડકાર: સદ્‌ગત એસ. કે. જ્યૉર્જના એ નામક પુસ્તકના ૧૯૪૭માં પ્રકટ થએલા સ્વ. ચન્દ્રશંકર શુક્લના અનુવાદનું પુનર્મુદ્રણ. રૂ. ૧-૨૫.

કૉંગ્રેસનું ભાવિ અને દારૂબંધી કોઈ પણ ભોગે એ વિષે ગાંધીજીએ 'નવજીવન', 'યંગઇંડિયા' તથા 'હરિજનબંધુ'માં લખેલા લેખો તારવીને શ્રી આર. કે. પ્રભુએ કરેલા બે સંકલનો કિંમત અનુક્રમે ૩૫ ને ૨૫ નયા પૈસા. એ જ રીતે **હડતાળો** વિષે ગાંધીજીના લેખોનું શ્રી રવીન્દ્ર કેળકરે કરેલું ચયન: ૩૦ ન.પૈ.

શૈશવની સમસ્યા: જાણીતા બાળ-શિક્ષક અને માનસશાસ્ત્રી શ્રી હરપ્રસાદ ભટ્ટે દૈનિક 'સંદેશ'માં લખેલા, બાળમાનસની છણાવટ કરતા ઉપયોગી લેખોના આ સંગ્રહમાં માતાપિતા અને બાળકોની વચ્ચેના રોજ-બરોજની મૂંઝવણોના પ્રસંગોનું રસમય નિરૂપણ છે. **આપણો રેંટિયો** સાબરમતી આશ્રમમાં વર્ષોથી વસેલા, ખાદીકામના અનુભવી શ્રી પુરાતન બુચે લખેલી ઉપયોગી હાથપોથી-૭૫ ન. પૈસા; શ્રી સોમાભાઈ ભાવસારે બાળ-સહજ શૈલીમાં કહેલી **સ્વરાજકથા** કિ. ૫૦ નયા પૈસા. ત્રણેના પ્રકાશક: બાળગોવિંદ કુબેરદાસની કંપની, ગાંધીરોડ અમદાવાદ.

પ્રકીર્ણ પ્રકાશનો

આપણું વિશ્વ: ખગોળ જેવા વિજ્ઞાનના ગંભીર વિષયના મનોરંજક છતાં સામાન્ય જ્ઞાન માટે આવશ્યક એવી સઘળી માહિતીઓથી સભર આ પુસ્તકમાં સૌરજગત, આકાશગંગા, નિહારિકાઓ ને તારકોનો પરિચય તો છે જ; ઉપરાંત, તેમાંના અનેક નકશા, આલેખો, ફોટોગ્રાફો, ખગોળની પરિભાષા ને ૨૫ જેટલા અતિ ઉપયોગી પરિશિષ્ટોથી આ પુસ્તકનું મૂલ્ય ઘણું વધે છે. લેખક: છોટુભાઈ સુથાર. પ્રકાશક: પ્રાચ્ય વિદ્યામંદિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા. કિંમત રૂા. ૬-૮૦.

સંક્ષિપ્ત આયુર્વેદીય પદાર્થ-વિજ્ઞાન શુદ્ધ આયુર્વેદના કે મિશ્ર અભ્યાસક્રમના છાત્રોને બહુ ખપનું આ પ્રકાશન, એની કોટિનું કદાચ એકમાત્ર ગુજરાતી પુસ્તક છે એટલા માટે જ નહિ, પણ તેમાંના લખાણના મૂલ્યાંકનની દૃષ્ટિએ પણ ઉપયોગી છે. લેખકો: લાભશંકર ઠાકર ને ગોવિંદ કવિ. પ્રકાશક: આયુર્વેદ સ્વાધ્યાયકુંજ, અમદાવાદ-૨. પ્રાપ્તિ-સ્થાન: લાભશંકર ઠાકર, વૈદ્યનિવાસ, સ્ટેશન પાસે, અમદાવાદ-૮. કિંમત રૂા. ૨-૦૦.

નલ-દવદંતી રાસ કવિ સમયસુંદર કૃત આ રાસની મૂળ હસ્તપ્રતો પરથી 'કુમાર'ના પરિચિત પ્રો. રમણલાલ ચી. શાહે સંશોધિત કરેલા રાસ સાથે કવિનો પરિચય, અન્ય પ્રતોનાં પાઠાંતરો, રાસની સમાલોચના ને વિસ્તૃત ટિપ્પણ સાથેનું અભ્યસનીય સંપાદન; પ્રકાશક: ભારત પ્રકાશન, તિલક માર્ગ, અમદાવાદ. કિ. રૂા. ૫-૦૦.

પ્રાચીન ફાગુસંગ્રહ: વિક્રમના ચૌદમાથી અઢારમા સૈકા સુધી રચાએલા આડત્રીસ ફાગુ કાવ્યોના સમુચ્ચય કૃતિ પરિચય અને પ્રતિપરિચય, ફાગુવિષયક અભ્યાસલેખ તથા શબ્દકોષ સહિતનું આ મહત્ત્વનું સંપાદન પ્રાચીન સાહિત્યના જ નહિ પણ અન્ય અભ્યાસીઓને પણ રસ પડે એવું છે. સંપાદકો: ભોગીલાલ સાંડેસરા અને સોમાભાઈ પારેખ. કિ. ૫-૦૦. **પ્રવેશકો** ગુચ્છ બીજો: સ્વ. સાક્ષરવર્ય પ્રો. અનંતરાય રાવળે લખેલા, લલિતેતર વાઙ્મયની કૃતિઓના સાત પ્રવેશકોનો સંગ્રહ કિ. ૨-૪૦. બંનેના પ્રકાશક: મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા.

આ માસ (નવેમ્બર) ઇતિહાસમાં: વ્યક્તિવિશેષ - દિનવિશેષ - પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: રૉબર્ટ લૂઇ સ્ટીવન્સન



કુમાર યોગ્ય વાચનની જગવિખ્યાત નવલકથા 'ખજાનાનો ટાપુ' (ટ્રેઝર આઇલૅન્ડ)નો આ લેખક ઈ. ૧૮૫૦-ની ૧૩મી નવેમ્બરે સ્કૉટલૅન્ડમાં એડિનબરગ મુકામે જ્યારે જન્મ્યા ત્યારે તે એટલો બધો તો નબળો હતો કે એના જીવવાની પણ આશા નહોતી. રૉબર્ટ લૂઈ બેલફોર સ્ટીવન્સન એ એનું આખું નામ. પિતા ટૉમસ સ્ટીવન્સન ત્રણ પેઢીનો દીવાદાંડીની ઈજનેરીનો વ્યવસાય સાચવતા, પણ આ એકનો એક પુત્ર અતિ નાજુક તબિયતનો હોઈ તેને ઈજનેરી ન શીખવતા વકીલ બનાવ્યો. પરંતુ રૉબર્ટને તો લેખનનો નાદ હતો.

નાજુક તબિયતને કારણે તેને સ્થળાંતરો કરવાં પડતાં. આ અનુભવોમાંથી તેણે 'ઍન આઇલૅન્ડ વૉયેજ' અને 'ટ્રાવેલ્સ વિથ એ ડૉન્કી ઈન ધ સિવીનીઝ' લખ્યાં. 'ધી ઍકેડેમી' અને 'વૅનિટી ફેર' સામાયિકોમાં એ લખતો અને 'લંડન' નામના એક અઠવાડિકમાં એ 'ધ ન્યૂ અરેબિયન નાઈટ્સ' નામે સુંદર પરીકથાઓ પણ આપતો. ૧૮૮૦માં એક અમેરિકન વિધવા મિસિસ ફૅની ઑસબોર્ન સાથે પરણ્યો ત્યારે સૅમ્યુઅલ લૉઇડ ઑસબૉર્ન નામે એક સાવકો પુત્ર પણ એને સાપડ્યો.

ઉત્તરોત્તર એનાં પ્રકાશનો થતાં હતાં. 'ગ્રાઉન જેનેટ', 'ધ મેરી મેન' અને એ પછી ૧૮૮૨માં આવ્યું 'ટ્રેઝર આઇલૅન્ડ'. આ કથાએ એને ઘણી ખ્યાતિ અપાવી. બીજે જ વર્ષે એણે 'ધી ટ્રેઝર ઑફ ફ્રૅન્ચાર્ડ' અને બીજી ખ્યાતનામ કથા 'ધ બ્લૅક ઍરો' પ્રકટ કર્યાં. ૧૮૮૪-'૮૬ દરમ્યાન એણે કુમારભોગ્ય કાવ્યો 'એ ચાઈલ્ડ્સ ગાર્ડન ઑવ વર્સિઝ'નું સંપાદન કર્યું અને ડબ્લ્યુ. ઈ. હેનલેના સહકારમાં 'બ્લ્યુ ઑસ્ટિન,' 'ઍડમિરલ ગીની' ને 'રૉબર્ટ મૅકેર' નામે નાટકો લખ્યાં. તે પછી પોતાની પત્ની સાથે એણે 'ધી ન્યૂ અરેબિયન નાઈટ્સ ઍન્ડ વૅરીઅસ શોર્ટ સ્ટોરિઝ'ની કથાઓ લખી. અને તે પછીના 'ડૉ. જૅકિલ ઍન્ડ મિ. હાઇડ'ના પુસ્તકે તો એને જગવિખ્યાત બનાવી દીધો. આ જ વર્ષે-૧૮૮૬માં એણે એની ત્રીજી વિખ્યાત કુમારકથા 'કિડનૅપ્ડ' લખી.

ઈ. ૧૮૮૭માં પિતાનું અવસાન થતાં તે કુટુંબને લઇને અમેરિકા ચાલ્યો ગયો. ત્યાં તેણે 'સ્ક્રિબ્નર્સ મૅગેઝીન'માં નિબંધો લખવા માંડ્યા જે પાછળથી 'પલ્વિસ એટ અમ્બ્રા' નામે પ્રકટ થયા. પુત્ર લૉઇડ સાથે એણે 'ધ રૉંગ બૉક્સ' નામે એક ફારસ પણ લખ્યું ને 'ધ માસ્ટર ઑવ બૅલૅન્ટ્રે'ની પણ શરૂઆત કરી દીધી. દરમ્યાન ૧૮૮૯ની નાતાલમાં સામોઆ ટાપુઓમાં આપિયા ટાપુ પર એક જાગીર ખરીદી સ્થાયી થયો. અહીં એણે 'ફૂટનોટ ટુ હિસ્ટ્રી', 'કેટ્રિઓના' અને પોતાના સાવકા પુત્ર સાથે 'ધ એબ-ટાઇડ' લખ્યું. આ પછી ૧૮૯૩માં 'વેઈર ઑવ હર્મિસ્ટન' લખવા માંડેલું પણ દરમ્યાન ડિસેમ્બરની ચોથી તારીખે પોતાની પત્ની સાથે વાતો કરતાં કરતાં જ એ ચિંતો બેહોશ બની જઈ તે મૃત્યુ પામ્યો અને એ કથા અધૂરી રહી છતાં એની બધી જ કૃતિઓમાં એ સર્વોત્તમ ગણાય છે.

આ બધું લખવા માટે એનું શરીર તદ્દન નબળું હતું. સાહસોથી ચારિત્ર્યનું સુંદરતમ ઘડતર થાય છે એમ એ માનતો. કોઇ પણ સ્થળ એને મન કોઇ પણ પ્રસંગને માટે તૈયાર થઇ રહેલા સજીવ પાત્ર જેવું લાગતું. જહેમત કરી કરીને તેણે પોતાની ભાષા અને શૈલી ઘડી હતી. 'કિડનૅપ્ડ' અને 'વેઇર ઑવ હર્મિસ્ટન'માં એણે સ્કૉટલૅન્ડનું જે વર્ણન કર્યું છે એટલું સુંદર દર્શન કોઇકે જ કર્યું હશે. કથાના વિકાસ સાથે તેનાં પાત્રોની ઓળખ પણ વાચકને આપમેળે જ મળતી જાય છે. 'ધ માસ્ટર ઑવ બૅલૅન્ટ્રે', 'કિડનૅપ્ડ' અને 'કેટ્રિઓના'માં એની કલમની એ તાકાત જોવા મળે છે. દશ્યની જમાવટનો તો એ ઉસ્તાદ હતો. 'ડૉ. જૅકિલ', 'માર્કહામ' અને 'થ્રાઉન જેનેટ' એનાં ઉદાહરણો છે.

દિનવિશેષ

તા. ૧ ૧૪૦ વર્ષ પછી અહીં જામેલી ફ્રેંચ વસાહતો આઝાદ થઈ ભારત સાથે ભળી ગઈ, ૧૯૫૪.
તા. ૫ બ્રિટિશ પાર્લામેન્ટને ઉપલાવી પાડવાના 'ગન પાઉડર પ્લૉટ'ના કાવતરાનો દિવસ, ૧૬૦૫.
તા. ૬ 'ગુણવંતી ગુજરાત'ના ગાયક કવિ અરદેશર ખબરદારનો દમણ મુકામે જન્મ થયો, ૧૮૮૧.
તા. ૭ ઇંગ્લંડના સૌપ્રથમ સમાચાર પત્ર 'લંડન ગૅઝેટ'નું પ્રકાશન (૪૦૦ વર્ષ પર) શરૂ થયું, ૧૬૬૫.
તા. ૯ સૌરાષ્ટ્રના બાબી રાજ્ય જૂનાગઢનો, આરઝી હકૂમત તળે હિંદી લશ્કરે કબજો લીધો, ૧૯૪૭.
તા. ૧૧ જર્મનીએ મિત્રરાજ્યો સાથે સુલેહ કરતાં પ્રથમ વિશ્વવિગ્રહનો અંત આવ્યો, ૧૯૧૮.
તા. ૧૭ યુરોપ સાથેના વ્યવહારની સુએજની નહેરમાંથી સૌપ્રથમ જહાજ પસાર થયું, ૧૮૬૯.
તા. ૨૪ ફ્રાંસની વિચારક્રાન્તિના જનક વૉલ્તેરનો પારી(સ) મુકામે જન્મ થયો, ૧૬૯૪.

પ્રસંગવિશેષ: મહમ્મદ બેગડાનું અવસાન, તા. ૨૩મી નવેમ્બર, ૧૫૧૧

ગુજરાતની સ્વતંત્ર સલ્તનત ઈ. ૧૪૦૧માં સ્થપાઈ અને એની ગાદી માટે પોતાના સગા પુત્રને ઝેર આપનાર ઝફરખાં (મુઝફ્ફરશાહ)ને પાછું તેનો જ પૌત્ર અલપખાં ઝેર આપી અહમદશાહને નામે સુલતાન બન્યો. ઈ. ૧૪૧૧માં આજના અમદાવાદ-અહમદાબાદની સ્થાપના એણે જ કરી. પણ ગુજરાતની સલ્તનત ખરી તો તેના પૌત્ર મહમ્મદ બેગડાના વખતમાં ખીલી. તેર જ વર્ષની વયે ગાદી પર આવ્યા પછી બાવન વર્ષના સતત રાજ્યકાળ દરમ્યાન ચાંપાનેર ને જૂનાગઢ જેવા દુર્ગમ કિલ્લાઓ સર કરવા ઉપરાંત એણે ગુજરાતની સલ્તનત છેક મારવાડ-મેવાડથી કોંકણ સુધી ને માળવાથી સૌરાષ્ટ્રની પશ્ચિમ કઠાર સુધી વધારી દીધી. સ્થાપત્ય અને બાગબગીચાના શૉખીન આ સુલતાનના અમલમાં ગુજરાતમાં હિન્દુ-મુસ્લિમ શૈલીના ઐક્યવાળી આગવી સ્થાપત્યકળા વિકસી. આજે પણ જગમશહૂર ગણાતા એ વખતનાં ઘણાં સ્થાપત્યો ટકી રહ્યાં છે. હિન્દમાં ઘૂસતા જતા વલંદાઓને હાંકી કાઢવા એણે છેક તુર્કસ્તાન સુધી સહકાર સાધી ન યુરોપના રાજકારણમાં પણ પોતાની હાક બેસાડેલી. એના પરાક્રમો અને એની સિદ્ધિઓમાથી જે અનેક લોકોક્તિઓ પ્રસરી તેની અસર યુરોપના સાહિત્યમાં પણ દેખાય છે. છેક માથે બાંધવી પડે તેવી એની લાંબી મૂછો, પેટ ઢાંકે તેવી લાંબી દાઢી, અને ટંકેટંકે અધમણ જેટલા ખોરાકની તેની ભૂખ વગેરે સાથે એમ પણ મનાય છે કે રાજખટપટમાં એના પર ઝેરની માઠી અસર ન થાય તેટલા સારુ એને બચપણથી જ થોડું થોડું ઝેર ખવરાવવામાં આવતું ને એથી એના શરીર પર બેઠેલી માખી પણ મરી જતી એટલો એ ઝેરમય બની ગયો હતો. પોતાના કોઈ પણ પુરોગામી કે અનુગામી કરતા બધી જ રીતે ચડિયાતો આ સુલતાન ઈ. ૧૫૧૧ની ૨૩મી નવેમ્બરે અવસાન પામ્યો. તે પછી શક્તિહીન સુલતાનો તથા રાજખટપટોને કારણે આખરે ગુજરાત અકબરના મુઘલ સામ્રાજ્યમાં ભળી ગયું.

મન મોતી ઔર દૂધ કો તીનુ એક સ્વભાવ
ફાટે પાછે ના મિલે કોટિ જતન બનાવ.

સ્કૉટલૅન્ડના રાજા જેઇમ્સ બીજા સામે બળવાખોરોએ જ્યારે રાજાનું ખૂન કરવા તેના મહેલ પર હલ્લો કર્યો ત્યારે અગાઉથી મહેલનાં બધાં બારણાંનાં તાળાં ખોટાં કરી મૂકી તેના આડી-આગળા સુધ્ધાં કઢાવી નાખ્યા હતા. અંતે હુમલાખોરો જનાનખાના પાસે આવી પહોંચ્યા ત્યારે કૅથેરાઈન ડગલસ નામની એક વીર દાસીએ ત્યાંનાં છેલ્લાં બારણાં બંધ કરી તેમાં આગળાની જગ્યાએ પોતાનો હાથ ખોસી દીધો અને બીજી દાસીઓએ સમૂહશક્તિથી બારણાં બંધ રાખ્યાં. એ દરમ્યાન રાજા સટકી ગયો. આ પ્રતિકારમાં કૅથેરાઈનનું કાંડું ભાંગી ગયું પણ તેણે જેઈમ્સનો જીવ બચાવી લીધો.

અનેકાર્થી શબ્દ: **ખંડ**=ભાગ, કટકો; પ્રકરણ; ચોળી કે કાંચળી થાય તેટલું મોળિયાં સાથે વણેલું કાપડ; રેલો; ઘરનો એક ભાગ-ઓરડો; પૃથ્વીના પાંચ મોટા ભાગમાંનો એક; વિભાગવાળું; ટૂંકું કે નાનું; કાવ્યનો એક પ્રકાર-ખંડકાવ્ય; એક પ્રકારનો મણિ; એક જાતનો **નરમ** ગોળ; કબાટનું ખાનું; ગૂમડું કે ગાંઠ; વર્ષ; તરડ, ફાટ કે ચીરો; તલવાર-ખાંડું; તાલના પહેલા અંગમાં પાંચ માત્રા આવતી હોય તે તાલનો એક પ્રકાર; દિશા; દોષ; નવની સંખ્યા બતાવનાર સંજ્ઞા; માંડવાળ કરાવી તે; રત્નોનો એક દોષ; જે સંખ્યાનું વર્ગમૂળ બરાબર ન નીકળી શકે તેવી સંખ્યાનું વર્ગમૂળ જેમકે √૨; શેરડી; એક પ્રકારનું મીઠું-સંચળ; ગણોત કે ભાડું; સ્ત્રીકેસરને છેડે આવેલો ઝીણા દાણાવાળો ગોળ પોટો.

ગણિત ગમ્મત


૩૨×૩૨=૧૦૨૪
૩૩૨×૩૩૨=૧૧૦૨૨૪
૩૩૩૨×૩૩૩૨=૧૧૧૦૨૨૨૪

* * *


૬૪×૬૪=૪૦૯૬
૬૬૪×૬૬૪=૪૪૦૮૯૬
૬૬૬૪×૬૬૬૪=૪૪૪૦૮૮૯૬

અને એ પ્રમાણે આગળ. એનું કારણ મૂળ સંખ્યાના ગુણ્ય અને ગુણક દરેકમાં એ સંખ્યામાં જે આંક દશકસ્થાને હોય તે આંક જેટલી વાર મૂળ સંખ્યાની ડાબી બાજુએ લખાય, તેટલી વાર બે આંકડાની એક જોડી, એવી તેટલી જોડીઓ વધે. (મૂળજી જેઠુ જોશી)


ગરમ પાણીમાં થોડી ફટકડી અને સહેજ ચાકનો ભૂકો નાખી એથી કપડાં ધોતાં સાબુ ઓછો વપરાય છે ને ઉજાશ વધુ આવે છે.



કુદરતની અજબ સૂરત : જાવાના આ કરોળિયાની પાંદડાં જેવી કલગીથી અનેક જીવડાં ફસાય છે.



નાના ચાંદલાઓ વચ્ચેનો મોટો ચાંદલો અને મોટાઓ વચ્ચેનો નાનો ચાંદલો એકબીજાને મુકાબલે નાનામોટા લાગે છે તે તેમની આજુબાજુની આકૃતિઓથી ઉપજતા દૃષ્ટિભ્રમને લીધે; વસ્તુતઃ એ બંને સરખા જ છે.



૧૯૬૨ના એપ્રિલમાં અમેરિકામાં એક વિશ્વમેળો ભરાવાનો છે. માણસનો અવકાશ પરનો વિજય દર્શાવતી તેની મુદ્રામાં વિજ્ઞાનમાં યોજાએલી નર માટેની સંજ્ઞા (♂)નું સંયોજન છે. તીરના જેવી તેમાંની આકૃતિને ઘણા વેગ-આવેગની દ્યોતક ગણે છે; ઘણા તેને ગ્રીક યુદ્ધદેવતા 'માર્સ'નાં ઢાલ ને ભાલાનું સૂચન સમજે છે. એથી ઊલટી વિજ્ઞાનમાં યોજાએલી સ્ત્રી સંજ્ઞા ♀માં સૌંદર્ય-દેવી વીનસની આરસીનો આકાર કેટલાક સમજે છે અને કેટલાક તેમાં પુરુષ-સંજ્ઞાના 'આવેગ'થી ઊલટું 'સ્થૈર્ય'નું સૂચન જુએ છે.


મેંદામાંથી બનાવાતી લાહીમાં સહેજ સાકર નાખવાથી તે વધારે ચિકાશ પકડશે; પણ સાથે મોરથૂથુ નાખવાનું ભૂલવું નહિ; નહિતર ઉંદરોને મિજબાની થશે.



કલાકણિકા : સિક્કાઓ ને બાદશાહી મહોરો (સીલ)પરનું સુલેખન પણ એક કલાપ્રકારતરીકે વિકસ્યું છે. આ ઉપરની મહોર ગુજરાતના બાદશાહ મુહમ્મદ મુરાદ બક્ષની છે, ને તે ઈ. ૧૬૫૮-૯માં બાદશાહે ગાઝી તરીકે મારેલી છે.


કહેવતોના અર્થ: 'કાકો એ તો બાપનો ભાઇ...' નફ્ફટ માણસો માટે વપરાતી આ આખી કહેવત આમ છે:'કાકો એ તો બાપનો ભાઈ, કાકી એ તો પારકી જાઈ, તારે ને મારે શી સગાઈ?' પોતાના પિતરાઈ ભાઈ પાસે વારસાના વ્યાજબી અધિકારની માગણી કરવા જનારને મળેલા જવાબના રૂપની આ કહેવત ન્યાયયુક્ત હકદાવાનો ઇન્કાર કરનાર માણસોની ઉચાપતબુદ્ધિ તથા નાગાઇને સ્પષ્ટરીતે ઉઘાડી પાડે છે.

મૈત્રી એ સુખનો ગુણાકાર છે
અને દુ:ખનો ભાગાકાર.



શોભનમંડિત સૂડીઓ

રોજિંદા વપરાશના આ એક સાધારણ સાધનમાં પણ માણસે કેવી કલા ઉતારી છે તેના ઉપલા ત્રણ નમૂનાઓમાં મોર ને ઘોડાની તથા સ્ત્રી-પુરુષની શોભનાકૃતિઓનો ઉપયોગ કર્યો છે. એવી જ કલામય આ નીચેની નવ સૂડીઓ સિંહલ દ્વીપની છે.



OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

એક પત્ર

જન્મ બ્રહ્મદેશના એક નાનાગામડામાં. અભ્યાસ (ખાસ કરીને ગુજરાતી) નામનો જ. યુદ્ધના સમય દરમ્યાન સ્વદેશ આવવાનું થયું અને તે સમયે 'કુમાર'ની જૂની ફાઇલો હાથ આવી ગઈ. ખૂબ જ જાણ્યું; પણ સાથે એક લત પણ લાગી—કવિતાની. કવિતા લખવાની નહિ પણ વાંચવાની. અને તેનો આનંદ સમજતાં શીખવ્યો તે સમયમાં 'કુમાર'માં અપાતી કવિતાની સમજણની ટૂંકી નોંધોએ. ફોટોગ્રાફીનો ને પ્રવાસનો શૉખ ઘરથી જ હતો, ને 'કુમારે' તેમાં વધારો કરાવ્યો.

ટૂંકમાં, ઉચ્ચ પ્રકારનો આનંદ, જે કાંઇ થોડોઘણો સમજી અને માણી શકું છું તેનો યશ બધો જ 'કુમાર'ને છે. 'સૌંદર્યદૃષ્ટિ' (એસ્થેટિક વ્યૂ પૉઈન્ટ) કહી શકાય તેવું જે કાંઈ મેળવ્યું છે તે માટે 'કુમાર'નો આભાર જેટલો માનું તેટલો ઓછો છે.

પણ આવી દૃષ્ટિ અથવા શૉખના આનંદની સામે બીજું પાસું પણ છે. એક તો પરદેશમાં જન્મ અને ઉછેર, અને બીજું આવા 'વિચિત્ર' શૉખ; એટલે આ આનંદોમાં ભાગ પડાવી શકે, ચર્ચી શકે ને વધારો કરી શકે તેવો એકે મિત્ર નથી. અને જેમજેમ આ રસોમાં વધુ ડૂબતો જાઉં છું તેમતેમ આવા મિત્રોની ખોટ ખૂબ સાલે છે.

તમે મને આમાં કાંઈ મદદ ન કરી શકો? આમ તો તમે પત્રમિત્રોનો વિભાગ ચલાવો છો. વળી છેલ્લા એકાદ અંકમાં તમે કવિતાના પાના ઉપર નોંધ મૂકેલી યાદ છે કે 'કુમાર' માટે કવિતા લખનારા (કવિ)-ઓનું જેટલું પ્રમાણ છે તેટલા ગ્રાહકો હોય તો 'કુમાર' તરી જાય. તો આવા કાવ્યપ્રેમી મિત્રોનાં થોડાં સરનામાં મને ન મોકલો? અથવા પત્રમિત્ર વિભાગમાં મારું નામ છાપીને પણ મને મદદ કરી શકો. ગમે તેમ, મને એવા ભાઈઓ તથા બહેનોના સંપર્કમાં મૂકો કે જેમને કાવ્ય, ફોટોગ્રાફી તથા પ્રવાસનો 'ખરેખર' શૉખ હોય.

આવાં મિત્રોનું એકાદ 'કુમાર-મંડળ' ઊભું કરો તો?

(નીલકંઠના ખાંચા સામે ભગાતળાવ ભાવનગર) —નવનીત શાહ

આફ્રિકી પત્રમિત્રો

(1) Ramnik Parmar—22, P.B. No. 9181, Mombasa, Kenya, B. E. Africa, Travels, Photography, Swimming, Literature, Radio & T.V. Studies, General Knowledge; (2) Chhaganlal J. Tank—P. B. No. 10419, Nairobi, Kenya Colony, Stamps, Penfriends, Swimming, Reading; (3) Anil A. Mehta—P. B. No. 144, Beira, Portugese East Africa, Mozambique, Music, Cinema, Art, Sports, Literature; (4) Rameshchandra M. Shah—15, P. B. No. 1873, Mombasa, Kenya Colony, Stamps, Postcards; (5) Jayantilal B. Thakkar—20, C/o M/s D. J. & Co., Ltd., Po. Nagongera (Uganda), B. E. Africa, Stamps, Photography, Match Lables Collection; (6) Kantilal L. Devlia—20, P. B. 12090, Nairobi, Kenya, View-cards, Coins, Swimming, Singing, Drama; (7) Jagdish D. Bhatt—16, 57 End Street, Johannesburg, South Africa, Stamps, Coins, First-daycovers, View-cards, Music.



વિસામો

ચિત્રલેખા
અમૃતા
શેરગિલ

આ અંકના ‘કંકાવટી’ વિભાગમાં આપેલા એમના પરિચયમાં જણાવ્યા પ્રમાણે ગોરખપુરના ગર્ભશ્રીમંત જમીનદાર અને હંગેરિયન માતાની એ પુત્રીએ પારી(સ)માં કલાનો અભ્યાસ કરી ત્યાં સ્વતંત્ર કામ કરવા માંડ્યું. પણ ત્યાંના ધૂંધળા વાતાવરણને બદલે દૈદિપ્યમાન ને રંગભર્યા ભારત દેશમાં આવવા એની ઝંખના વધવા લાગી. અને અહીં આવીને એણે શું જોયું? એ લખે છે: ‘વેરાન પણ કોઈ અજબ રૂપાળા લાગતા હિંદના એ શિયાળાનું દર્શન હતું. પીળી ભૂખરી ધરતીના અફાટ પથરાટ; અહીંતહીં ચુપકીદીથી ઘૂમતાં શામળાં શરીર ને ઉદાસ ચહેરાનાં દૂબળાંપાતળાં સ્ત્રી·પુરુષોના પડછાયા જેવી આકૃતિઓ; ને તેના પર સદાયે ઝૂમતી રહેલી વિષાદની છાયા’...આપણને આ બધું પરિચિત તો છે, પણ એના પ્રત્યાઘાતની મનઃછાયા બહુ ઓછાએ ઉતારી છે. શેરગિલનાં ચિત્રો પાછળનું છાયાતત્ત્વ સમજવા માટે આ વાત ખયાલમાં રાખવા જેવી છે. એણે પોતાના મન પર પડેલી એ છાપ ઉતારવા ઝીણી વિગતો ઉડાવી દઈ, ઘાટરૂપ તદ્દન સાદાં કરી નાખી માત્ર પોતાના વિષયમાં રહેલા આકૃતિઓના ઓળા અને તેની રંગરચનાની લયને જ ઉતારી છે.



પરબડી (એચિંગ • યજ્ઞેશ્વર શુક્લ)